FRIDAY, 05 JULY, 2024 Vol. 22, No. 26 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



## જીતનો જશ્ન

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

### મુંબઈના મરીન ડ્રાઈવ પર વિજય પરેડ, ભારતીય ક્રિકેટરોનું ભવ્ય સ્વાગત કરવા 2.50 લાખ લોકો ઉમટ્યા

# વર્લ્ડ ચેમ્પિયન ટીમના ભવ્ય વધામણાં

મુંબઈ : ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં 29 જૂન 2024ની તારીખ હંમેશા માટે નોંધાઈ ગઈ છે. આ દિવસે ભારતીય ટીમે T20 વર્લ્ડકપ ચેમ્પિયન્સનું ટાઈટલ પોતાના નામ કર્યું હતું. જે બાદ ભારતીય ટીમ 4 જુલાઈએ મુંબઈ આવી પહોંચી હતી.

વાનખેડે સ્ટેડિયમમાં ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા ભાવુક થઈ ગયા હતા. તેમણે તેમના ચાહકોનો આભાર માની કહ્યું હતું કે, આ ક્ષણ મારા માટે અત્યંત ખાસ છે. આ બાદ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ સ્ટેડિયમમાં ડાન્સ કર્યો હતો. ક્રિકેટરોને આવકારવા માટે એરપોર્ટ પરથી જ ચાહકોની ભીડ જામી હતી. આજે મરીન ડ્રાઈવ સુધી વિજય પરેડ યોજાઈ હતી અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન લાખો લોકોએ ક્રિકેટરનો આવકાર્યા હતા. ઉમટેલી ભીડને જોઈને ક્રિકેટરો પણ રોમાંચિત થઈ ગયા હતા. તેઓએ વારંવાર ટ્રોફી બતાવી વર્લ્ડ ચેમ્પિયન બન્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ સાથે જ ખેલાડીઓએ પણ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. વિજય પરેડ દરમિયાન ઠેર ઠેર દેશભક્તિના નારા ગુંજતા રહ્યા હતા. મરીન ડ્રાઈવનો નજારો જાણે કીડીયારું ઊભરાયું હોય તેવો જણાયો હતો.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઔર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# માર્કહામમાં કેનેડાનો સૌથી મોટો એશિયન ફેસ્ટિવલ

## વિવિધ ભારતીય ભાષાઓના ગીતો સાથે રજૂ કરાયેલા નૃત્યો અને બોલિવૂડના ગીતોએ રંગત જમાવી








**માર્કહામ**

ગત ૨૯ જૂન ૨૦૨૪ના રોજ ભારતના કોન્સ્યૂલેટ જનરલ સિદ્ધાર્થ નાથના મુખ્ય મહેમાન પદે ટેસ્ટ ઓફ્ એશિયા (TOA) ખાતે કેનેડિયન હિન્દુ કલ્ચરલ સેન્ટર દ્વારા ઈન્ડિયા અવર ઉજવણી કરાઈ હતી. જેમાં ૧૦૦થી વધુ કલાકારોને અભિનંદન આપવા માટે અનેક મહાનુભાવો જોડાયા હતા. માર્કહામમાં યોજાયેલા આ સૌથી મોટા એશિયન સ્ટ્રીટ ફેસ્ટિવલનો ધ્યેય વિવિધ સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવાનો હતો. યૂછના વિવિધ સમુદાયોની જનમેદનીએ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાને દર્શાવતા અને કેનેડાના બહુસાંસ્કૃતિકવાદની ઉજવણી સાથે બોલિવૂડ નૃત્યોનો આનંદ માણ્યો હતો.

અંજલિ જૈન અને સ્નેહા શાહની આગેવાની હેઠળ ડરહામ પ્રદેશના લાઈક-માઈન્ડેડ ફ્રેન્ડ્સ ગ્રૂપના કલાકારોએ જોરદાર પર્ફોર્મન્સ આપ્યું હતુ.

જે બાદ રામ મંદિરના ઉદઘાટનની ઝાંખી કરાવતી કૃતિને સૌએ માણી હતી. બીજું પ્રદર્શન અરુણોદય ડાન્સ એકેડેમી એજેક્સ દ્વારા રજૂ થયું હતુ. જેનું નૃત્ય કોરિયોગ્રાફ્ નિવા પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું અને શશી અરવિન્થન દ્વારા નેતૃત્વ કરવામાં આવ્યું હતું. રેખા લાડવાના ઉત્સાહી ક્વીન્સ ગ્રુપ દ્વારા રજૂ થયેલા બોલિવૂડના કોકટેલ અને ગરબા પરફેર્મન્સથી દર્શકો રોમાંચિત થયા હતા. જસ્ટ ડાન્સ દિલ સે, માધવી નિકમની આગેવાની હેઠળના જૂથ પર્ફેર્મન્સે ભારતના સાચા રંગો પ્રદર્શિત કર્યા હતા. વિવિધ ભારતીય ભાષાઓના ગીતો સાથે રજૂ કરાયેલા નૃત્યો સાથે બોલિવૂડના ગીતોએ કાર્યક્રમમાં રંગત જમાવી હતી. સ્નેહા શાહની આગેવાની હેઠળના જશ્ન જૅમર્સ જૂથે કાલાતીત બોલિવૂડ ધૂન સાથે ભારતીય સિનેમા હોલની યાદગાર પળોને તાજી કરી હતી. જે બાદ આનાથી લીએનની આગેવાની હેઠળ ટોરોન્ટો દેસી ગ્રુવર્સ દ્વારા પણ જોરદાર કૃતિ રજૂ કરાઈ હતી. પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્વેતા શ્રીવાસ્તવ અને અંજલિ જૈને કાર્યક્રમ સંલગ્ન વાતો રજૂ કરી હતી. CHCCએ તેમના બોર્ડના સભ્યો પ્રશાંત શ્રીવાસ્તવ અને ચિંતન પટેલનો આ કાર્યક્રમને સમર્થન આપવા બદલ આભાર માન્યો હતો.



• 100's of transactions and counting
• proudly serving GTA for over 17 years
• Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116,
Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

• Pre- Construction
• Upgrading
• Downsizing
• First time home buyers
• Small businesses
• Investment Properties
• Leasing
• No obligation home evaluation
• Competitive listing commission

Call me for all your real estate needs

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Guaranteed Lowest Premium
Up to 45 % DISCOUNT with deductible
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

• NO MEDICAL TEST LIFE INSURANCE
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
(up to age) 85
• LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
• GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
• Corporate owned Life and Critical Insurance
• Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ
Leading Gujarati Newspaper


# ટોરોન્ટોના નાગરિકોને બેક્ટેરિયલ રોગથી બચાવવા રસીકરણની હાકલ કરતા તબીબો

## ચાલુ વર્ષમાં મેનિન્ગોકોકલ ડિસીઝના 14 કેસ નોંધાયા, બેના મોત નિપજ્યા

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં જાહેર આરોગ્ય એકમ અને ડોક્ટરો તથા લોકોને સંભવિત ઘાતક બેક્ટેરિયલ રોગ સામે લડવા માટે રસી મૂકાવવાની વિનંતી કરવામાં આવી છે. ટોરોન્ટો પબ્લિક હેલ્થ (TPH)એ આ વર્ષે અત્યાર સુધીમાં આક્રમક મેનિન્ગોકોકલ ડિસીઝ (IMD)ના 14 કેસો નોંધ્યા છે, જે દર વર્ષે છ કેસની અગાઉની સરેરાશ કરતાં બમણા કરતાં વધુ છે.

આ નોંધપાત્ર વધારો છે અને આપણે હજુ આખું વર્ષ પણ પૂરું કર્યું નથી. ટોરોન્ટોના આરોગ્યના સહયોગી તબીબી અધિકારી ડૉ. વિનીતા દુબેએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, W-135 નામના રોગની તાણ, જે સામાન્ય રીતે કેનેડામાં સામાન્ય નથી, તે પહેલાથી જ જીવલેણ સાબિત થઈ છે. એક બાળક અને એક પુખ્ત વયની વ્યક્તિ મૃત્યુ પામ્યા છે. આ ખૂબ જ દુઃખદ છે.

IMD એક દુર્લભ પરંતુ જીવલેણ બેક્ટેરિયલ ચેપ છે જે મગજ અને કરોડરજ્જુને સંક્રમિત કરે છે. મેનિન્જાઈટિસ અને લોહીના પ્રવાહનું કારણ બને છે, સેપ્ટિસેમિયાનું કારણ બને છે. હેલ્થ કેનેડાના જણાવ્યા અનુસાર કિશોરો અને શિશુઓને ચેપ લાગવાની સંભાવના છે અને IMD ધરાવતા તમામ દર્દીઓમાંથી 10 ટકા મૃત્યુ પામે છે. IMDનો ફેલાવો હેલ્થ એજન્સીઓ માટે અત્યારે ખાસ ચિંતાનો વિષય છે. કારણ કે, ઉનાળાની મુસાફરીની મોટાપાયે તૈયારીઓ અને ભીડ સર્જનારી ઘટનાઓ શરૂ થઈ રહી છે.

# ફલાઈટમાં વિલંબ બદલ એર કેનેડા વળતર ચુકવશે

## ફરિયાદ નોંધાવ્યાના ચાર વર્ષ બાદ ચુકાદો આવ્યો

**વાનકુંવર**

કેનેડિયન ટ્રાન્સપોર્ટેશન એજન્સી (CTA)માં ફરિયાદ નોંધાવ્યાના લગભગ ચાર વર્ષ પછી એન્ડ્રુ અને અન્ના ડાયકોવસ્કીને આખરે તેમની તરફેણમાં ઠરાવ મળ્યો હતો. નવેમ્બર 2023માં CTA અધિકારીએ નક્કી કર્યું હતુ કે, 2020માં વાનકુવરથી કોસ્ટા રિકા સુધીની તેમની ફ્લાઈટમાં 24-કલાકનો વિલંબ એર કેનેડાની ભૂલ હતી. એરલાઈનને ફેડરલ નિયમો અનુસાર દંપતીને $ 1,000 દરેક વળતર આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

કેલોવના, બી.સી.ની બહાર જ તેની પત્ની અન્ના સાથે રહેતા એન્ડ્રુ ડાયકોવસ્કીએ જણાવ્યું હતું કે, અમે એક પ્રકારે ખુશ હતા કે સિસ્ટમ કામ કરે છે. પરંતુ રોકડ મળવાને બદલે જાન્યુઆરીમાં દંપતીને કોર્ટના દસ્તાવેજો આપવામાં આવ્યા હતા. જે બાદ બહાર આવ્યું છે કે, એર કેનેડા CTA અધિકારીના નિર્ણયને પલટાવી દેવાના પ્રયાસમાં તેમને ફેડરલ કોર્ટમાં લઈ જવાઈ રહ્યા છે.

આ કેસમાં એજન્સીનું નામ નથી. કંસ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા દંપતીને અટવાઈ જવાની લાગણી થઈ, તેથી તેમણે વકીલનો સંપર્ક કર્યો હતો. અમે એક પ્રકારે નિષ્ક્રિય છીએ. ડાયકઝકોવસ્કીએ કહ્યું કે કાનૂની વિવાદ એર કેનેડા અને સીટીએ વચ્ચે હોવો જોઈએ, મુસાફરો વચ્ચે નહીં. અમને, નાના લોકોને એકલા છોડી દેવાઈ છે. અમે કોર્ટની આ કાર્યવાહીમાં અથવા કાનૂની દસ્તાવેજોના સેંકડો પાના વચ્ચે અટવાઈ જવા માંગતા નથી. કેનેડાના ટ્રાન્સપોર્ટ રેગ્યુલેટર CTAને એરલાઈન્સ અને ગ્રાહકો વચ્ચેના વિવાદોનું સમાધાન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. બંને પક્ષોને હંમેશા CTA નિર્ણયોને કાયદેસર રીતે પડકારવાનો અધિકાર છે પરંતુ તે ભાગ્યે જ બને છે.

# માર્કહામ સનાતન મંદિરના સિનિયર ક્લબ દ્વારા પીટરબોરો ખાતે પિકનિક

## સભ્યોએ અંતાક્ષરી રમી, ક્રુઝની સવારી બાદ રમુજી ટુચકા અને જોક્સનો આનંદ માણ્યો





માર્કહામ : માર્કહામ સનાતન મંદિર સિનિયર ક્લબ દ્વારા તારીખ 20 જૂન 2024ના રોજ પીટરબોરો ખાતે પિકનિક યોજવામાં આવી હતી. તારીખ 20.6. 2024ના રોજ સનાતન મંદિર, માર્કહામ ખાતે વહેલી સવારે સિનિયર ભાઈ બહેનો ભેગા થયા અને પીટરબોરો તરફ રવાના થયા હતા. રસ્તામાં બે ગ્રુપમાં સભ્યોએ અંતાક્ષરી રમીને મુસાફરીને રોમાંચક બનાવી હતી. 11 કલાકે લીલા વૃક્ષોથી આચ્છાદિત પાર્કમાં પહોંચ્યા બાદ કિચન કમિટીની બહેનોએ સ્વાદિષ્ટ રસોઈ બનાવી હતી. આ દરમિયાન હરિ ફૂડના નીરૂબેન સુરેશભાઈ તરફથી બુંદી પેકેટો, પોપટલાલ પારેખ તરફથી તીખા ગાંઠિયા, બિસ્કીટ અને કસ્તુરીબેન તરફથી ચૂરમાના લાડુ બ્રેકફાસ્ટમાં વહેંચવામાં આવ્યા હતા. ત્યારબાદ ક્લબ તરફથી લિફ્ટ લોક ક્રૂઝનુ આયોજન કરવામાં આવ્યું હતુ. ક્રુઝમાં બેસીને સૌએ એક અદભુત એન્જિનિયરિંગ કલાનો પરિચય કર્યો હતો. બે કલાકની અત્યંત રોમાંચિત સફર બાદ સૌ પિકનિક શેડમાં આવ્યા હતા. જયાં સિનિયર મેમ્બરોએ આનંદ પ્રમોદ અને રમુજી ટુચકા અને હાસ્ય પીરસતા જોક્સ વગેરે કહીને વાતાવરણ અત્યંત આનંદીત બનાવ્યું હતુ. જે બાદ બપોરના ભોજનમાં ગરમાગરમ ખીચડી શાક અને છાશ પીરસવામાં આવ્યા હતા. ક્લબના પ્રેસિડેન્ટ સવિતાબેન પટેલ, વાઈસ પ્રેસિડન્ટ જયુભાઈ ઠક્કર, મેમ્બર પંકજભાઈ ભટ્ટ તથા ભરતભાઈ ઠક્કરે પિકનિકને સફળ બનાવવા તનતોડ મહેનત કરી હતી. કિચન કમિટીના ચંદ્રિકા સ્થાનકિયાએ સ્વાદિષ્ટ ભોજન અને કુમુદબેન જોશી, રાજેશભાઈ, છોટુભાઈ જોશી, જયેન્દ્રભાઈ સ્થાનકિયા અને રાજેશભાઈ મહેતાએ ટેબલ વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.






તંત્રી સ્થાનેથી

# ટી-20 વર્લ્ડ કપ 2024 : રોમાંચક મુકાબલામાં ઈન્ડિયાનો કરિશ્મો



તંત્રી - સ્વદેશ

અંતે ભારતીય ક્રિકેટ ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને ફરી એકવાર ઈતિહાસ રચ્યો. છેલ્લાં 13 વર્ષથી ભારતની ટીમના અનેક પ્રયાસો છતાં તે આ ટ્રોફી જીતી શકી ન હતી. પરંતુ ગત અઠવાડિયે આ સપનું પુરુ થયું. વેસ્ટ ઈન્ડિઝના બાર્બાજોશમાં ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમ વચ્ચે ખેલાયેલા અંતિમ મુકાબલામાં વિરાટ કોહલી અને અક્ષર પટેલની ધુંઆધાર બેટિંગના કારણે ભારતે 176 રનનો વિરાટ સ્કોર ઊભો કર્યો હતો. આ સ્કોર કરતા ભારતીય ટીમે સાત વિકેટ ગુમાવી હતી. જે બાદ મેદાને ઉતરેલા દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓએ પણ જોરદાર બેટિંગ કરતાં મેચમાં રસાકસી જામી હતી. જો કે, બીજી જ ઓવરમાં બુમરાહે વિકેટ ખેરવી હતી. બુમરાહ બાદ અર્શદીપ સિંહે પણ વિકેટ લીધી. સાઉથ આફ્રિકાનો કેપ્ટન એડેન માર્કરમ માત્ર ચાર રન બનાવીને પવેલિયન ભેગો થયો. ફાઈનલ મેચમાં ધુંઆધાર બેટિંગ કરનાર અક્ષર પટેલે બોલિંગમાં પણ સારી શરૂઆત કરી. અક્ષરે નાંખેલા દડા પર ટ્રસ્ટન સ્ટબ્સ 31 રન બનાવીને બોલ્ડ થયો હતો. જોકે બાદમાં અક્ષર પટેલની જ ઓવરમાં ક્લાસેને તાબડતોબ રન ફટકાર્યા હતા. દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડિકોંકે ઈનિંગ સંભાળી હતી. ડિકોંકે ઘણી બાઉન્ડ્રી પણ ફટકારી, જેના કારણે મેચમાં રોમાંચ વધી ગયો. જો કે, અર્શદીપ સિંહને ડિકોંકની વિકેટ લેવામાં સફળતા મળતા ભારતનું પ્રેશર થોડું ઓછું થયું હતું. ક્વિન્ટન ડિકોંક 31 બોલમાં 39 રન બનાવીને આઉટ થયો હતો. ક્લાસેને અક્ષર પટેલની એક જ ઓવરમાં 24 રન ફટકારતાં આખી મેચ પલટી નાંખી હતી. જોકે બાદમાં હાર્દિક પંડ્યાને ક્લાસેનની વિકેટ લેવામાં સફળતા મળી હતી. ક્લાસેન 27 બોલમાં 52 રન બનાવીને આઉટ થયો હતો. પહેલાં ક્લાસેન અને પછી ડેવિડ મિલર જે રીતે રમતા હતા એ જોતાં લાગતું હતું કે, આ ઈતિહાસનું પુનરાવર્તન થશે પણ ગુજરાતી ખેલાડી હાર્દિક પંડ્યાએ આઉટસ્વિંગર બ્યુટીમાં ક્લાસેનને વિકેટ પાછળ ઝીલાવ્યો અને મેચ પલટાઈ ગઈ. ટીમ એફર્ટના કારણે જ ભારત વિજેતા બન્યું. ગુજરાતીઓ માટે ગર્વની વાત એ છે કે, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે આ જીતમાં સૌથી મોટું યોગદાન આપ્યું છે. ભારતના વિજયમાં વિરાટ કોહલીની બેટિંગનું પણ મોટું યોગદાન છે. રોહિત શર્માએ સુપર ૮માં ઓસ્ટ્રેલિયા સામે અને સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે જબરદસ્ત બેટિંગ કરી હતી. પણ વિરાટ ચાલતો જ નહોતો, તેથી ગાળો પણ પડતી હતી. વિરાટ આખી ટૂર્નામેન્ટમાં ભલે ના ચાલ્યો પણ ફાઈનલમાં ચાલ્યો અને ભારતની લથડી ગયેલી ઈનિંગ્સને સ્થિરતા આપીને સન્માનજનક સ્કોર ઉભો કરી આપ્યો.

ભારતે બાર્બાડોસ સ્ટેડિયમમાં ટોસ જીતીને પહેલી બેટિંગ કરવાનું પસંદ કર્યું પછી રોહિત શર્મા રાબેતા મુજબ બીજી જ ઓવરમાં રવાના થઈ ગયો હતો. રોહિત શર્માની પાછળ પાછળ ઋષભ પંત અને સૂર્યકુમારની વિકેટો પણ પાવરપ્લેમાં પડી જતાં ભારતે ૨૯ રનમાં ૩ વિકેટો ગુમાવી દીધી હતી. એ વખતે કોહલીએ ઈનિંગ્સને સ્થિરતા આપવા માટે ધીમા પડી જવાની વ્યૂહરચના અપનાવી. તેના કારણે રન રેટ ઘટ્યો પણ સામે વિકેટો પડતી પણ બંધ થઈ. તેમાં ભારત ટકી ગયું. કોહલીએ ૫૯ બોલ રમીને ૭૨ રન બનાવ્યા એ તેની ક્ષમતા પ્રમાણે ધીમા કહેવાય. પણ ભારતને જરૂર હતી એવી બેટિંગ કરી એ બદલ વિરાટને સલામ કરવી જોઈએ. કોહલી ૭૬ રન શાંતિથી રમીને બનાવી શક્યો, તેમાં શિવમ દુબે અને અક્ષર પટેલનું પણ જોરદાર યોગદાન છે. અક્ષર પટેલે ૪૭ રનની ક્લાસિક ઈનિંગ રમી હતી. ૩૪ રનમાં ૩ વિકેટો પડી ગઈ, ત્યારે આવેલા અક્ષર પટેલે ૩૧ બોલમાં ૪ સિક્સર અને ૧ બાઉન્ડ્રી સાથે ૪૭ રન બનાવીને રન રેટ ના ઘટવા દીધો અને કોહલીએ મોટા શોટ્સ મારવાની ફરજ પડે એવું દબાણ ઉભું કર્યું.

શિવમ દુબેએ ઝડપી ગતિએ ૧૬ બોલમાં ૨૭ રન બનાવ્યા. કોહલીની અક્ષર અને શિવમ સાથેની ભાગીદારીના કારણે જ સ્કોર ૧૭૬ સુધી પહોંચ્યો હતો. રીયલ થ્રીલર જેવી આ મેચમાં વિરાટ કોહલી અને શિવમ દુબે બેટિંગમાં ચાલ્યા તો બૂમરાહ, હાર્દિક પંડ્યા, અર્શદીપસિંહ બોલિંગમાં ચાલ્યા. અક્ષર પટેલ બેટિંગ અને બોલિંગ બંનેમાં ચાલી ગયો. સૂર્યકુમાર યાદવ બેટિંગમાં ભલે ના ચાલ્યો પણ ડેવિડ મિલરનો કેચ પકડીને એ નિષ્ફળતા ધોઈ નાંખી. કેમ કે મિલરના કેચે જ ભારતને જીતાડ્યું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. બાકી, આ મેચ દક્ષિણ આફ્રિકા આસાનીથી જીતી જાત.

પંતે પણ વિકેટકીપર તરીકે બોલરોને કઈ રીતે બોલિંગમાં ચેન્જ કરવા, તેની સ્ટ્રેટેજીમાં ભારે મદદ કરી અને રોહિતે કેપ્ટન તરીકે યોગદાન આપ્યું. ભારત ૨૦૧૧માં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં વર્લ્ડ કપ જીત્યું પછી એક પણ વર્લ્ડ કપ નહોતો જીત્યો. ત્રણવાર ફાઈનલમાં આવીને ભારતીય ટીમે પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ ૧૭૭ રનનો સ્કોર ચેઝ કરતી વખતે એક સમયે ૧૫ ઓવરમાં ૪ વિકેટે ૧૪૭ રન બનાવી લીધા ત્યારે આફ્રિકાની જીત નિશ્ચિત જણાતી હતી. ૧૬ ઓવર પછી આફ્રિકાનો સ્કોર ૪ વિકેટે ૧૫૧ રન હતા અને ૨૪ બોલમાં ૨૬ રન કરવાના હતા. તેથી ભારતના કેટલાક ક્રિકેટ રસીયાઓએ તો હારનો અંદેશો માંડી દીધો હતો. હેનરિક ક્લાસેન જે રીતે બોલને ઉઠાવી ઉઠાવીને બાઉન્ડ્રી બહાર મોકલતો હતો એ જોતાં ૧૮મી ઓવરમાં તો મેચ પુરી થઈ જશે, એવું લાગતું હતું. પણ ૧૭મી ઓવરના પહેલા બોલે હાર્દિકે ક્લાસેનને આઉટ કરીને મોટો ફટકો માર્યો. જો કે, ડેન્જરમેન ડેવિડ મિલર મેદાન પર હતો, તેથી બાજી હજુ આફ્રિકાની તરફેણમાં હતી. પણ હાર્દિક, બૂમરાહ અને અર્શદીપે એ પછી જે બોલિંગ કરી, તે કાબિલેદાદ રહી. હાર્દિકે ૧૭મી ઓવરમાં ૧ વિકેટ લઈને ૪ જ રન આપ્યા, બૂમરાહે ૧૮મી ઓવરમાં માત્ર બે રન આપીને જેનસનને આઉટ કર્યો અને સરદારજી અર્શદીપે કેશવ મહારાજ તથા મિલર બંનેને બાંધી રાખીને ૪ જ રન આપ્યા. તેમાં આફ્રિકાએ છેલ્લી ઓવરમાં ૧૬ રન કરવાના આવ્યા. મેચ એ વખતે પણ આફ્રિકાની પકડમાં હતી. કેમ કે મિલર સ્ટ્રાઈક પર હતો. પણ સૂર્યકુમાર યાદવે મિલરે ફટકારેલા દડાને બાઉન્ડ્રી પર જે રીતે કેચ તરીકે પકડ્યો તેનાથી ભારતના હાથમાં ચેમ્પિયન ટ્રોફી આવી ગઈ.

૧૯૮૩ની ફાઈનલમાં કપિલ દેવે વિવિયન રિચાર્ડ્સને આઉટ કરવા ૩૦ મીટર ઉંધા દોડીને પકડેલા કેચની યાદ અપાવે એવો કેચ યાદવે પકડ્યો. કેચ પકડવા માટે દોડતાં દોડતાં બાઉન્ડ્રીની બહાર નીકળી ગયેલા સૂર્યકુમારે બોલ પહેલાં જ છોડી દીધો અને પછી બાઉન્ડ્રી બહાર નીકળ્યો, એટલુ જ નહીં પછી તરત જ કૂદકો મારીને બાઉન્ડ્રીની અંદર આવીને તેણે બોલને પાછો પકડી લીધો. આને કેચીસ વિન્સ મેચીસ એવું કહેવાય છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા આ વિજય સાથે ટી ૨૦માંથી વિદાય થયા છે અને આ નિર્ણય બહુ સારો છે. રાહુલ દ્રવિડને પણ કોચ તરીકે યાદગાર ભેટ સાથે ટીમ ઈન્ડિયાએ વિદાય આપી છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 1B8
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



# ગોરવામાં પત્નીની હત્યા બાદ ફરાર પતિ ઝબ્બે નવા કાયદા મુજબનું ઈન્વેસ્ટિગેશન ચર્ચામાં રહ્યું

**વડોદરા**

ગોરવા પોલીસ સ્ટેશનમાં પત્નીની હત્યા કરવાના બનાવમાં પતિ સામે નવા કાયદા મુજબ નોંધાયેલા હત્યાના પહેલા ગુનામાં ઈન્વેસ્ટિગેશનની તજવીજ પોલીસ બેડામાં ચર્ચાના કેન્દ્રમાં રહી હતી.

ગોરવાના સોફિયા પાર્કમાં રહેતા મોઈન ખાન પઠાણે દહેજમાં લીધેલી બાઈકના હપ્તાની રકમ પિયરમાંથી લાવવા માટે પત્નીને ત્રાસ આપી માથામાં તવો મારતાં લોહીલુહાણ થયેલી પત્નીનું મોત થયું હતું. જેથી ગોરવાના પીઆઈ કિરિટ લાઠિયાએ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવા કાયદાનો અમલ થયા બાદ નવી કલમ મુજબ હત્યાનો પહેલો ગુનો નોંધાતા ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈએ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન મુજબ નવા કાયદા મુજબ ઈન્વેસ્ટિગેશન કર્યું હતું. જેમાં તેમણે સ્થળ પર જઈ પંચનામાની વીડિયોગ્રાફી કરી હતી અને સાક્ષીઓના નિવેદનોની પણ વીડિયોગ્રાફી કરી હતી.

અત્યાર સુધી આ પ્રક્રિયા અધિકારીના તાબા હેઠળના માણસો પણ કરતા હતા.તેની વીડિયોગ્રાફી કરવામાં આવતી ન હતી અને નિવેદનો પણ ગમે ત્યારે લઈ શકાતા હતા.પરંતુ હવે આ પ્રક્રિયા ઓનલાઈન થઈ ગઈ છે.જેથી તપાસ અધિકારીએ આ પ્રક્રિયા કર્યા બાદ ઓનલાઈન સબમિશન પણ કર્યું હતું. દહેજમાં લીધેલી બાઈકના હપ્તાની રકમ લઈ આવવા માટે પત્ની પર અત્યાચાર ગુજારી માથામાં તવો ફટકારીને હત્યા કરનાર પતિને ગોરવા પોલીસે ઝડપી પાડયો છે.

પ્રાથમિક વિગતો મુજબ,પત્ની પર જીવલેણ હુમલો કર્યા બાદ મોઈનખાન ભુરેખાન પઠાણ(સોફિયાપાર્ક,મધુનગર પાસે, ગોરવા) ફરાર થઈ જતાં ગોરવા પોલીસ તેને શોધી રહી હતી.

# દાંતા તાલુકામાં આભ ફાટયું, ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ વરસ્યો

**બનાસકાંઠા**

બનાસકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. બનાસકાંઠાના દાંતા તાલુકામાં આભ ફાટયું છે. અહીં ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ ખાબકતા જ્યાં જુઓ ત્યાં પાણી જ જોવા મળી રહ્યું છે. દાંતા તાલુકમાં ચારેતરફ પાણી પાણી થઈ ગયું છે. અનેક નદીઓ પુનર્જીવિત થઈ છે. પેથાપુરની અર્જુની નદી બે કાંઠે વહી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ધોધમાર વરસાદના પગલે મોટાભાગના ખેતરો પણ બેટમાં ફેરવાયા હતા. દાંતા તાલુકાના અંતરિયાળ પહાડી વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. દાંતામાં ભારે વરસાદ વરસતા ઠેર-ઠેર વિસ્તારોમાં પાણી ભરાયા હતા. દાંતા સિવિલમાં ઘૂંટણસમા પાણી ભરાતા અનેક દર્દીઓને હાલાકી ભોગવવામાં વારો આવ્યો હતો. દાંતાની સરકારી હોસ્પિટલમાં વરસાદી પાણી ઘૂસ્યા છે. હોસ્પિટલમાં વરસાદી પાણી આવતા સ્ટાફ દોડતો થયો હતો. હોસ્પિટલના અંદર આવેલા અલગ અલગ રૂમો સુધી પાણી આવતા ભારે તકલીફ સહન કરવાનો વારો આવ્યો છે.છેલ્લા ત્રણ દિવસથી બનાસકાંઠામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. દાતામાં ભારે વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

# હરણીબોટ કાંડમાં ફરીથી રિપોર્ટ રજૂ કરવા સરકારને હાઇકોર્ટનો આદેશ

## 24 જૂને HCએ સરકારનો રિપોર્ટ સ્વીકારવાનો ઇન્કાર કર્યો

**વડોદરા**

હરણીબોટ દુર્ઘટના મુદે હાઈકોર્ટમાં સુઓમોટો થયો હતો, ત્યારે ગુજરાત હાઈકોર્ટે હરણીબોટ રિપોર્ટને લઈ નારાજગી વ્યકત કરી હતી, હાઈકોર્ટે કહ્યું શબ્દોની માયાજાળમાં સત્ય છુપાવવાનો પ્રયાસ કરાયો છે તો અધિકારીઓ તેમની જવાબદારીમાથી છટકી નહી શકે, હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો કે રિપોર્ટ ફરીથી તૈયાર કરો,

ગત 24 જૂને ગુજરાત હાઈકોર્ટે સરકારનો રિપોર્ટ સ્વીકારવાનો કર્યો હતો ઈન્કાર અને વડોદરાના હરણી બોટ દુર્ઘટના મુદે સરકાર સામે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. શહેરી વિકાસ વિભાગના રિપોર્ટથી ગુજરાત હાઈકોર્ટ હતી નારાજ,હાઈકોર્ટે સરકારને કહ્યું કે આ રિપોર્ટ સ્વિકારવા યોગ્ય છે કે કેમ તે સરકાર જ કહે, વધુમાં હાઈકોર્ટે કહ્યું કે એક બાદ એક બેદરકારી અને સરકરી જવાબ ચોપડામાં જ રહે છે. હાઈકોર્ટે સરકારને કહ્યું કે કાર્યવાહીના નામ પર બેદરકારી રાખતા અધિકારીઓ સામે પગલાં લો. વડોદરા હરણી બોટ દુર્ઘટનામાં 12 બાળકો અને 2 શિક્ષકો સહિત 14 લોકોનાં મોત થયા હતા.

# ગોધરા:બોગસ નોટોના કૌભાંડના સૂત્રધારના વડોદરાના મકાનમાં દરોડો, મટિરિયલ જપ્ત

**વડોદરા**

ગોધરામાં રૂ.ચાર લાખની પકડાયેલી જાલી નોટોના પ્રકરણમાં વોન્ટેડ જાહેર કરાયેલા સૂત્રધારના વડોદરાના મકાનમાં ગોધરા પોલીસે દરોડો પાડતાં નોટો છાપવા માટેનું મટિરિયલ મળી આવ્યું હતું.

ગોધરાના પોલીટેકનિક રોડ પર મેશરી નદી પાસે એલસીબીએ બે ટુવ્હીલર પર સવાર બે જણાને ઝડપી પાડતાં તેમની પાસેથી રૂ.૫૦૦ના દરની ૮૦૦ ડુપ્લિકેટ નોટો મળી આવી હતી.જેથી પોલીસે મોહસીન શબ્બીર સિન્ધા(તાંદલજા, અલમીનાર હાઈટ્સ, મૂળ રહે. હાંસોટ, ભરૂચ) અને સોએબ અબ્દુલ સત્તાર પટેલ(ગોધરા) ને ઝડપી પાડી રિમાન્ડ પર લીધા હતા.

પોલીસની તપાસ દરમિયાન મોહસીને તેનો ભાઈ ઈમરાન શબ્બીર સિન્ધા તાંદલજાના મકાનમાં નોટો છાપતો હોવાની કબૂલાત કરતાં પોલીસની ટીમે તાંદલજાના ફ્લેટમાં દરોડો પાડયો હતો.પોલીસને મુખ્ય સૂત્રધાર તો હાથ લાગ્યો નહતો.પરંતુ મકાનમાંથી નોટો છાપવા માટે ના કાગળ, ઈન્ક અને અન્ય સોલ્યુશન મળી આવ્યા હતા.જેથી તમામ ચીજો કબજે કરી તપાસ જારી રાખી છે.

દેશના અર્થતંત્રને પાયમાલ કરવા માટે ડુપ્લિકેટ નોટોનું અનેક શહેરોમાં મોટું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે ગોધરા એલસીબીએ આવું જ એક ષટયંત્ર ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.પોલીસની તપાસમાં ઠગ ટોળકની કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે.જેમાં વડોદરામાં જાલી નોટો છાપતી ઠગ ટોળકી દ્વારા બજારમાં જાલી નોટો ઘૂસાડવા માટે રૂ.૨૦ હજારની અસલી નોટોની સામે રૂ.૧ લાખની જાલી નોટો આપવામાં આવતી હોવાની પણ માહિતી મળતાં પોલીસે વધુ તપાસ જારી રાખી છે.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા,રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# સાગઠિયાની ઓફિસમાંથી 5 કરોડ કેશ, 15 Kg સોનું જપ્ત

**રાજકોટ**

રાજકોટ અગ્નિકાંડને ઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર (ટીપીઓ) મનસુખ સાગઠિયાની ઓફિસનું સીલ ખોલતા જ તેમાથી કરોડોનો ખજાનો એસીબીને હાથે લાગ્યો હતો.

મળતી માહિતી અનુસાર, રાજકોટ અગ્નિકાંડને લઈને એસઆઈટીની તપાસ ચાલી રહી છે. ત્યારે હવે એક નવો જ ઘટસ્ફોટ થયો છે. જેમાં પૂર્વ ટીપીઓ સાગઠિયાની ઓફિસનું સીલ એસીબીની ટીમ દ્વારા તોડી નાખવામાં આવ્યું હતું. આ સીલ ખોલતા જ ઓફિસમાંથી કરોડો રૂપિયાનો દલ્લો મળ્યો હતો. એસીબીને ઓફિસમાંથી પાંચ કરોડ રૂપિયા રોકડા અને 15 કિલો સોનું હાથ લાગ્યું હતું. આગાઉ રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપી એમ.ડી. મનસુખ સાગઠિયાની તપાસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ચોંકાવનારા ઘટસ્ફોટ કરવામાં આવ્યા હતા. ACB દ્વારા ચાલતી તપાસમાં સાગઠિયા પાસેથી 10.55 કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. આ મામલે તેની સામે ગેરકાયદેસર મિલકત મેળવવાનો ગુનો નોંધ્યો છે. આરોપી સાગઠિયા પાસેથી તેની કાયદેસર આવક કરતાં 410% વધુ સંપત્તિ મળી આવી છે. સાગઠિયાએ રાજકોટ અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં ભારે રોકાણ કર્યું હતું, જેમાં રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં વિલાનો સમાવેશ થાય છે.

## હોદ્દેદારોની મુદત પૂરી થાય એ પહેલાં સાગઠીયાને TPO તરીકે નિમણૂક

સાગઠીયાને ભ્રષ્ટાચાર માટે સૌથી મલાઈદર એવું ટી.પી.ઓ.નું પદ ઉતાવળે પ્રક્રિયા કરીને મહાપાલિકાના પદાધિકારીઓએ તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો થાય તેના બે મહિના પહેલા કમિશનર સાથે સંકલન સાધીને આપ્યાનું બહાર આવ્યું છે.

## 2 PIને કરાયા સસ્પેન્ડ; મનસુખ સાગઠિયાના રિમાન્ડ મંજૂર

રાજકોટ: SIT દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન પોલીસ વડાએ મહત્વપૂર્ણ નિર્ણય લઈને પીઆઇ. જે.વી.ધોળા અને વી.એસ. વણજારાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ બંને અધિકારીઓ મૂળરૂપે 2021ના સમયગાળા દરમિયાન રાજકોટમાં ફરજ બજાવતા હતા. ત્યારબાદ રાજકોટથી પીઆઇ જે.વી. ધોળાની બદલી પશ્ચિમ-ભુજ (કચ્છ) ખાતે કરવામાં આવી હતી અને હાલ તેઓ કચ્છમાં ફરજ બજાવી રહ્યા હતા. જ્યારે પીઆઇ વી.એસ. વણઝારા હાલ અમદાવાદ ખાતે ફરજ બજાવી રહ્યા હતા. બીજી તરફ સાંગઠિયાના વધુ બે દિવસના રિમાન્ડ મંજર થયા હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટ : દારૂની મહેફિલમાં ઝઘડો થતાં ભંગારના વેપારીને મિત્રએ જ પતાવી દીધો

**રાજકોટ**

વિનોજ ભંગારની ફેરી કરવા માટે ઘરેથી નીકળી ગયા બાદ બીજા દિવસે તેની રૈયાધાર નજીકના ડ્રીમસીટી પાસે આવેલા ખુલ્લા પ્લોટમાંથી પથ્થરના ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ગાંધીગ્રામ-ર પોલીસે તેની માતા હિરાબેનની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

તપાસમાં ક્રાઈમ બ્રાંચે પણ ઝંપલાવ્યું હતું. એસીપી ભરત બસીયાની આગેવાની નીચે ક્રાઈમ બ્રાંચની ટીમોએ જુદા-જુદા સીસીટીવી કેમેરા ચકાસ્યા હતા. જેમાં એક શકમંદ કેદ થઈ ગયો હતો. જેની ક્રાઈમ બ્રાંચે ઓળખ મેળવી તેને રાધનપુરથી ઝડપી લીધો હતો. ક્રાઈમ બ્રાંચને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આરોપી અજય મૃતકનો મિત્ર હતો. બંને ગત શનિવારે બપોરે જયાં હત્યા થઈ ત્યાં દારૂની મહેફિલ માણવા બેઠા હતા ત્યારે ગાળાગાળી થતાં ઝઘડો થયો હતો. જેને કારણે ઉશ્કેરાઈ જઈ આરોપી અજયે મિત્ર વિનોજને નજીકમાં પડેલા પથ્થરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આરોપી અજય મૂળ રાધનપુર પંથકનો છે. હાલ રૈયાધાર વિસ્તારમાં રહે છે. તે શાકભાજી સાથે ફ્રુટનો વેપાર કરે છે. મૃતક વિનોજના લગ્ન થઈ ગયા હતા. તેની પત્ની સાતેક માસથી રિસામણે છે.

# બોટાદમાં આડાસંબંધની આશંકાએ પુત્રએ ઓશીકાથી ગળું દબાવી માતાની હત્યા કરી

**બોટાદ**

બોટાદ શહેરમાં સાળગપુર રોડ પર આવેલા મહમદ ગફુલ સોસાયટીમાં માતાની તેના પુત્રએ હત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી. માતાને આડાસબંધ હોય તે દિકરાને ખબર પડતા ગત 30 જુને રાત્રીના પુત્રએ ઓશીકાથી ગળું દબાવી માતાની હત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ માટે ખસેડીને તપાસ હાથ ધરી હતી અને આરોપીને પકડવા શોધખોળ શરૂ કરતા પોલીસે ગણત્રરીની કલાકોમાં હત્યારા દિકરાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બોટાદ શહેરનાં સાળંગપુર રોડપર આવેલ મહમદ ગફુલ સોસાયટીમાં રહેતા અફસાનાબેન ગનીભાઈ પઠાણની ગત તારીખ 30 જુને મોડી રાત્રિના હત્યાની થયેલી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જેથી ઘટનાની જાણ થતાં બોટાદ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે પ્રથમ મૃતક અફસાનાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બોટાદની સોનાવાલા હોસ્પિટલ ખસેડેલ અને ત્યારબાદ પોલીસે હત્યા અંગે તપાસ શરૂ કરી હતી.

અફસાનાબેન ગનીભાઈ પઠાણ કે જેઓ શહેરનાં સાળંગપુર રોડપર મહમદ ગફુલ સોસાયટીમાં તેના પરીવાર સાથે રહેતા હતા. અફસાનાબેનને બે દિકરાઓ છે. ત્યારે મૃતકના દિકરો આફતાબ પઠાણને તેની માતાને કોઈ વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હોવાની આશંકાઓ હતી, જેથી 30 જુને મોડિ રાત્રીના તેની માતા સુતા હતા તે દરમ્યાન આફતાબ પઠાણે ઓશીકું લઈને તેની માતાના મોઢા ઉપર દબાવીને હત્યા કરી ને આફતાબ ફરાર થયો હતો. જે સમગ્ર ઘટના અંગે ફરીયાદીએ પોલીસને જાણ કરતા બોટાદ પોલીસે આફતાબ પઠાણ વિરુદ્ધ કલમ 302 હેઠળ ગુનો નોંધ્યો હતો અને આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદ 22 ગામો સંપર્ક વિહોણા, કડછમાં પાણીથી જનજીવન પ્રભાવિત

## કુતિયાણામાં આઠ ઇંચથી વધુ ખાબકયો, ડેમમાં પાણીની આવક થઈ

**કુતિયાણા**

માધવપુર ઘેડ પંથકમા વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ અનેક ગામમા પાણી ફરી વળ્યા છે.કડછ ગામમાં વરસાદી પાણી ફરી વળતા વાહન વ્યવહારને અસર થઈ છે.ઘેડ પંથકના અનેક ગામમાં પાણી કે પાણીમા ગામ તેજ ખબર નથી પડતી.વરસાદ વિરામના 2 દિવસ બાદ પણ પાણી ઓસર્યા નથી જેના કારણે સ્થાનિકોને ઘરની બહાર જવુ મુશ્કેલ થઈ રહ્યું છે.

ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો છે. ત્યારે પોરબંદરના માધવપુરમાં 2 દિવસમાં 10 ઈંચ વરસાદ નોંધાયો છે. માધવપુર ઘેડ સહિતના પંથકમાં ભારે વરસાદથી સર્વત્ર પાણી ભરાયા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે સમગ્ર ઘેડ પંથક બેટમાં ફેરવાયો છે. માધવપુર સહિતના અનેક ઘેડ વિસ્તારના 22 ગામો સંપર્ક વિહોણા થયા છે. માધવપુર ચોપાટી ઉપર આવેલું શિવલિંગ દરિયાના મોજામાં ઘેરાયું છે.22 ગામોમાં આવવા જવાના તમામ રસ્તાઓ પાણી ગરકાવ થયા છે. ઘેડ પંથકના મોટા ભાગના ગામો જળમગ્ન થયા છે. નવી બંદર, બળેજ, ગોરસર, મોચા, મંડેર સહિતના ગામોમાં પાણી ભરાયા છે. લોકોના ઘર અને દુકાનોમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. કુતિયાણામાં આઠ ઈંચથી વધુ ખાબકયો છે તો કુતિયાણા ઘેડ પંથકમાં દસ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂકયો છે.

# નાની લાખાવડમાં ગૃહ કંકાસને કારણે પત્નીના હાથે પતિની હત્યા

**જસદણ**

જસદણના નાની લાખાવડ ગામમાં ગૃહ કંકાસના કારણે વિફરેલી પત્નીએ પતિને પોતાના રૂમમાં જ દાંતરડા અને કુહાડીના ઘા ઝીંકી હત્યા નિપજાવતા નાના એવા ગામમાં ખળભળાટ મચી ગયો હતો. બનાવની જાણ થતાં જસદણ પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.અને મહિલા આરોપીને સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી. હત્યા થયેલ ખેડૂતનો પુત્ર પણ ખૂની હુમલામાં સામેલ હોવાની શંકાએ પોલીસે તેમની પણ પૂછતાછ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, જસદણના નાની લાખાવડ ગામમાં સિમ વિસ્તારમાં રહેતી વલ્લભભાઈ અરજણભાઈ બાવળીયા (ઉ.વ. 48) તે તેમના પુત્ર અને પત્ની સાથે વાડીએ જ રહે છે. ગઈ રાતે પોતે ઘરે હતાં ત્યારે મોડી રાતે કોઈ બાબતે તેની પત્ની સાથે ઝઘડો થયાં બાદ ઉશ્કેરાયેલ તેની પત્નીએ દાંતરડા અને કુહાડીના ઘા તેમના પતિ પર ઝીંકી દિધા હતાં. ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતે ત્યાં જ દમ તોડી દિધો હતો. બનાવ અંગે જસદણ પોલીસને જાણ થતાં પીઆઈ ટી. બી. જાની સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# જામનગરમાં કોલેરાના 4 પોઝિટિવ કેસ, પરિવારજનોના લોહીના સેમ્પલ લેવાયા

**જામનગર**

જામનગરમાં વરસાદી સીઝનની સાથે કોલેરા વકર્યો છે. શહેરી વિસ્તારમાં કોલેરાના ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ચારેય કોલેરા પોઝિટિવ દરિયો સારવાર હેઠળ છે. આરોગ્ય તંત્ર દ્વારા ચારેય દર્દીઓનાં પરિવારજનોના પણ સેમ્પલ લેવાની તથા ટેસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર શહેરમાં વરસાદી સીઝનની સાથે સાથે રોગચાળો પણ વકર્યો છે, અને કોલેરા પોઝિટિવ ના કેસો સામે આવી રહ્યા છે. જામનગરના શહેરી વિસ્તારના એકીસાથે ચાર દર્દીઓને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જે ચારેય દર્દીઓના કોલેરા પોઝિટિવ રિપોર્ટ મળ્યા છે.

# ખંભાળિયાના આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક સીરપ પ્રકરણમાં આઠ શખ્સોની અટકાયત

## ખંભાળિયા, ભાવનગર, રાજકોટ, વડોદરા, મુંબઇ અને વાપીથી દબોચી લઇ સીરપની વધુ 90 બોટલ કબજે કરાઈ

**જામખંભાળીયા**

ખંભાળિયામાં રહેતા પ્રકાશ કિશોરભાઈ આચાર્ય નામના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે વડોદરાની કંપનીની ચોક્કસ નામની આયુર્વેદિક સીરપનો જથ્થો કબજે કર્યો હતો. જે સંદર્ભે પોલીસે ઉપરોક્ત મુદ્દામાલ શક પડતી મિલકત તરીકે કબજે લઈ અને આ બોટલના પૃથક્કરણ અર્થે મોકલવામાં આવી હતી. પોલીસે મુખ્ય આરોપી પ્રકાશ કિશોરભાઈ આચાર્ય સાથે ખંભાળિયાના રહીશ ગઢવી સામત ખીમા જામ, ભાવનગરના રહીશ લગધીરસિંહ ઉર્ફે લખધીરસિંહ કાળુભા જાડેજા, રાજકોટના મેહુલ અરવિંદભાઈ જસાણી અને ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ નટવરલાલ ડોડિયા, વડોદરાના નીતિન અજીતભાઈ કોટવાણી, મુંબઈના તૌફીક હાસીમ મુકાદમ અને વાપીના આમોદ અનિલભાઈ ભાવે નામના કુલ આઠ શખ્સોને દબોચી લીધા હતા. આ પ્રકરણમાં પોલીસે ચોક્કસ કંપનીની સીરપની ૯૦ બોટલ કબજે લીધી છે.

# વઢવાણની ઓળખ સમો ૧૪૦૦ વર્ષ જૂનો ઐતિહાસિક ગઢ ધરાશાયી

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના વઢવાણની ઓળખ સમો ૧૪૦૦ વર્ષ જૂનો ઐતિહાસિક ગઢ ધરાશાયી થયો છે. આ ગઢની જાળવણી માટે ગ્રાન્ટની ફાળવણી થતી હોવા છતા ગઢનું સમારકામ ન થતુ હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. સમારકામ ન કરાતા રાજાશાહી સમયનો આ ગઢ જર્જરીત બન્યો હતો. પુરાતત્ત્વ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા અવારનવાર તંત્ર તેનુ યોગ્ય સમારકામ કરે તેવી માગ ઉઠાવવામાં આવી હતી. સૌરાષ્ટ્રને એકમાત્ર રાજાશાહી સમયનો સુરક્ષિત ગણાતો ગઢ પણ તંત્રની બેદરકારીના કારણે ધબાય નમઃ થયો છે. ગઢ ધરાશાયી થતા નજીકના કેબિનધારકને પણ નુકસાન થયુ છે. હાલ નગરપાલિકાના અધિકારીઓએ વઢવાણમાં ધામા નાખ્યા છે.

# સુરતમાં પ્રેમિકાના પતિ અને ભાઈએ 19 વર્ષીય યુવકનું ઢીમ ઢાળી દીધું!

**સુરત**

પ્રેમીની પ્રેમિકાના પતિએ ભાઈ સાથે મળી હત્યા કરી છે. શહેરના રૂદરપુરા કુબેરદાસની વાડી પાસે રહેતા 19 વર્ષના યુવકની રવિવારે રાત્રે પોણા બાર વાગ્યે તેના ઘર પાસે પરિણીત પ્રેમીકાના પતિએ તેના ભાઈ સાથે મળી ઢોર મારમારી મોતને ઘાટ ઉતાર્યો હતો. મૃતક યુવક પરિણીતાના પ્રેમમાં હતો. આ વાતની તેના પતિને ખબર પડી જતા તેણે ભાઈ સાથે મળી યુવકનું ઢીમ ઢાળી દીધું હતું.

સુરતના, રૂધરપુરા ખાતે આવેલ કુબેરદાસની વાડીમાં 19 વર્ષીય દીપેશ સંજય રાઠોડ પરિવાર સાથે રહેતો હતો. દીપેશ નાનપુરા ખાતે આવેલ સર્વિસ સ્ટેશનમાં કામ કરતો હતો. આજે સવારે દીપેશને પરિવારજનોએ ઉઠાડવા ગયા હતા. જોકે તે ઉઠ્યો નહતો. ત્યારબાદ અઠવાલાઈન્સ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે સ્થળે જઈને તપાસ કરતા દીપેશને છાતી, પેટ અને પીઠના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા હતા. જેથી દીપેશના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દીપેશનું મોત બોથડ પદાર્થ મારવાથી થયું હોવાનું સામે આવ્યું હતું.

દિપેશ સંજય રાઠોડનો રૂદરપુરા કુબેરદાસની વાડી નવો ખાડી રોડ ખાતે રહેતા હર્ષદ કહારની પત્ની સાથે પ્રેમસંબંધ હતો. જેની જાણ તેના પતિ હર્ષદ કહારએ તેના ભાઈ ધર્મેશ કહારને કરી હતી.

બાદમાં બંને એ સાથે મળી ગત તા 1 જુલાઈના રોજ રાત્રીના સાડા અગિયાર વાગ્યે રૂદરપુરા કુબેરદાસની વાડી પાસે દિપેશને ઢોર મારમારી હત્યા કરી હતી. બનાવ અંગે મૃતક દિપેશના ભાઈ મનિષ સંજય રાઠોડએ ગતરોજ ફરિયાદ નોધાવતા અઠવા પોલીસે કહાર બંધુઓ સામે હત્યાનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે હર્ષદ કહાર અને તેના ભાઈ ધર્મેશ કહારની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં ફિલ્મી સ્ટાઈમાં રૂ.4 કરોડના હિરાની ઉઠાંતરી થતાં ચકચાર

**સુરત**

સુરતમાં ફિલ્મી સ્ટાઈમાં 4 કરોડના હિરાની ઉઠાંતરી કરવામાં આવી છે. જેમાં હીરો લેનારા રાજસ્થાની વેપારી દલપત પુરોહિત ઝડપાયો છે. આરોપી પુરોહિતે દલાલો મારફતે જાળ બિછાવી હતી. રેપનેટ પર વેચવા મૂકેલો હીરો મેળવવા પ્લાન ઘડ્યો હતો. જેમાં 10.08 કેરેટનો એક હીરો ખરીદવાના બહાને મંગાવ્યો હતો. અસલીની જગ્યાએ નકલી CVD હીરો મૂકી દીધો હતો. જેમાં પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ કરી હતી. તેમાં મહિધરપુરા પોલીસે રાજસ્થાનથી આરોપીને ઝડપ્યો છે. જેમાં ફિલ્મી સ્ટાઈલમાં રૂપિયા 4 કરોડથી વધુના હીરા ગુમ કરાયા હતા. અસલી નેચરલ હીરાની જગ્યાએ ટેબલ પરથી બદલી નકલી CVD હીરો મૂકી દીધો હતો. તેમાં પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. રાજસ્થાન, પાલનપુર, મુંબઈ વિગેરે સ્થળોએ તપાસ કરી હતી. મહિધરપુરા પોલીસ રાજસ્થાન પહોંચી દલપત પુરોહિતને પકડી પાડ્યો હતો.

# પત્નીની આત્મહત્યા બાદ પુત્રની હત્યા કરીને પતિએ ટ્રેન નીચે જીવન ટૂંકાવ્યું

**ભરૂચ**

ભરૂચમાં બનેલી એક ઘટનાએ ભારે ચકચારી મચાવી દીધી છે. ભરૂચની રેલવે કોલોનીમાં રહસ્યમયી સામૂહિક આપઘાતની ઘટના બની છે. આ ઘટનામાં ઘરમાંથી પત્નીની લાશ લાશ મળી આવી હતી. પલંગ પરથી બાળકની લાશ મળી આવી હતી. ખુદ પતિએ જ પુત્રને ગળે ટૂંપો દઈ અને અંતે પોતે અંકલેશ્વર નજીક ટ્રેન નીચે ઝંપલાવ્યું હતું. જો કે આ બનાવ અંગે ભરુચ રેલવે પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચની રેલવે કોલોનીમાં સામૂહિક આપઘાતની ઘટના બની છે, જો કે હાલ બનાવનું કરણ અકબંધ રહ્યું છે. રેલવે કોલોનીમાં રહેનારા જતીન મકવાણા, તેમના પત્ની કૃપલબેન મકવાણા અને તેમના દસ વર્ષીય બાળક વિહાન મકવાણાની આત્મહત્યાના બનાવમાં ભોગ લેવાયો છે. આ પરિવારમાં ગઈકાલે રાત્રે કોઈ અગમ્ય કારણોસર તકરાર થઈ હોવાની પણ વિગતો છે.



હાલ પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભરૂચમાં રેલવે કોલોનીમાં રહેતા એક પરિવારના ગઈકાલે રાત્રે કોઈ કારણોસર તકરાર થયા બાદ પરિવારમાંથી પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. એવું પણ કહેવાય રહ્યું છે કે પોતાની પત્નીએ આત્મહત્યા કર્યા બાદ તેના પતિએ રોષે ભરાઈને પોતાના પુત્રની પણ હત્યા કરી દીધી હતી. આ બાદ તેણે પોતે પણ ટ્રેન નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી. હાલ પોલીસે આ ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી ઘટનાની સાચી હકીકત જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. સામુહિક આપઘાતની ઘટનાના સમાચાર સમગ્ર ભરૂચ શહેરમાં વાયુવેગે ફેલાઈ જતા ટોળા ઉમટી પડ્યા હતાં.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વેપારીના અપહરણ મામલે LCBના 4 કર્મી સામે ગુનો

## પાટણ એસ પી રવિન્દ્ર પટેલની મુશ્કેલીમાં વધારો, પુરાવાના આધારે અમદાવાદ ક્રાઇમબ્રાંચે કાર્યવાહી કરી

**અમદાવાદ**

અમદાવાદના વેપારીના અપહરણ મામલે તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચે પાટણ પોલીસની લોકલ ક્રાઈમબ્રાંચના ચાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ ગુનો નોંધતા પાટણ જિલ્લાના પોલીસ વડા રવિન્દ્ર પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે.પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે કે વેપારીનું અપહરણ કરીને અડાલજ સુધી લઈ જવામાં આવ્યો હતો અને તેનું ક્રોસ ઈન્વેસ્ટીગેશન કરીને ધમકી આપીને છોડી મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગુરૂવારે અમદાવાદ પોલીસે હાઈકોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરવાની સાથે રવિન્દ્ર પટેલ વિરૂદ્ધ થયેલી અરજીઓ અંગે વિગતો આપી હતી. પાટણ જિલ્લાના પોલીસ વડા રવિન્દ્ર પટેલ વિરૂદ્ધ ચાલી રહેલી તપાસમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચને અનેક પુરાવા મળ્યા છે. જે અનુસંધાનમાં પાટણ પોલીસની લોકલ ક્રાઈમબ્રાંચના વિક્રમ દેસાઈ સહિત ચાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ વેપારીના અપહરણની ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં પાલડી પંચશીલ એન્કલેવમાં રહેતા અતુલભાઈ પ્રજાપતિ નામના વેપારીએ ફરિયાદમાં જણાવ્યું છે કે તે આંબાવાડીમાં વ્યવસાય કરે છે.

ગત ૧લી એપ્રિલના રોજ સાંજના સાડા પાંચ વાગે એક કાળા કાચની નંબર પ્લેટ વિનાના કારમાં ચાર લોકો આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે તેઓ પાટણ એલસીબીથી આવે છે અને પુછપરછ કરવાની છે. ત્યારબાદ અતુલભાઈને બળજબરી પૂર્વક કારમાં બેસાડીને અપહરણ કરીને લઈ ગયા હતા. આ સમયે અતુલભાઈના સ્ટાફે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને સમગ્ર મામલે જાણ કરી હતી. બાદમાં એસ જી હાઈવે પર જઈને અતુલભાઈની પુછપરછ કરીને અન્ય એક વ્યક્તિ સાથે ફોન પર વાત કરતા હતા. બાદમાં તેમને અડાલજ બ્રીજ પાસે ઉતારીને સમગ્ર બાબત અંગે કોઈને જાણ ન કરવાની ધમકી આપીને નાસી ગયા હતા.

આ કેસની તપાસમાં સીસીટીવી ફુટેજ , સ્ટાફની અમદાવાદમાં હાજરી તેમજ કોલ ડીટેઈનના આધારે ક્રાઈમબ્રાંચને પુરાવા મળ્યા હતા. જેના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ કોલ ડીટેઈલ અને એલસીબીના સ્ટાફના નિવેદનના આધારે રવિન્દ્ર પટેલ વિરૂદ્ધ પણ કાર્યવાહીની સંભાવના પ્રબળ બની છે. બીજી તરફ પોલીસ કમિશનર જી એસ મલિકે ગુજરાત હાઈકોર્ટમાં રવિન્દ્ર પટેલ વિરૂદ્ધની તપાસ અંગે એફિડેવિટ ફાઈલ કર્યું હતું. જેમાં કેસની તપાસ હાલ ચાલુ હોવાથી સમય માંગ્યો હતો. જેથી આગામી ૧૬મી જુલાઈ સુધીનો સમય હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, રવિન્દ્ર પટેલ વિરૂદ્ધના આક્ષેપની વિગતો પણ હાઈકોર્ટ દ્વારા માંગવામાં આવી હતી. જેથી પોલીસ ખેડૂતની આત્મહત્યા અને અન્ય કેસ અંગેની વિગતો આપી હતી.

# દમણમાં મોડી રાત્રે તસ્કર ગેંગનું કરતબ 70 લાખથી વધુના દાગીના તફડાવ્યા

**દમણ**

સંઘ પ્રદેશ દમણમાં પોલીસ સ્ટેશન નજીક એક જ્વેલર્સના શો રૂમમાં તસ્કરો ઘૂસ્યા હતા. જે બાદ તેઓએ જ્વેલર્સની દિવાલમાં બાકોરું પાડીને ચાર ચોર 70 લાખથી વધુના સોના ચાંદીના દાગીના લઈને દમણ પોલીસને સીધો પડકાર ફેંક્યો હતો. દમણમાં એક જાણીતા જ્વેલરીના શો રૂમને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. આ શો-રૂમમાંથી 70 લાખથી વધુની કિંમતના સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા. દમણના ઝાપા બજાર વિસ્તારમાં આવેલા જાણીતા તનિષ્કા શો રૂમને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને આ શો રૂમમાંથી અંદાજે 70 લાખથી વધુની કિંમતના દાગીનાઓની ચોરી કરી અને તસ્કરો ફરાર થઈ ગયા હતા. શો રૂમના માલિક રાકેશ જૈન વહેલી સવારે જ્યારે પોતાના શોરૂમ પર પહોંચ્યા ત્યારે તેમના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. શો રૂમમાં રાખવામાં આવેલ 50 કિલોથી વધારે ચાંદી અને 70 ગ્રામથી વધારે સોનાના દાગીનાની ચોરી થઈ હતી. ચોંકાવનારી બાબત એ છે કે આ તસ્કર ગેંગ ગેસ કટર જેવા આધુનિક સાધનો લઈને શો રૂમમાં પ્રવેશ કર્યો હતો. નાનકડા દમણમાં બનેલી આ ઘટનાને લઈને ચકચાર મચી જવા પામી હતી.

# હળવદમાં પ્રેમસંબંધનો ખાર રાખી બે સગા ભાઈ ઉપર હુમલો : 1ની હત્યા, 1 ગંભીર

## કૌટુંબિક બે ભાઈઓએ છરી-ધોકા વડે હુમલો કર્યો હતો : બંનેની અટકાયત

**હળવદ**

હળવદ તાલુકાના રાયસંગપર ગામે રહેતા શામજીભાઈ બાબુભાઈ લોલાડીયા ઉંમર વર્ષ 23 અને ગોપાલભાઈ બાબુભાઈ લોલાડીયા બન્ને સગા ભાઈઓ મંગળવારે રાત્રે પોતાના ઘરે ઘરે સુતા હતા. ત્યારે આજ પરિવારના બે કૌટુંબીક જ ભાઈઓ વિપુલભાઈ કરમણભાઈ ઉર્ફે કાળુભાઈ લોલાડીયા અને ગૌતમભાઈ ઉર્ફે ગવો કરણભાઈ લોલાડીયા શામજીભાઈના ઘરે ધોકા અને છરી લઈને ધસી આવ્યા હતા.જેમાં આરોપીઓએ શામજીભાઈ અને ગોપાલભાઈ પર હુમલો કરતા શામજીભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગોપાલભાઈ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે મોરબી રિફર કરવામાં આવ્યો હતો. બીજી તરફ આ બનાવમાં હુમલો કરવા આવેલ આરોપી વિપુલભાઈ કરમભાઈ ઉર્ફે કાળુભાઈ લોલાડીયાને પણ માથાના ભાગે ઈજા પહોંચતા હળવદ સરકારી હોસ્પિટલ ખાતે તેઓની સારવાર ચાલી રહી છે. આરોપીઓ અને મૃતક એક જ કુંટુંબના હોય અને કાકા-ભત્રીજા થતા હોય જોકે આઠ એક મહિના પહેલા શામજીભાઈ લોલાડીયાએ વિપુલભાઈની બહેનને ભગાડી ગયા હોય અને ત્યારબાદ બંને પકડાઈ જતા એક જ કુંટુંબના હોય તેથી લગ્ન શક્ય ન હોય માટે કુંટુંબીજનોએ લગ્ન કરવા ન દીધા હતા. જેથી મૃતકના પરિવારજનોએ શામજીભાઈને ગાંધીધામ તેની બહેનના ત્યાં મોકલી દીધો હતો. આઠેક મહિના બાદ મૃતક શામજીભાઈ શનિવારે જ રાયસંગપર ગામે આવ્યો હતો.

# સ્કીનને હેલ્ધી અને વાળને સિલ્કી તેમજ મજબૂત બનાવે છે કાકડી

શરીરમાં પાણીની ઊણપને પૂર્ણ કરવાનું અને બોડીને હાઈડ્રેટ કરવાનું કામ કાકડી કરે છે. આ ઉપરાંત કાકડી સ્કિન અને હેર માટે પણ હેલ્ધી છે. કાકડીમાંથી બનેલા હેર માસ્કનો ઉપયોગ વાળ અને સ્કેલ્પ ઉપર કરવાથી અનેક સમસ્યાઓ જેમ કે, ડેન્ડ્રફ, હેર ફોલ, ફ્રિઝી અને ડેમેજ વાળને મૂળથી સુધારી શકાય છે.

**કાકડીનો જ્યૂસ**

કાકડી વાળના ગ્રોથને ઝડપથી વધારવાની સાથે સાથે વાળને સિલ્કી અને શાઈની બનાવવામાં મદદરૂપ કરે છે. એ માટે કાકડીમાંથી જ્યૂસ તૈયાર કરો. આ જ્યૂસથી વાળ અને સ્કેલ્પમાં સરક્યુલર મોશનમાં સારી રીતે મસાજ કરીને એપ્લાય કરવાનું છે. કાકડીમાંથી બનેલ સાધારણ અને ઉત્તમ હેર માસ્કને વાળમાં પંદર અને વીસ મિનિટ માટે એપ્લાય કરી રાખવાનું છે, પછી સાદા પાણીથી વાળને ધોઈ લેવા. વાળમાં સારું રિઝલ્ટ જોઈતું હોય તો તરત શેમ્પૂ કરવાનું ટાળો.



**કાકડી અને મધ**

મધનો ઉપયોગ વાળને હાઈડ્રેટ કરીને સોફ્ટ, સિલ્કી અને શાઈની બનાવવામાં અસરકારક હોય છે. ડીઆઈવાય હેર માસ્ક તૈયાર કરવા તમારા વાળની લેન્થ અનુસાર એક અથવા બે કાકડીની પેસ્ટ તૈયાર કરો. આ પેસ્ટમાં મધ મિક્સ કરીને વાળમાં એપ્લાય કરો. આશરે વીસ મિનિટ પછી શેમ્પૂ કરીને વાળને ક્લીન કરી શકો છો. કાકડી અને મધમાંથી તૈયાર કરવામાં આવેલો આ હેર માસ્ક વાળને ઝડપથી લાંબા કરવામાં અને વાળને હેલ્ધી બનાવવામાં મદદ કરશે.

**કાકડી અને દહીં**

કાકડી અને દહીંમાં અનેક પોષકતત્ત્વ હોય છે. જેમ કે, મેગ્નેશિયમ, પોટેશિયમ અને વિટામિન્સ જોવા મળે છે. જેનો ઉપયોગ વાળને હાઈડ્રેટ કરવાની સાથે સાથે વાળને સ્ટ્રોંગ બનાવવામાં મદદરૂપ છે. આ ડીઆઈવાય હેર માસ્કને તૈયાર કરવા માટે એક કપ કાકડીના જ્યૂસમાં ત્રણથી ચાર ચમચી દહીં નાંખીને પેસ્ટ તૈયાર કરો. આ ડીઆઈવાય પેસ્ટને અઠવાડિયામાં બે વખત હેર વોશ કરવાના હોય ત્યારે આ પેસ્ટને વાળમાં લગાવો, ત્રીસ મિનિટ બાદ હેર વોશ કરી દો.

**કાકડી અને લીંબુ**

આપણે જાણીએ છીએ કે વાળમાં ડેન્ડ્રફ અને ફ્રિઝિનેસની સમસ્યાને દૂર કરવા લીંબુનો રસ ફાયદાકારક માનવામાં આવે છે. લીંબુની સાથે કાકડીનો રસ એડ કરવામાં આવે તો ડેન્ડ્રફ દૂર કરવાની સાથે સાથે સ્કેલ્પને હેલ્ધી બનાવવામાં મદદ કરે છે. આ હેર માસ્કને બનાવવા માટે અડધા કપ કાકડીના રસમાં બે ચમચી લીંબુનો રસ મિક્સ કરીને વાળમાં લગાવવાનો છે. 30 મિનિટ બાદ સાદા પાણીથી સાફ કરી લો. આ હેર માસ્કને એપ્લાય કર્યા બાદ બીજા દિવસે શેમ્પૂનો ઉપયોગ કરો.

# ત્વચા ઉપર મેકઅપ ટકાવીને રાખવા ધ્યાન રાખો આ બાબતો

**પ્રોડક્ટ્સની પસંદગી**

મોનસૂનમાં ચહેરાની ત્વચા પહેલાં કરતાં ઓઈલી થવા લાગે છે અને મેકઅપ કર્યા બાદ ત્વચા ચિકાશ મહેસૂસ થાય છે. એવું ન થાય એટલે પ્રયત્ન કરો કે મેકઅપ કરવા માટે લિક્વિડ કે ક્રીમ પ્રોડક્ટ્સને અવોઈડ કરો અને તેના બદલે પાઉડર પ્રોડક્ટ્સને વેનિટીમાં સામેલ કરો. ચહેરા ઉપર હેવી મેકઅપ કરવાનું ટાળો. બેઝ મેકઅપને લાઈટવેટમાં જ રાખો અને જરૂર લાગે તો ફાઉન્ડેશનને સ્કિપ પણ કરી શકો છો. તેને બદલે તમે કન્સીલરનો ઉપયોગ કરી શકો છો. કાજલ, આઈલાઈનર અને મસ્કારા વોટરપ્રૂફ પસંદ કરો. નહીંતર વરસાદમાં જરાપણ પાણી અડશે તો મસ્કારા અને લાઈનર સ્પ્રેડ થઈને તમારો મેકઅપ ખરાબ કરી નાંખશે. તેથી ચોમાસામાં વોટરપ્રૂફ આઈ પ્રોડક્ટનો ઉપયોગ કરવો હિતાવહ છે. તમે ઈચ્છો તો ઓઈપ્રોડક્ટની સાથે વોટરપ્રૂફ લિપસ્ટિક પણ લગાવી શકો છો. એ લોંગ લાસ્ટિક હોય છે અને ભીજાવાથી સ્પ્રેડ કે લાઈટ થતી નથી.

**લોન્ગ લાસ્ટિંગ મેકઅપ**

મેકઅપને લોન્ગ લાસ્ટિંગ બનાવવા માટે મેકઅપના દરેક સ્ટેપને ફોલો કરવા જરૂરી છે. એ માટે મેકઅપ શરૂ કરતાં પહેલાં ફેસવોશ કરી લો, ત્યારબાદ ફેસ પ્રાઈમરનો ઉપયોગ કરો. એ પછી છેવટે મેકઅપને સેટિંગ સ્પ્રેની મદદથી યોગ્ય રીતે સેટ કરો. આ ઉપરાંત ક્રીમ પ્રોડક્ટ્સને લૂઝ પાઉડરની મદદથી સેટ જરૂર કરો. આમ કરવાથી મેકઅપ ટસથી મસ નહીં થાય. ચોમાસામાં ફાઉન્ડેશનને બદલે બીબી ક્રીમનો ઉપયોગ પણ કરી શકો, જેથી હેવી લુક ન લાગે અને મેકઅપ સ્પ્રેડ થવાનો ભય ન રહે. ચોમાસામાં શક્ય હોય ત્યાં સુધી ફેસને લાઈટ લુક મળે એવો પ્રયત્ન કરો.



**ફ્લોલેસ લુક મેળવવા**

મેકઅપ કરવાની ટેક્નિક હોય છે, આ ટેક્નિક શીખી ગયા બાદ મેકઅપ કરવામાં સરળતા રહે છે અને લુક પણ આકર્ષક મળે છે. અત્યારે મેકઅપમાં ફ્લોલેસ લુક મેળવવાનો ટ્રેન્ડ છે. ફ્લોલેસ લુક મેળવવા મેકઅપ જ નહીં પરંતુ સ્કિન કેર ઉપર પણ ફોકસ કરવું ખાસ જરૂરી છે. એ માટે સૌથી પહેલાં તમારી ત્વચા કઈ ટાઈપની છે એ જાણવું જોઈએ. જાણ્યા બાદ ત્વચા અનુસાર મેકઅપ પ્રોડક્ટની પસંદગી કરો. એ પછી વાતાવરણ એટલે કે ઋતુને ધ્યાનમાં રાખીને મેકઅપ કરો. આ ઉપરાંત યોગ્ય સ્કિન કેર રૂટિનને ફોલો કરવું જરૂરી છે. ઉંમરને ધ્યાનમાં રાખીને સમયાંતરે ફેસિયલ, ક્લીનઅપ, સ્ક્રબ, ફેસ માસ્ક વગેરેનો ઉપયોગ કરવાનું રાખો. સ્કિનને હેલ્ધી રાખો. સ્કિન જેટલી હેલ્ધી રહેશે મેકઅપ એટલો જ નિખરી ઊઠશે અને ફ્લોલેસ લુક જોવા મળશે.



## સુસ્મિતા સેન 48 વર્ષની વયે પણ લગ્ન કરવા તૈયાર

બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન તેના રિલેશનને કારણે હંમેશા ચર્ચામાં રહે છે. તે પોતાની શરતો પર જીવન જીવે છે. સુષ્મિતા જેટલી અદભૂત અભિનેત્રી છે એટલી જ સુંદર વ્યક્તિ પણ છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન તે પોતાના અંગત જીવન સાથે જોડાયેલા ઘણા સવાલોના જવાબ આપતી જોવા મળી હતી. તેણે એ પણ ખુલાસો કર્યો છે કે તે ક્યારે લગ્ન કરવા જઈ રહી છે. સુષ્મિતા તેના અંગત જીવન પ્રત્યે કૂલ વલણ ધરાવે છે. પછી તે તેની ડેટિંગ લાઈફ વિશે હોય કે લગ્ન વિશે, તે દરેક પ્રશ્નનો ખુલ્લેઆમ જવાબ આપે છે.

સ્વદેશ



# દિશા પટાણી અને પ્રભાસ વચ્ચે ડેટિંગ શરુ થયાની અટકળો



મુંબઇ : દિશા પટાણીના હાથ પર પીડી લખેલું ટેટૂ જોવા મળતાં તે પ્રભાસ સાથે ડેટ કરી રહી હોવાની ચર્ચાઓ શરુ થઈ છે. બંનેનું અફેર તાજેતરમા રીલિઝ થયેલી ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’ના સેટ પર શરુ થયું હોવાનું કહેવાય છે. આ ટેટૂ પરનું લખાણ પીડી વાસ્તવમાં પ્રભાસ અને દીશાના નામનું શોર્ટ ફોર્મ છે તેવી અટકળો થઈ રહી છે. દિશા અગાઉ ટાઈગર શ્રોફ સાથે છ વર્ષ રિલેશનશિપમાં રહી હતી. બાદમાં બંનેનું બ્રેક અપ થઈ ગયું હતું. બીજી તરફ પ્રભાસનું નામ તેની ‘બાહુબલી’ ફિલ્મની કો સ્ટાર અનુષ્કા શેટ્ટી સાથે સંકળાઈ ચૂક્યું છે. આ ઉપરાંત ‘આદિપુરુષ’નાં શૂટિંગ વખતે પણ પ્રભાસ અને કૃતિ સેનન ડેટિંગ કરી રહ્યાં હોવાની અફવાઓ પ્રસરી હતી.

# તમન્નાએ 8 કરોડની લોન મેળવી 18 લાખનાં ભાડે ઓફિસ લીધી

મુંબઇ : તમન્ના ભાટીયાએ મુંબઇના અંધેરી વિસ્તારની પોતાના ત્રણ રેસિડન્ટશિયલ ફ્લેટને ૭.૮૪ કરોડ રૂપિયા લોન લઈ તારણમાં મૂકી દીધા છે. તેમજ અભિનેત્રીએ મુંબઇના જુહુ વિસ્તારમાં એક કમર્શયલ પ્રોપટી મહિનાના ૧૮ લાખ રૂપિયાના ભાડા પેટે પાંચ વરસ માટે લીધી છે. અભિનેત્રીના આ પ્રોપર્ટી સોદાઓ અંગે ઈન્ડસ્ટ્રીમાં ખાસ્સી ચર્ચાઓ થી રહી છે. બહાર આવેલા દસ્તાવેજો અનુસાર તમન્નાએ જુહુ તારા રોડ પર ૬૦૫૦ ચોરસ ફૂટની એક ઓફિસ પાંચ વર્ષના ભાડે લીધી છે. પહેલાં ત્રણ વર્ષ આ પ્રોપર્ટીનું ભાડું ૧૮ લાખ રુપિયા હશે.



# દીપિકા પાદુકોણથી આગળ નીકળી શરવરી વાઘ, લોકપ્રિય સેલેબ્સની યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું

બોલિવૂડ એક્ટ્રેસ શરવરી વાઘ આ દિવસોમાં તેની ફિલ્મ મુંજ્યાને લઈને ચર્ચામાં છે. આ ઉપરાંત શરવરીની જુનૈદ ખાન સાથેની તાજેતરની ફિલ્મ મહારાજમાં પણ સ્પેશિયલ અપિયરન્સ માટે પ્રસંશા થઈ હતી. જયારે હવે અભિનેત્રીએ IMDB પર પણ મોટી લીડ મેળવી લીધી છે. અભિનેત્રીને સૌથી લોકપ્રિય ભારતીય સેલેબ્સની યાદીમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

IMDbના લોકપ્રિય ભારતીય સેલેબ્સની યાદીમાં શરવરીએ ટોચનું સ્થાન મેળવ્યું છે. અભિનેત્રીએ આ લિસ્ટમાં દીપિકા પાદુકોણને પાછળ છોડી દીધી છે. આ બાબતે પોતાની ખુશી વ્યક્ત કરતાં શર્વરીએ કહ્યું, ‘આ વર્ષ મારા માટે કેવું રહ્યું તે હું શબ્દોમાં વ્યક્ત કરી શકતી નથી. ‘મુંજ્યા’ અને ‘મહારાજ’ ફિલ્મને જે પ્રેમ મળી રહ્યો છે તેના માટે હું દરેકનો આભારી છું.’ માત્ર શરવરી જ નહીં પરંતુ મહારાજના અન્ય કો-એક્ટર્સની પણ રેટિંગમાં વધારો જોવા મળ્યો છે. ફિલ્મમાં ટીનેજરની ભૂમિકા ભજવનાર શાલિની પાંડે પાંચમાં સ્થાને, જયદીપ અહલાવત (જદુનાથ મહારાજ) દસમાં સ્થાને અને જુનૈદ ખાન (કરસનદાસ) 12માં સ્થાને છે. મુંજ્યા આગામી દિવસોમાં 100 કરોડની ક્લબમાં સામેલ થઈ શકે છે. આ યાદીમાં દીપિકા પાદુકોણ બીજા સ્થાને છે, જ્યારે દિશા પટની ચોથું સ્થાન ધરાવે છે. ડાયરેક્ટર નાગ અશ્વિન સાતમા સ્થાને છે. પ્રભાસ આઠમા, અમિતાભ બચ્ચન 15મા અને કમલ હાસન 19મા ક્રમે છે. આ સિવાય કોટા ફેક્ટરી અને પંચાયત જેવી વેબ સિરીઝથી લોકપ્રિય બનેલા એક્ટર જિતેન્દ્ર કુમારને આ લિસ્ટમાં 14મું સ્થાન મળ્યું છે.

# અનંત-રાધિકાના લગ્નપ્રસંગે પરફોર્મ કરવા પહોંચ્યો જસ્ટિન બીબર



12 જુલાઈ, 2024ના રોજ યોજાનાર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન એક મોટી ઈવેન્ટ છે, જેમાં લગ્ન પહેલા ઘણા ફંક્શન થયા. જેમ અંબાણીના તમામ લગ્નમાં થાય છે તેમ તેમના નાના પુત્રના લગ્ન પહેલા પોપ સિંગર જસ્ટિન બીબર તેના પ્રી-વેડિંગ ફંક્શનમાં પરફોર્મ કરશે. પોપ સિંગર જસ્ટિન બીબર ગુરુવારે સવારે મુંબઈ પહોંચી ગયો હતો. જસ્ટિન બીબર શુક્રવાર, 5 જુલાઈના રોજ કપલના સંગીતમાં પરફોર્મ કરશે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનો સંગીત સમારોહ જસ્ટિન બીબર ઉપરાંત બાદશાહ અને કરણ ઔજલા પણ પરફોર્મ કરે તેવી શક્યતા છે. અગાઉ એક મીડિયા રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું હતું કે અંબાણી પરિવાર આગામી વેડિંગ ફંક્શનમાં પરફોર્મ કરવા માટે એડેલ, ડ્રેક અને લાના ડેલ રે સાથે ચર્ચા કરી રહ્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના મિત્રો એક મ્યુઝિકલ ડ્રામા પણ રજૂ કરશે જેમાં તેઓ કપલની લવ સ્ટોરી દર્શાવશે. જસ્ટિન બીબર સૌથી પ્રખ્યાત સિંગર્સમાંથી એક છે અને ચાહકો તેના કોન્સર્ટમાં હાજરી આપવા માટે લાખો રૂપિયા ખર્ચે છે.



# ખોટા માણસ સાથે લગ્ન કરશો તો જિંદગી બરબાદ થઈ જશે : રાની મુખર્જી

અભિનેત્રી રાની મુખર્જીએ બોલિવૂડ અને OTTની દુનિયામાં ખાસ્સું નામ કમાયું છે. અભિનેત્રી પોતાના વિચાર ખુલીને રજૂ કરે છે અને આ વખતે પણ તેણે કંઈક આવું જ કહ્યું છે. અભિનેત્રીએ કહ્યું કે, આનાથી મને મારા લગ્ન માટે નિર્ણય લેવામાં પણ મદદ મળી કે, મારે યોગ્ય કારણસર લગ્ન કરવાની જરૂર છે. કારણ કે, જો તમે ખોટા કારણોસર ખોટા પુરૂષ સાથે લગ્ન કરશો તો તમારું જીવન બરબાદ થઈ જશે. કોઈની સાથે રહીશ અને જીવનભર દુ:ખ સહન કરતી રહીશ. અભિનેત્રીએ કહ્યું કે, આ ફિલ્મ દ્વારા રિયાલિટી ચેક મેળવનાર તે એકમાત્ર નથી. તેણે કહ્યું કે, તે ઘણી છોકરીઓ માટે આંખ ખોલનારી હતી, ઘણા પુરૂષો માટે આંખ ખોલનારી હતી.









સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


### તંત્રની બેફિકરાઇ અને આયોજકોની ગુનાહિત બેદરકારીથી મોટી દુર્ઘટના

# ધાર્મિક મેળામાં અંધાધૂંધી : 122 જિંદગીઓનો અકાળે અંત

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ઉત્તર પ્રદેશના હાથરસથી ૪૭ કિમી દૂર આવેલા ફુલરઈ ગામમાં બીજી જુલાઈના રોજ મંગળવારે ભોલે બાબા દ્વારા આયોજિત સત્સંગમાં એકાએક નાસભાગ મચી જતાં 122 લોકોના અકાળે મોત નિપજ્યા અને 150થી પણ વધુ લોકોને ઈજા થઈ. ભારતમાં અત્યાર સુધી યોજાયેલા ધાર્મિક મેળાવડામાં થયેલી આ સૌથી વધુ જાનહાનિ છે. હવે સરકાર તપાસને નામે બેદરકારીને ઢાંકવા ધમપછાડા કરી રહી છે. પરંતુ 122 માનવ જીંદગીઓનો અંત તંત્રની બેફિકરાઈ અને આયોજકોની ગુનાહિત બેદરકારીને કારણે આવી ગયો એ એક નકરી વાસ્તવિકતા છે.

હકીકતમાં મંગળવારે યુપીના હાથરસ પાસે સત્સંગનો કાર્યક્રમ પૂર્ણ થતા જ લોકો સ્થળ પરથી પરત જવા લાગ્યા હતા, ત્યારે એકાએક નાસભાગ થઈ ગઈ હતી. ઘટના બાદ સ્થળ ઉપર લાશોના ઢગલા અને ઈજાથી કણકણસતા લોકો નિસહાય હાલતમાં કલાકો સુધી પડ્યા રહ્યા. કેટલાક કલાકો બાદ ક્વિક રિસ્પોંસ ટીમના જવાનો ત્યાં પહોંચ્યા, ત્યારે ટીમમાં સામેલ રવિ યાદવને સ્થળ પર જ હાર્ટ એટેક આવ્યો અને તેનું પ્રાણપખેરું ઉડી ગયું હતુ. રવિ યાદવને મૃતદેહો સરખા કરીને એકઠા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ મૃતદેહો જોઈને જ તેને આઘાત લાગ્યો હતો.

બાબાનો સત્સંગ કાર્યક્રમ એકદમ નાના ગામડામાં યોજાયો હોવાથી ત્યાં પાસે કોઈ મોટી હોસ્પિટલ પણ ન હતી. જેને કારણે જે લોકો ઘાયલ હતા, તેમને ઉઠાવી ઉઠાવીને ટ્રેક્ટરોમાં નાંખી નાખીને ઈટાહના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં લવાયાં હતાં. કોમ્યુનિટી સેન્ટરની બહાર જમીન પર જ લાશોના ઢગ ખડકાયેલા છે. આ સમયે વિડંબના એ હતી કે, મૃતદેહોને ઢાંકવા માટે ચાદરો સુદ્ધા ન હતી. હવે આ નાસભાગ કઈ રીતે થઈ તેની તપાસ ચાલી રહી છે. આટલા મોટા પ્રમાણમાં લોકોનાં મોત થયાં તેના કારણે બાબા ભોલે ચર્ચામાં આવી ગયા છે.

બાબા ભોલેનું પશ્ચિમ યુપીમાં મોટું નામ છે પણ આપણે ત્યાં દેશના લોકો તેમને ઓળખતાં નથી. બાબા ભોલે ભેદી અને રહસ્યમય વ્યક્તિત્વ ધરાવે છે, બાબા બનતાં પહેલાં એ શું કરતા હતા એ વિશે જાત જાતની વાતો ચાલે છે. એક તરફ એવો દાવો કરાયો છે કે, ભોલે બાબાનું સાચું નામ નારાયણ સાકાર હરિ છે. જ્યારે બીજી તરફ તેમનું સાચું નામ સૂરજપાલ હોવાની વાત



પણ ચાલી રહી છે. બાબા પોતે ઈટાહ જિલ્લાના બહાદુર નગરી ગામમાં જન્મ થયાની વાત કહેતા રહ્યા છે. જ્યારે તેમને ઓળખનારા લોકોનું કહેવું છે કે, બાબા ભોલેનો જન્મ કાસગંજના પટિયાલીમાં થયો છે.

પટિલાયીમાં તેમનો આશ્રમ પણ છે. નારાયણ હરિના દાવો છે કે, પોતે પહેલાં આઈબીમાં નોકરી કરતા હતા. જ્યારે એક વાત એવી છે કે, સૂરજ પાલ તરીકે તેમણે યુપી પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરી હતી. ૧૬ વર્ષ પહેલાં વીઆરએસ લીધા બાદ તેમણે પટિયાલીમાં ઝૂંપડી બનાવીને રહેવા માંડયું અને લોકોને ઉપદેશ આપવા માંડયો. ધીમે ધીમે લોકપ્રિયતા મળતાં તે પટિયાલીમાં આશ્રમ સ્થાપીને બાબા બની ગયા. બાબાના સવારથી શરૂ થતા સત્સંગના કાર્યક્રમમાં લોકોને ખાવા-પીવાની સુવિધા પણ આપતા અને ભોજનની પણ વ્યવસ્થા કરતા. તેથી દૂર દૂરથી હજારોની ભીડ બાબાના સત્સંગમાં ઉમટવા માંડી હતી.

બાબાનો દાવો છે કે, પોતે કોલેજનું શિક્ષણ પૂરું કર્યા પછી પોતે તરત જ ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)માં કામ કરવા માંડ્યા હતા. પોતે નોકરી કરતા હતા, ત્યારે જ પોતાને સંસારમાંથી રસ ઉડી ગયો હતો અને પોતાને આધ્યાત્મિકતામાં રસ પડી ગયો હતો, તેથી પોતે રાજીનામું ધરી દીધું. બાબા ભોલેના ભક્તો ગરીબ પરિવારોમાંથી આવે છે. તેમનો દાવો તો એવો પણ છે કે, પોતાના કોઈ ગુરૂ નથી અને પરમાત્માના સીધા તેમના પર આશિર્વાદ ઉતર્યા છે. પરમાત્માએ પોતાને સીધો જ ઉપદેશ આપ્યો હતો અને આ ઉપદેશ પોતે લોકોને આપી રહ્યા છે. પોતાને દાનમાં મળતી કરોડોની રકમ એ પોતે પોતાની પાસે નથી રાખતા, પણ પોતાના શ્રધ્ધાળુઓમાં વહેંચી દે છે. બાબા પોતાના સત્સંગમાં આવતાં તમામ લોકોને ભોજન કરાવે છે, હવે મફતનું જમવાની લાલચમાં ઉમટેલા લોકોએ મંગળવારે પોતાનો જીવ ખોઈને તેની કિંમત ચૂકવી છે.

122 લોકોના જીવ લેનારી આ ઘટના પાછળ હવે અનેક કારણો અને થીયરી વર્ણવાઈ રહ્યા છે. એક થીયરી મુજબ સત્સંગ વેળા એકાએક ગાય આવી જતા લોકો ગભરાયા અને નાસભાગ મચી. બીજો તર્ક એવો છે કે સત્સંગ પૂરો થયા બાદ બાબા બહાર નીકળ્યા ત્યારે તેને મળવા જતા કેટલાક સત્સંગીઓને અટકાવાયા. જેને કારણે સુરક્ષાના જવોનો અને સત્સંગીઓ વચ્ચે ઘર્ષણ થતા ધમાચકડી મચી ગઈ. અન્ય જે થીયરીને વધુ મહત્વ અપાયુ છે તેમાં બાબાની ચરણરજ લેવા ગયેલી મહિલાઓએ પડાપડી કરતા જ નાસભાગ મચી હોવાનુ મનાય છે. આ ઉપરાંત સ્થળ પરથી બહાર નીકળવાનો માર્ગ સાંકડો હોવાથી પણ લોકો વચ્ચે ધક્કામુક્કી થયાનું કહેવાય છે. હવે ખરું કારણ શુ છે તે તો તપાસને અંતે જ બહાર આવશે. અત્યારે તો યોગી આદિત્યનાથે તપાસના આદેશ કરી દીધા છે અને ટીમો તેમાં જોતરાઈ ગઈ છે. આ ઘટનામાં પોલીસે 17 લોકો સામે એફઆઈઆર નોંધીને તપાસ પણ શરૂ કરી છે, જ્યારે બાબા ભોલે ફરાર છે. જો કે તેમણે એક વકીલ થકી પત્ર જાહેર કરીને પહેલું નિવેદન પણ કરી દીધું છે. જેમાં તેઓએ પોતે ઘટના સમયે ત્યાં હાજર જ ન હોવાનો દાવો કરી નાંખ્ય છે. બીજી તરફ તપાસ કરતી પોલીસનું કહેવું છે કે, ગૂંગળામણ થતા લોકો સ્થળ પરથી ભાગવા લાગ્યા હતા, જેને કારણે નાસભાગ થઈ હતી. ઉપરાંત સ્થળ ઉપર સ્થાનિક પ્રશાસન દ્વારા અનુમતી અપાઈ, તેના કરતા વધુ લોકો એકઠા કરાયા હતા. એકબીજાની નીચે કચડાઈ જવાથી તેમજ શ્વાસ ના લઈ શકવાને કારણે વધુ જાનહાની થઈ હતી.

હાથરસની ઘટના એ ભારતમાં ધર્મના નામે ધતિંગ કરતા બાબાઓને ત્યાં થતી ગેરવ્યવસ્થા અને તેના ગંભીર પરિણામનો ઉત્તમ નમૂનો છે. જે સામાન્ય લોકો માટે જીવલેણ નિવડ્યો છે. કમનસીબી એ છે કે, સરકારમાં બેઠેલા લોકો આ બાબાઓનો તમાશો જોયા કરે છે અને કશું કરતા નથી. હાથરસના સત્સંગ માટે પણ 80 હજાર લોકોની પરવાનગી લેવાઈ હતી. અને ત્યાં અઢીથી 3 લાખ લોકો આવી ગયા હતા. આમ છતાં સ્થાનક પ્રશાસન કે સરકારને તેની ખબર સુદ્ધા ન પડી. એટલે બાબા જેટલું જ જવાબદાર તંત્ર પણ છે. વળી, આ ઘટના પહેલી પણ નથી. હાથરસ પહેલાં પણ ભારતમાં આ પ્રકારની 15 ઘટનાઓ બની ચુકી છે. જાન્યુઆરી ૨૦૦૫માં મહારાષ્ટ્રના સતારામાં મંધારદેવી મંદિરે નાસભાગ થતા ૩૪૦ શ્રદ્ધાળુઓ માર્યા ગયા હતા. જે બાદ સપ્ટેમ્બર ૨૦૦૮માં રાજસ્થાનના જોધપુરમાં ચામુંડા માતાના મંદિરે બોમ્બની અફવાથી નાસભાગથી ૨૫૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એ જ વર્ષે એટલે કે, ૨૦૦૮ ઓગસ્ટમાં હિમાચલના બિલાસપુરમાં નૈના દેવી મંદિરે નાસભાગ થતા ૧૬૨ લોકોના મોત નિપજ્યા હતા. આ ઘટનાની સરખામણીએ હાથરસની ઘટના, એ ભારતમાં કોઈ ધાર્મિક મેળાવડામાં થયેલી સૌથી વધુ જાનહાનિનો કિસ્સો છે. હાથરસ દુર્ઘટનામાં સત્સંગના પ્રભારી દેવ પ્રકાશ મધુકરને મુખ્ય આરોપી બનાવીને પોલીસે 17 સામે ગુનો નોંધી કાર્યવાહી તો શરૃ કરાઈ છે. પરંતુ તેમાં કોને જવાબદાર ગણીને કાર્યવાહીનો ભોગ બનવુ પડશે એ કહેવાની જરૃર નથી. બાબા હજી ફરાર છે. બાબા અને સરકારી અધિકારીઓ બચી જશે તો પણ નવાઈ નહીં હોય. દરમિયાન હાથરસ નાસભાગનો મામલો સુપ્રીમકોર્ટ-હાઈકોર્ટ પહોંચ્યો છે.

**સત્સંગનો કાર્યક્રમ પૂર્ણ થતા જ નાસભાગ બાદ લાશોના ઢગલાં ખડકાઈ ગયા, 80 હજાર લોકોને માટે મંજૂરી મેળવાયા બાદ 3 લાખ લોકો ભેગા થઈ ગયા છતાં તંત્રને ખબર સુદ્ધા ન પડી, હવે તપાસનું નાટક તો શરૂ કરાયું છે પરંતુ જવાબદારોને સજા મળશે કે કેમ તે સૌથી મોટો સવાલ છે**

# પાક.-અફઘાન બોર્ડર પાસે વિસ્ફોટ, પૂર્વ સાંસદ સહિત 4નાં મોત

**ઈસ્લામાબાદ**

પાડોશી દેશ પાકિસ્તાનના સૌથી અશાંત ગણાતા અફઘાનિસ્તાન સરહદ પાસે રિમોટ કંટ્રોલથી એક કારમાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો જેમાં પૂર્વ સાંસદ અને અન્ય ત્રણ લોકોનાં મોત થયા હતા. પોલીસે આ અંગે જાણકારી આપતા કહ્યું કે વિસ્ફોટ પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદની નજીક અને આદિવાસી વિસ્તાર દામાદોલા ક્ષેત્રમાં થયો હતો. વિસ્ફોટ સમયે પાકિસ્તાની સંસદના ઉપલા ગૃહના સેનેટ સભ્ય હિદાયતુલ્લા પેટાચૂંટણીમાં પોતાના ભત્રીજાના ચૂંટણી પ્રચારમાં ત્યાં આવ્યા હતા.

પાકિસ્તાનના સૌથી મોટા અશાંત વિસ્તાર ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના મુખ્યમંત્રી અલી અમીન અને મુખ્ય સચિવે વિસ્ફોટની ઘટનાને વખોડી હતી. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ હુમલાની ટીકા કરી હતી. પૂર્વ સેનેટર તેમજ અન્ય લોકોનાં મોત પર શોક વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, મૃતક હિદાયતુલ્લા વર્ષ-2012થી 2018 અને ફરીથી વર્ષ-2018થી 2024 સુધી સેનેટના અપક્ષ સભ્ય રહ્યા હતા. આ ઉપરાંત તેઓ સંસદના ઉપલા ગૃહના એરપોર્ટ વિભાગની સ્થાયી સમિતિના અધ્યક્ષ અને રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી ટીમના સભ્ય પણ રહ્યા હતા. મૃતક હિદાયતુલ્લાના પિતા પણ સભ્ય રહ્યા હતા. તેમના મોટાભાઈ ખૈબર પખ્તૂનખ્વાના પૂર્વ ગવર્નર રહી ચુક્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે જાન્યુઆરીમાં પૂર્વ સાંસદે સેનેટ સચિવાલયમાં એક ઠરાવ રજૂ કર્યો હતો, જેમાં કહેવાયું હતું કે સંસદના ઉપલા ગૃહે ઉમેદવારોને ટાર્ગેટ કરી કરાતા હુમલામાં વધારા પર ધ્યાન આપ્યું હતું. ઠરાવમાં પાકિસ્તાન ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટથી સુરક્ષા પડકારોને લીધે જનરલ ચૂંટણીને ત્રણ મહિના ટાળવાનો આગ્રહ કરાયો હતો. જો કે પાકિસ્તાનમાં આગામી મહિને આઠ ફેબ્રુઆરીએ ચૂંટણી સંપન્ન થયા હતા. આ સંજોગ છે કે હિદાયતુલ્લાનું મોત પેટાચૂંટણીમાં ભત્રીજાના ચૂંટણી પ્રચારમાં થયું હતું. અત્યાર સુધી પાકિસ્તાનમાં કોઈપણ પક્ષે જવાબદારી નથી લીધી.



## ન્યૂયોર્કમાં ઇન્ડિયા-ડે પરેડમાં રામ મંદિરની પ્રતિકૃતિનો ફ્લોટ મુખ્ય આકર્ષણ બનશે

**ન્યૂયોર્ક**

ન્યૂયોર્કમાં દર ૧૫મી ઓગસ્ટે - ઈન્ડિયા-ડે-પરેડ યોજાય છે. ૧૯૮૧થી આ પરંપરા શરૂ થઈ છે. આ પરેડમાં હજ્જારો ભારતવાસીઓ ભાગ લે છે. આ વર્ષની ઈન્ડિયા-ડે-પરેડ તો વિશિષ્ટ બનવાની છે. આ પરેડમાં દર વર્ષે વિવિધ 'ફ્લેટેસ' પણ હોય છે. આ વર્ષે આ ફ્લોટ્સ સાથે અયોધ્યા સ્થિત રામમંદિરનો પણ ફ્લોટ રહેશે. આ માહિતી આપતા વિશ્વ હિન્દુ પરિષદ ઓફ અમેરિકા (વીએચપીએ)ના મહામંત્રી અમિતાભ મિત્તલે જણાવ્યું હતું કે આ ફ્લોટ ઉપર ૧૮ ફીટ લાંબી, ૯ ફીટ પહોળી અને ૮ ફીટ ઊંચી અયોધ્યાના રામ-મંદિરની પ્રતિકૃતિ રહેશે. આ વર્ષના જાન્યુઆરીની ૨૨મીએ અયોધ્યામાં નવ નિર્મિત રામ મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથે ભગવાન શ્રીરામની મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તે સમયે ટોચના વિદ્વાન આચાર્યો ઉપસ્થિત હતા. જેઓએ વેદિક-મંત્રોચ્ચારો સાથે આ પ્રાણ-પ્રતિષ્ઠા કરાવી હતી. આ સમારંભને અમેરિકા સ્થિત હિન્દુઓ સહિત વિશ્વભરમાં રહેલા હિન્દુઓએ વધાવી લીધો હતો. ન્યૂયોર્ક સહિત અમેરિકાના અન્ય શહેરોમાં પણ ૧૫મી ઓગસ્ટનો ભારતનો સ્વાતંત્ર્ય દિન ઊજવવામાં આવે છે.

## હું બહેતર કેનેડા માટે હજી કામ કરતો રહીશ પેટાચૂંટણીમાં હાર બાદ જસ્ટિન ટ્રુડોની પ્રતિક્રિયા

### ગત સપ્તાહે લિબરલ પાર્ટીમાંથી ટ્રુડોના રાજીનામાની માંગ ઉઠી હતી

**ટોરોન્ટો**

જસ્ટિન ટ્રુડોએ સોમવારે કહ્યું હતુ કે, બરાબર એક અઠવાડિયા પહેલા ટોરોન્ટો સેન્ટ પોલની પેટાચૂંટણીમાં ઉદારવાદીઓની આઘાતજનક હાર પછી તેઓ વડાપ્રધાન તરીકે રહેવા માટે "પ્રતિબદ્ધ" છે. ટ્રુડોએ મીડિયા સમક્ષ કહ્યું હતુ કે, હાર પછી હંમેશા ઘણાં રિફ્લેક્શન જોવા મળે છે, પરંતુ ત્યાં ઘણું કરવાનું છે.

ગત અઠવાડિયે કન્ઝર્વેટિવ ડોન સ્ટુઅર્ટે લિબરલ ઉમેદવાર લેસ્લી ચર્ચને 590 મતોથી હરાવી સફળતા મેળવી હતી. 2021ની ચૂંટણીમાં લિબરલ્સે 10,000થી વધુ મતોથી આ સીટ જીતી હતી. સોમવારના રોજ ટ્રુડો તેમના પોતાના પક્ષના કેટલાક લોકોની ટીકાઓ વચ્ચે નિરાધાર રહ્યા હતા.

આમ છતાં તેમણે પીછેહઠ કરી ન હતી. ટ્રુડોએ જણાવ્યું હતું કે, હું દરરોજ બહેતર કેનેડા બનાવવાનું કામ કરવા માટે પ્રતિબદ્ધ છું, તેથી હું આવતા વર્ષના કેનેડા દિવસની આતુરતાથી રાહ જોઉ છું અને હું હજુ પણ અનેક કેનેડા ડેની રાહ જોઉ છું. બીજી તરફ પેટાચૂંટણીમાં હાર બાદ વર્તમાન અને ભૂતપૂર્વ લિબરલ સાંસદોએ ટ્રુડોને પક્ષના નેતા તરીકે રાજીનામું આપવા માટે પહેલા પત્રકારો સાથે ખાનગીમાં અને હવે જાહેરમાં હાકલ કરી છે. શુક્રવારે લિબરલ બેકબેન્ચર વેઈન લોંગ ટ્રુડોના રાજીનામા માટે ખુલ્લેઆમ બોલનાર પ્રથમ લિબરલ કોકસ સભ્ય બન્યા હતા. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું હતુ કે, અમારા પક્ષના ભવિષ્ય માટે અને આપણા દેશના સારા માટે, અમને નવા નેતૃત્વ અને નવી દિશાની જરૂર છે.

## ચીનનું તિયાનલોંગ-3 રોકેટ ભૂલથી લોન્ચ થઇ ગયું અને હવામાં ફાટયું

**શાંઘાઈ**

વિશ્વના રહસ્યોને જાણવા વિશ્વભરના દેશો સતત રોકટ લોન્ચ કરતા હોય છે. પરંતુ આ વખતે ચીનની એક નાનકડી ભૂલે વિશ્વભરમાં તેને હાંસીપાત્ર બનાવી દીધું છે. ચીનનું તિયાનલોંગ-3 રોકેટ ભૂલથી લોન્ચ થઈ ગયું અને 50 સેકન્ડ જ હવામાં ઉડયા પછી હવામાં વિસ્ફોટ સાથે ફાટી ગયું. વિસ્ફોટ એટલો જબરજસ્ત હતો કે માઈલો દૂરથી ધુમાડો જોઈ શકાતો હતો.



આ ઘટનાએ ચીનની શી જિનપિંગ સરકારને બેકફુટ પર લાવી દીધી છે. જગતભરમાં હાંસીપાત્ર બન્યા પછી ચીનની સરકારે ઘટનાની તપાસ શરૂ કરી છે. જાણકારી મળી છે કે ચીનના આ શક્તિશાળી રોકેટનું લોન્ચિંગ હમણા નહોતું કરવાનું પરંતુ ભૂલથી રોક્ટ લોન્ચ થઈ ગયું હતું અને વિસ્ફોટ થતાં ફાટી પણ ગયું. આ ઘટના માટે ચીનની સરકારે આ રોકેટ બનાવનાર એક ખાનગી કંપનીને જવાબદાર ઠેરવી છે. જોકે રોક્ટ વિસ્ફોટ સાથે જ્યાં પડયું હતું તે વિસ્તાર પહેલેથી ખાલી કરાવી દીધેલો હતો, તેથી જાનહાનિથી બચી શકાયું. ઘટનામાં કોઈ ઘાયલ નથી થયું. કંપની આ પહેલાં તિયાનલોંગ-2 રોકેટને સફળતાપુર્વક લોન્ચ કરી ચૂકી છે.






# માનુનીઓને મોહક બનાવતાં ફ્લોરલ પ્રિન્ટ આઉટફિટ

કમ્ફર્ટેબલ અને સ્ટાઇલિશ દેખાવા આપણે જાતજાતના અને ભાતભાતના આઉટફિટ પહેરીએ છીએ. એમાં મોનસૂનમાં શું પહેરવું એ અંગે આપણે ઘણી વખત કન્ફ્યુઝ થઇ જઇએ છીએ, કારણ કે મોનસૂનમાં સ્ટાઇલિશ દેખાવું એ એક મોટો ટાસ્ક છે. એમાં ફ્લોરલ પ્રિન્ટ ડ્રેસીસને તમે ટ્રાય કરી શકો છો. ફ્લોરલ સુપર સ્ટાઇલિશ ઓપ્શન છે. શોપિંગ પર જવાનું હોય કે ગર્લફ્રેન્ડ સાથે બ્રંચ ડેટ પર જવાનું હોય કે પછી બોયફ્રેન્ડ સાથે આઉટિંગ પર, ફ્લોરલ પ્રિન્ટ ડ્રેસ તમારા વૉર્ડરોબ્સમાં હોવા જરૂરી છે. ટીનએજર ગર્લ હોય કે કૉલેજ ગોઇંગ કે પછી વર્કિંગ વુમન દરેક એજની યુવતીઓ ફ્લોરલ પ્રિન્ટ ટ્રાય કરી શકે છે.



### વન શોલ્ડર ફ્લોરલ પ્રિન્ટ ડ્રેસ

ડીપ રેડ, બ્લૂ જેવા ડાર્ક કલરના વન શોલ્ડર ફ્લોરલ પ્રિન્ટેડ મિડી ડ્રેસ પાર્ટી આઉટફિટ છે. આ ડ્રેસને તમે મિત્રો, પાર્ટી, બર્થ ડે પર, ડેટ નાઇટ માટે પહેરો અથવા કોઇ અન્યની પાર્ટી માટે પણ પહેરી શકો છો. આઉટફિટને સ્ટેટમેન્ટ ચોકર અથવા શોલ્ડર ડસ્ટર એરિંગ્સ સાથે પૅર કરો.



### ફિટ એન્ડ ફ્લેયર ડ્રેસ

આ પ્રકારના ડ્રેસમાં કમર પર સુંદર ટેસલ ટાઈઅપ ડીટેલિંગ હોય છે. નીચેથી સેમી ફ્લેયર હોય છે. જેથી પહેરવામાં કમ્ફર્ટેબલ લાગે છે. આમાં તમારા મનગમતાં કોઈ પણ ફ્લોરલ પ્રિન્ટની પસંદગી કરી શકો છો. ફિટ એન્ડ ફ્લેયર ડ્રેસને કૉલેજ, ઓફિસ કે પછી રૂટિનમાં કેરી કરી શકો છો.



### ફ્લોરલ રેપ ડ્રેસ

રૂટિન આઉટફિટ પહેરીને કંટાળી ગયા હોવ અને કંઈક નવું ટ્રાય કરવાની ઈચ્છા હોય તો ફ્લોરલ પ્રિન્ટેડ રેપ સ્ટાઈલ ડ્રેસની પસંદગી કરી શકો. ઓફિસમાં પણ આ આઉટફિટને ટ્રાય કરી શકાય. ડાર્ક પ્રિન્ટથી લઈને લાઈટ ફ્લોરલ પ્રિન્ટ પણ રેપ ડ્રેસમાં શૂટ કરશે. એમાં કોલર પેટર્ન ફોર્મલ લુક આપશે.



### ફ્લોરલ પ્રિન્ટેડ એ-લાઇન ડ્રેસ

તમે લેટેસ્ટ ફેશન ટ્રેન્ડ્સથી અપડેટેડ રહેતાં હોવ તો તમને ખ્યાલ હશે કે ટીયર્ડ એ લાઈન ડ્રેસીસ આજકાલ ટ્રેન્ડમાં છે. આ પ્રકારનો ડ્રેસ તમે કેઝ્યુઅલ આઉટિંગ્સ અને બ્રંચ ડેટ્સ માટે પરફેક્ટ રહે છે. આ બીચ વેકેશન આઉટફિટ પણ છે. આ ડ્રેસ મોનસૂન સેન્ડલ કે બેલી સાથે પૅર કરો.



### ફ્લોરલ પ્રિન્ટેડ શોર્ટ જમ્પસૂટ

જમ્પસૂટ યુવતીઓમાં હોટ ફેવરિટ છે, પરંતુ મોન્સૂનમાં લોન્ગ જમ્પસૂટ પહેરવામાં અનકમ્ફર્ટ ફીલ થાય છે. આવી સ્થિતિમાં શોર્ટ જમ્પસૂટ ટ્રાય કરી શકો છો. તેમાં લાઈટ કલર કરતાં બ્રાઈટ કલર વધારે સારા લાગશે. જમ્પ સૂટ પિકોક ગ્રીન, પર્પલ, મરુન જેવા ડાર્ક કલર વધુ આકર્ષક લાગશે.

# ક્યા સંજોગોમાં સ્ત્રીએ ગર્ભનિરોધક ગોળીઓ ન ગળવી જોઈએ?

**સવાલ : હું ૨૮ વર્ષનો પરિણીત યુવાન છું. મે મહિનામાં મારા લગ્ન થયાં હતાં. હવે હું અને મારી પત્ની બાળક પેદા કરવાનું પ્લાનિંગ કરી રહ્યં છીએ. મને પહેલી જ ડિલિવરીમાં પુત્ર જોઈએ છે. ક્યા સમયે અને કેવી રીતે સંભોગ કરવાથી પુત્ર આવે એ સમજાવશો.**

જવાબ : હજી સુધી દુનિયામાં શું ખાવાથી, ક્યારે સંભોગ કરવાથી કે કઈ રીતે સંભોગ કરવાથી છોકરો જ જન્મે એવું નિદાન નથી શોધાયું. આમાં માત્ર ઈશ્વરની ઈચ્છા જ કામ કરે છે. ઘણા લોકો બ્રાહ્મમુહૂર્તમાં સંભોગ કરવાનું કહે છે તો ઘણા લોકો સ્ત્રીનો માસિક પિરિયડ પૂરો થાય એના અમુક દિવસ પછી સંભોગ કરવાની સલાહ આપે છે. આ બધી મિથ્યા વાતો છે, હકીકત નથી. આવા અખતરા કરવાનું કોઈ કહે તો એમાં પડવું નહીં, પણ એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવું.

**સવાલ : મારી ઉંમર ૨૬ વર્ષની છે. મારા લગ્નને ત્રણ વર્ષ થયાં છે. અમને દોઢ વર્ષનું એક બાળક છે. હવે ત્રણેક વર્ષ સુધી અમારે બીજું બાળક નથી જોઈતું. મારી પત્ની ગર્ભવતી ન બને એ માટે હું તેને ગર્ભનિરોધક ગોળી લેવડાવવા માગું છું તો એ ગોળી કઈ રીતે લેવી એની સલાહ આપશો.**

જવાબ : બજારમાં ઓછા પાવરની ગર્ભનિરોધક ગોળી મળે છે એ તમે તમારી પત્નીને સારા ગાઈનેકોલોજિસ્ટની સલાહ અનુસાર આપી શકો છો. જ્યારે તમારી પત્ની મહિનામાં બેસે ત્યારે તેને ગોળી આપવાની શરૂઆત કરવી અને સતત એકવીસ દિવસ સુધી આપવી. પછી આઠેક દિવસ બાદ ફરી મહિનો આવી જશે. એ સમયે પાછી પહેલા દિવસથી ગોળી શરૂ કરાવી દેવાની. એક વાતની ખાસ તકેદારી રાખવી કે જ્યારે પહેલી વાર તમે પત્નીને ગોળી લેવડાવવાની શરૂઆત કરાવો ત્યારે સંભોગ કરતી વખતે તમારે બે અઠવાડિયા માટે નિરોધ વાપરવું જરૂરી છે. બીજી સાઈકલમાં તમારે નિરોધ વાપરવાની જરૂર નથી.

**સવાલ : હું ૨૪ વર્ષની પરિણીત યુવતી છું. મારા લગ્ન હમણા જ થયાં છે. મારે હમણાં બાળક નથી જોઈતું. એ માટે હું ગર્ભનિરોધક ગોળી લેવા માગું છું. ક્યા સંજોગોમાં સ્ત્રીએ ગર્ભનિરોધક ગોળીઓ ન ગળવી જોઈએ?**

જવાબ : જો સ્ત્રીને લાંબા સમયથી લિવરની કોઈક બીમારી લાગુ પડી હોય, તેણે લિવર માટે વિવિધ પ્રકારની તપાસ કરાવી હોય, સ્તન કેન્સર થયું હોય, ગર્ભાશય કે યોનિને લગતો અસાધારણ રક્તસ્ત્રાવ થયો હોય અથવા રક્તવાહિનીમાં લોહી ગંઠાઈ જવાની રક્તાભિસરણની બીમારી હોય કે હાઈપરટેન્શન અને માઈગ્રેન જેવું દરદ હોય તો ગર્ભનિરોધક ગોળીઓ ગળવી ન જોઈએ. બીજા પ્રતિકૂળ સંજોગોમાં ડાયાબિટીઝ અને વાઈની બીમારીમાં તથા સ્તનપાન કરાવતી માતાના કિસ્સામાં પ્રથમ છ મહિના દરમિયાન ગર્ભનિરોધક ગોળી પ્રતિબંધિત ગણાય છે. જો કે એનો ઉપયોગ કરતા પહેલા સ્ત્રી-રોગના નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.

## મુંઝવણ



**સવાલ : હું ૨૭ વર્ષની અપરિણીત સ્ત્રી છું. છેલ્લા ચાર વર્ષથી મેં એક પુરુષ સાથે સંબંધ બાંધ્યો છે. અમે સંભોગ પણ કર્યો છે. કમનસીબે અમે પરણી નથી શક્યાં. હવે મારા લગ્ન એક રૂઢિચુસ્ત પરિવારના પુરુષ સાથે થવાના છે. હું તેમનાથી આ વાત છૂપી રાખવા માગું છું, પરંતુ હું કુમારિકા નથી એ વાત છુપાવી શકું એમ નથી. હું જાણું છું કે સંભોગ સિવાય બીજા અનેક કારણોસર યોનિનું આવરણ તૂટી શકે છે. મારે શી રીતે પુરવાર કરવું કે મારા કિસ્સામાં પણ એવું જ થયું છે?**

જવાબ : જો કોઈ સ્ત્રી એમ કહે કે તે કુમારિકા છે તો દુનિયામાં કોઈ પણ ટેસ્ટ સાબિત ન કરી શકે કે તે કુમારિકા નથી. તમારા નિર્ણયને મક્કમતાથી વળગી રહો. આવી મામૂલી વાતને મોટું સ્વરૂપ ન આપશો.

**સવાલ : હું ૪૧ વર્ષનો પુરુષ છું. મેં પંદરમા વર્ષથી હસ્તમૈથુન શરૂ કર્યું હતું. ત્રણ વર્ષ સુધી દરરોજ હસ્તમૈથુન કર્યા બાદ મને રાત્રે વીર્યસ્ખલન થવાનું શરૂ થયું હતું ત્યારથી દરરોજ રાત્રે સતત વીર્યસ્ખલન થયા કરે છે અને શિશ્નોત્થાનની ક્ષમતા લગભગ ગુમાવી બેઠો છું. ૧૯૯૫માં મારા લગ્ન થયા હતા અને મારે એક તંદુરસ્ત પુત્રી છે. હકીકતમાં મારી પત્ની ફરી સગર્ભા છે, પરંતુ મારું શિશ્નોત્થાન માત્ર ત્રીસેક સેકન્ડ ટકે છે અને મારા વીર્યનો રંગ લગભગ પાણી જેવો છે. આ સિવાય હું સંપૂર્ણપણે સ્વસ્થ છું. મને સલાહ આપવાની કૃપા કરશો.**

જવાબ : હસ્તમૈથુન કે રાત્રે થનારા વીર્યસ્ખલનોથી કોઈ પણ પ્રકારની જાતીય ઊણપ નથી આવતી. એ નોર્મલ, શારીરિક પ્રતિક્રિયાઓ છે અને રોગનિદાનને લગતી કોઈ સમસ્યાઓ નથી. વીર્યનો રંગ, પ્રમાણ અને એનું સાતત્ય ઘણી વાર ઉંમર સાથે બદલાય છે. જીવનસાથીનો સંભોગથી દૂર રહેવાનો સમયગાળો તથા તેની ઉત્તેજનાની તીવ્રતા પણ વીર્યના પ્રમાણ પર અસર કરે છે. આ માટે તમારે કોઈ ડૉક્ટરની સલાહ લેવાની જરૂર નથી.

**સવાલ : જી-સ્પોટ શું છે? એને કેવી રીતે ઉશ્કેરી શકાય?**

જવાબ : જી-સ્પોટ અથવા ગ્રાફેનબર્ગ સ્પોટ સ્ત્રીની યોનિનો એ સંવેદનશીલ હિસ્સો છે જે જાતીય ઉત્તેજનાનો સૌથી વધારે અનુભવ કરી શકે છે. યોનિમાર્ગના પ્રવેશમાર્ગથી બે ઈંચના અંતરે અંદરની બાજુએ એ આવેલો હોય છે. આંગળીઓને આ પ્રદેશમાં આગળપાછળ અને એક સાઈડથી બીજી સાઈડ ફેરવવાથી (સ્ટિમ્યુલેટ કરવાથી) વધતી જતી ઉત્તેજનાને આધારે જી-સ્પોટનું ચોક્કસ સ્થાન પારખી શકાય છે. વધતાજતા સ્ટિમ્યુલેશનથી જી-સ્પોટ ફૂલીને કડક બની જાય છે. જી-સ્પોટની સાથે ક્લિટોરિસ (મદનાંકુર)ને પણ સ્ટિમ્યુલેટ કરવામાં આવે તો સ્ત્રીની ઉત્તેજના ઓર વધે છે.

**સવાલ : મારી ઉંમર 25 વર્ષ છે. હું કોલેજમાં હતી ત્યારે એક છોકરા સાથે લિવ ઈનમાં રહેતી હતી. અમે એક જ કેમ્પસમાં રહેતાં હોવાથી અમે સાથે રહેતાં હતાં પણ અમુક કારણસર અમે અલગ થઈ ગયાં હતાં. અમે સંબંધમાં હતાં ત્યારે તેણે એક વાર ગુસ્સામાં મને માર્યું હતું તે પછી મેં અલગ થવાનો નિર્ણય લીધો હતો. પણ અલગ થયા બાદ મને દુઃખ લાગે છે. હું તેને ભૂલી નથી શકતી. તે હવે મારી સાથે વાત નથી કરતો. હા, કોઈ કોઈ વાર તેનો મેસેજ આવે છે. ફોર્મલ વાતો થાય છે પણ પહેલાં જેવી વાતો નથી થતી. હું હજી તેને ભૂલી નથી શકતી, તેણે મને સોરી પણ કહ્યું છે. મારે ફરી તેની સાથે સંબંધ શરૂ કરવો જોઈએ?**

જવાબ : એકબીજા માટે લાગણી હોય એટલે દૂર થવાનું દુઃખ રહે એ સ્વાભાવિક વાત છે, પણ હાલ તમારે બંનેએ એકબીજાથી દૂર રહેવું જોઈએ. થોડા બ્રેક બાદ એકબીજા માટે લાગણી યથાવત્ હશે તો આપોઆપ એકબીજાની નજીક આવી જશે. બંનેને થોડો સમય લેવાની જરૂર છે. માટે હાલ થોડો સમય લઈ લો.

# અમદાવાદમાં કોંગ્રેસ-ભાજપ કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ, પોલીસે વાળ-કોલર પકડી કરી અટકાયત

**અમદાવાદ**

સોમવારે સદનમાં રાહુલ ગાંધીના નિવેદન બાદ મંગળવારે વહેલી સવારે 4 વાગ્યા સુમારે અમદાવાદ પાલડી સ્થિત કોંગ્રેસ કાર્યલાય ખાતે તોડફોડ કરવામાં આવી હતી. જેને લઈને ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસના કાર્યકારો આમને સામને આવી ગયા હતા અને એકબીજા પર પથ્થરમારો શરૂ કર્યો હતો. આ પથ્થરમારા દરમિયાન પોલીસ મૂકપ્રેક્ષક બની ચૂપચાપ બેસી રહી હતી. આ પથ્થરમારામાં એક પોલીસકર્મીને પણ ઈજા પહોંચી હતી. ઘાયલ પોલીસકર્મીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બાદમાં પોલીસે કાર્યકરોના વાળ અને કોલર પકડીને અટકાયત કરી હતી.

## ભાજપના કાર્યકરોના નામજોગ પોલીસ ફરિયાદ

પોલીસે એકતરફી કાર્યવાહી કરતા કોંગ્રેસે આગામી ૬ જુલાઇના રોજ રાજ્યવ્યાપી દેખાવ કરવાની જાહેરાત કરી હતી. જેને પગલે કોંગ્રેસના પ્રમુખ હિંમતસિંહ પટેલે આપેલી ફરિયાદ પોલીસે નોંધી હતી. જેમાં ઇસીત ભટ્ટ, કશ્યપ જાની, અવિનાશ ગહરવાલ, આકાશ ગેહલોત, રૂશાંગ મર્ચન્ટ, રવિ પટેલ, હેમંત મગરે, યશ પટેલ, ગીરીશ વણઝારા, સુહાગ પટેલ સહિત ૧૫૦ સામે આરોપ હતો.

## અમદાવાદમાં કોંગ્રેસના પાંચ કાર્યકરની ધરપકડ કરાઇ

અમદાવાદઃ મંગળવારે અમદાવાદ કોંગ્રેસ કાર્યાલય પર ભાજપના કાર્યકરો વિરોધ કરવા પહોંચ્યા હતા. ત્યારે ઘર્ષણ થયું અને પથ્થરમારો થયો હતો. પોલીસે અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રવક્તા સંજય બ્રહ્મભટ્ટ, નારણપુરા વોર્ડ કોંગ્રેસના પ્રમુખ મનીષ ઠાકોર, શહેર કોંગ્રેસ ઉપ-પ્રમુખ મુકેશ દંતાણી, કાર્યકર્તા વિમલ કંસારા અને એનએસયુઆઇના પ્રવક્તા હર્ષ પરમારની ધરપકડ કરી હતી.


ક્લાસીફાઇડ

લગ્નવિષયક

કેનેડા, બ્રેમ્પટન સ્થિત, કેનેડીયન સીટીઝન, પ્રતિભાશાળી વૈષ્ણવ યુવક ઉ.વ.31, B.S. (Computer Science), M.S. (Computer Science અભ્યાસ ચાલુ) પ્રતિષ્ઠિત I.T. Companyમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત યુવક માટે યોગ્ય જીવનસાથી જોઈએ છે. ઉચ્ચશિક્ષણ ધરાવતી, સુશીલ, સંસ્કારી, સુંદર અને કેનેડામાં રહેતી વૈષ્ણવ યુવતીના વડીલો તરફથી પૂછપરછ આવકાર્ય છે.

સંપર્ક : શૈલેષ શાહ 905-867-7584.

shaileshshah_10045@yahoo.com 905-497-8466


## ગાંધીનગરના ભાટ ગામે આગની ઘટનામાં યુવક ભડથું થઈ ગયો

**ગાંધીનગર**

ભાટ ખાતે એક બંગલામાં રસોડામાં કોઈ કારણસર લાગેલી આગ બીજા માળ સુધી પ્રસરી ગઈ હતી. આગના કારણે ઉપરના માળે પોતાના રૂમમાંથી બહાર નહીં નીકળી શકવાના કારણે યુવાન ભડથું થઈ ગયો હતો. જ્યારે પરિવારના અન્ય સભ્યો ઘરની બહાર નીકળી જતાં તમામનો બચાવ થયો છે. ત્યારે ફાયર બ્રિગેડની ટીમે સ્થળ ઉપર પહોંચી આગ પર કાબુ મેળવી બાલ્કનીની લોખંડની ગડર કાપીને યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો છે. બંગલોમાં વેદપ્રકાશ દલવાણી તેમના પત્ની, પુત્રી અને પુત્ર સાથે રહે છે. નિત્યક્રમ મુજબ તેમનો પુત્ર આદિત્ય પોતાના રૂમમાં હતો. જયારે પરિવારના અન્ય સભ્યો નીચેના રૂમમાં હતા. રસોડામાં કોઈ કારણસર અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આગ બંગલામાં પ્રસરી ગઈ હતી. બંગલામાં પીઓપી અને ફર્નિચરનાં કારણે આગ પ્રસરી જતાં પ્રથમ માળ સુધી પહોંચી ગઈ હતી. જેનાં પગલે પરિવારે આદિત્યને બુમાબુમ કરી હતી. પરંતુ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા આદિત્ય બહાર નીકળી શક્યો ન હતો અને જોતજોતામાં આગની ઝપેટમાં આવી ગયો હતો. ગાંધીનગર ફાયર બ્રિગેડનાં ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તૂર સહીતની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી.

## ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો કાર્યકાળ 22 જુલાઈએ પૂર્ણ થશે

**અમદાવાદ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો પાંચ વર્ષનો કાર્યકાળ ૨૨મી જુલાઈએ પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે ગુજરાત માટે નવા રાજ્યપાલની તલાશ શરૂ કરી દીધી છે. આચાર્ય દેવવ્રત 22મી જુલાઇ 2019માં રાજ્યપાલ તરીકે આરૂઢ થયા હતા. રાજ્યપાલ મળ્યાં છે પરંતુ તે પૈકી છ રાજ્યપાલ કાર્યકરી પદ પર રહ્યાં હતા જેમાં પીએન ભગવતી 1969 અને 1973 એમ બે વખત કાર્યકારી પદે રહ્યાં હતા. આ સાથે ઉત્તરપ્રદેશને પણ નવા રાજ્યપાલ મળશે. હાલ ત્યાં આનંદીબેન પટેલ રાજ્યપાલ છે. છેલ્લા 10 વર્ષમાં ગુજરાતના નેતાઓ દેશના અન્ય રાજ્યોમાં રાજ્યપાલ બન્યા હોય તેવા કુલ ત્રણ કિસ્સા છે.

## ગુજરાતમાં નવા કાયદા હેઠળ પહેલા જ દિવસે 164 કેસ નોંધવામાં આવ્યા

**ગાંધીનગર**

સમગ્ર દેશમાં સોમવાર (01 જૂલાઈ)થી નવા ત્રણ કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો અમલ શરૂ કરાયો છે. જે અંતર્ગત ગુજરાતમાં પ્રથમ દિવસે 164 ગુના નોંધવામાં આવ્યા હતા.

પ્રથમ ગુનો ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે નોંધવામાં આવ્યો હતો. જો કે પોલીસ અધિકારીઓને નવા કાયદાની કલમનો લઈને ગુનો નોંધવામાં મથામણ કરવી પડી હતી. સોમવારથી સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા-2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023 અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-2023નો અમલ શરૂ કરાયો હતો. રાજ્યમાં આ ત્રણ નવા કાયદાના અનુસંધાનમાં સાંજના પાંચ વાગ્યા સુધી 164 ગુના નોંધાયા હતા. જ્યારે નવા કાયદા મુજબ રાજ્યનો પ્રથમ ગુનો ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે પહેલી તારીખે રાતના એક વાગ્યે નોંધાયો હતો. જે ભારતીય ન્યાય સંહિતાની કલમ 285 હેઠળ વાહનચાલક સામે નોંધવામાં આવ્યો હતો.

## ઉનાળામાં ગુજરાતના પ્રવાસન સ્થળો ઉભરાયા 1.35 કરોડથી વધુ પ્રવાસીઓએ લીધી મુલાકાત

**અમદાવાદ**

દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે લઈ જવા તેમજ પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોતર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજ્યના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે.

આ વર્ષે ઉનાળા વેકેશનના સમયગાળા દરમિયાન, 1 એપ્રિલથી 10 જૂન 2024 સુધીમાં, રાજ્યના 12 પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની 1.35 કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. વર્ષ 2023માં એપ્રિલ અને મે મહિનાના સમયમાં 1.14 કરોડ પ્રવાસીઓએ આ સ્થળોની મુલાકાત લીધી હતી, જેની સરખામણીએ આ વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં 17 ટકાનો વધારો નોંધાયો છે.

આ સમયગાળામાં ગુજરાતના પ્રસિદ્ધ આકર્ષણો જેમ કે, સ્ટેચ્યુ ઑફ યુનિટી (SoU), અટલ બ્રિજ, રિવરફ્રન્ટ-ફ્લાવર પાર્ક, કાંકરિયા તળાવ, સોમનાથ મંદિર, અંબાજી મંદિર, પાવાગઢ મંદિર, દ્વારકા મંદિર, સાયન્સ સિટી-અમદાવાદ, વડનગર, ગીર અને દેવળીયા સફારીનો આનંદ લેવા માટે બહોળી સંખ્યામાં લોકો પહોંચ્યા હતાં. તાજેતરમાં ભારતની યજમાનીમાં આયોજિત થયેલી G-20 બેઠકોનો એક દોર ગુજરાતમાં પણ રહ્યો હતો. રાજ્ય સરકારે, કચ્છના ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળોએ G-20 બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરીને, G-20 દેશના પ્રતિનિધિઓને રાજ્યના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવ્યો હતો.

## 11.64 કરોડની બેનામી મિલકતના પ્રકરણમાં એસ કે લાંગાની ધરપકડ

### ગાંધીનગરના પૂર્વ કલેક્ટર સામે વધુ એક કાર્યવાહી

**અમદાવાદ**

ગાંધીનગરના પૂર્વ કલેક્ટર અને સનદી અધિકારી એસ કે લાંગાની લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે રૂપિયા ૧૧.૬૪ કરોડના અપ્રમાણસર મિલકતોના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. અઢી મહિના પહેલા એસીબીએ લાંગા વિરૂદ્ધ અપ્રમાણસર મિલકતોનો ગુનો નોંધ્યો હતો. જેમાં તેણે પોતાના પુત્ર પરિક્ષીત ગઢવી સાથે મળીને મોટાપાયે ભ્રષ્ટ્રાચાર કરીને સાણંદની રાઈસ મિલ, બોપલમાં જમીન અને મકાનોમાં મોટાપાયે રોકાણ કર્યું હતું. અપ્રમાણસર મિલકત કેસન તપાસમાં લાંગા રિમાન્ડ મેળવવા માટે શુક્રવારે કોર્ટમાં રજૂ કરશે.ગાંધીનગરના તત્કાલિન કલેક્ટર એસ કે લાંગાએ ગાંધીનગરમાં એપ્રિલ ૨૦૦૮થી સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન પોતાના કાર્યકાળમાં હોદાનો દુરૂપયોગ કરીને મોટાપાયે ભ્રષ્ટ્રાચાર કર્યો હતો. જેમાં તેણે તેમના પુત્ર પરિક્ષીત ગઢવી સાથે મળીને ભ્રષ્ટ્રાચારના નાણાંનું સાણંદની રાઈસ મીલમાં,સાણંદમાં ફાર્મ હાઉસમાં અને બોપલમાં અનેક મિલકતોમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું.

## સરકાર દ્વારા 24,700થી વધુ કાયમી શિક્ષકોની ભરતીને લીલીઝંડી

**ગાંધીનગર**

રાજ્યમાં TET-TAT પાસ ઉમેદવારો માટે સરકાર તરફથી મોટા સમાચાર મળી રહ્યા છે. સરકાર દ્વારા હવે કરાર આધારિત શિક્ષકોને બદલે કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. સરકાર લગભગ 24,700થી વધુ શિક્ષકોની ભરતીની જાહેરાત કરી શકે છે. જો કે સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતીને લીલી ઝંડી આપતા ટેટ-ટાટ પાસ ઉમેદવારોમાં ભારે આનંદનો માહોલ છે. ગાંધીનગરમાં કોંગ્રેસના નેતાઓની સાથે ટેટ-ટાટ પાસ ઉમેદવારોએ સરકાર સામે કરેલા ઉગ્ર વિરોધના પખવાડિયામાં જ સરકાર દ્વારા તેમની માંગણીઓ સ્વીકારીને હવે કાયમી શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત કરી દીધી છે.

## દુનિયાની સૌથી મોંઘેરી લગ્નની પત્રિકા પહોંચી ગુજરાતના મંદિરોમાં, ભગવાનને આમંત્રણ અપાયું

### કંકોત્રીમાં ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીનું ઘર, વૈકુંઠને દર્શાવતું વિસ્તૃત ભરતકામ છે

**અમદાવાદ**

સોમવારે, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણી આશીર્વાદ લેવા કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા અને ભગવાન શિવને લગ્નનું પહેલું આમંત્રણ આપ્યું. જેના બાદ ગઈકાલે ગુજરાતના સોમનાથ મહાદેવ મંદિર અને દ્વારકા મંદિર ખાતે આ કંકોત્રી અર્પણ કરવામા આવી હતી. લગ્નની કંકોત્રી ચર્ચાનો વિષય બની છે. જે સંપત્તિ અને સાંસ્કૃતિક વારસો બંનેનું મિશ્રણ કરે છે. આ આમંત્રણ એક મોટા અને સુંદર રીતે શણગારેલા નારંગી



રંગના બોક્સમાં આવે છે. બૉક્સની ઉપર પર ભગવાન વિષ્ણુની એક છબી છે. જેના હૃદયમાં દેવી લક્ષ્મી છે, અને તેની આસપાસ વિષ્ણુનો સ્લોક લખાયેલો છે. બૉક્સની અંદર, ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીનું ઘર, વૈકુંઠને દર્શાવતું વિસ્તૃત ભરતકામ છે. બોક્સમાં વિષ્ણુ મંત્ર પણ વાગે છે, જે આધ્યાત્મિક વાતાવરણને વધારે છે. તેની અંદર મૂર્તિથી સુશોભિત સુવર્ણ પુસ્તક છે. પ્રથમ પૃષ્ઠ પર ભગવાન ગણેશની છબી છે, જેને અલગ અને ફ્રેમ કરી શકાય છે. આમંત્રણ પત્રની સાથે અંબાણી પરિવારની હસ્તલિખિત નોંધ ધરાવતું એક નાનું પરબિડીયું છે. પત્રમાં ભગવાન વિષ્ણુ, દેવી લક્ષ્મી અને મા અંબેના ચિત્રો પણ છે. છેલ્લું પાનું દીવાઓથી પ્રગટાવવામાં આવ્યું છે અને તેમાં ઋગ્વેદનું એક અવતરણ છે

# અષાઢી બીજ : જગન્નાથજીની રથ યાત્રા



## ભગવાન જગન્નાથ આ દિવસે ભાઈ બલભદ્ર અને સુભદ્રા બેન સાથે નગરના લોકોને દર્શન આપવા નીકળે છે

જગન્નાથની રથયાત્રાનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે : અમદાવાદમાં જગન્નાથ મંદિર અને રથયાત્રાનો ઈતિહાસ 450 વર્ષ જુનો છે. જગન્નાથ મંદિર પહેલા હનુમાનજીનું મંદિર હતું. સારંગજીદાસજીને સપનામાં જગન્નાથજીની મૂર્તિ સ્થાપિત કરવાનો આદેશ મળ્યો હતો. જેથી તેઓ પુરીથી નીમકાષ્ઠની બનેલી મૂર્તિઓ લાવ્યા અને સંપુર્ણ વિધિવિધાન સાથે તેની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી

અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથ તેમના ભાઈ બલભદ્ર અને સુભદ્રા બેન સાથે નગરના લોકોને દર્શન આપવા નીકળે છે. જગન્નાથની રથયાત્રાનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાં આ રથયાત્રાનું વર્ણન છે. કપિલ સંહિતામાં પણ રથયાત્રાનો ઉલ્લેખ મળે છે.

જગન્નાથપુરીમાં જે મૂર્તિ- પ્રતિમા બિરાજે છે, તે ભગવાન શ્રી કૃષ્ણનું હૃદય જ છે. રાજા ઈન્દ્રદ્યુમનએ આ મૂર્તિ મંદિરમાં સ્થાપિત કરી હતી. ભારતના પૂર્વીય સમુદ્ર કિનારે, ઓડીસ્સામાં ચારધામમાંના એક પુરીના જગન્નાથ મંદિરમાં ભગવાન વિષ્ણુના અવતાર જગન્નાથ સ્વરૂપે પૂજાય છે. જગન્નાથ એટલે રાધા-કૃષ્ણનું યુગલ સ્વરૂપ એમ પણ માનવામાં આવે છે. જગન્નાથ અહીં મોટાભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે બિરાજમાન છે.

પૌરાણિક માન્યતા અનુસાર : અષાઢી બીજ એ રથયાત્રાનું મંગળ પર્વ છે. રથયાત્રા અંગે ઘણી કથાઓ પુરાણોમાં મળી આવે છે. કૃષ્ણની કથા અનુસાર એકવાર દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણ રાત્રિ દરમિયાન સૂઈ રહ્યા હતા. નજીકમાં જ રુક્મણી પણ સૂઈ ગયા હતા. નિદ્રામાં શ્રીકૃષ્ણએ રાધાના નામનું ઉચ્ચારણ કર્યું. આ સાંભળીને રુક્મણી અચંબિત થઈ ગયા. સવાર થતા જ રુક્મણીજીએ આ વાત અન્ય પટરાણીઓને કહી અને કહ્યું કે, આપણી આટલી સેવા, પ્રેમ અને સમર્પણ પછી પણ સ્વામી રાધાને યાદ કરવાનું ભૂલતા નથી. તે સમયે ભગવાન કૃષ્ણ તેમના ભાઈ ભગવાન બલરામ સાથે દ્વારિકાની બહાર ગયા હતા. ત્યારે કૃષ્ણ ભગવાનની ૧૬૧૦૮ રાણીઓએ માતાને પુછ્યું કે "અમે કૃષ્ણ ભગવાનની આટલી સેવા કરીએ છીએ છતાં શ્રીકૃષ્ણજી દિવસમાં રાધાનું નામ જ લે છે". ત્યારે માતા બોલ્યા કે "જો કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં ન પ્રવેશે તો હું આ રહસ્ય કહું". પરંતુ ત્યાં સુભદ્રાજી ઉપસ્થિત હતા એ યોગ્ય ન લાગતા રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા અને કહ્યું કે "કૃષ્ણ કે બલરામને અંદર પ્રવેશવા ન દેતા. "આદેય પટરાણીઓ માતા રોહિણી પાસે બેઠી અને શ્રીકૃષ્ણની વ્રજ લીલા, ગોપીઓ સાથેનો ભગવાનન પ્રેમ કેટલો અદભૂત હતો એ જાણવાનો આગ્રહ કરવા લાગી. રોહિણીએ ઘણી આનાકાની કરી અને છેવટે તેમણે ભગવાનની લીલાઓ કહેવાનું શરૂ કર્યું. સુભદ્રા દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે કૃષ્ણ અને બલરામ પાછા આવ્યા તો એમણે જોયું કે સુભદ્રા દરવાજા પર કાન રાખીને ઉભા છે. કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં પ્રવેશવા ગયા તો સુભદ્રાએ તેમને રોક્યા. તો કૃષ્ણ અને બલરામ સુભદ્રાની જેમ દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે અચાનક ભક્તિના ભાવને લીધે ત્રણેના હાથ અને પગ સંકોચાવા માંડ્યા અને આંખો મોટી થવા માંડી. એવામાં નારદજી ત્યાં પધાર્યા. ત્રણેને આમ ઊભા એક સાથે મૂર્તિવત ઉભેલા જોઈને તેમણે વિનંતી કરી, નારદ મુનિએ કૃષ્ણ ભગવાનને કહ્યું કે તમારુ આ રૂપ જગતને બતાવો. તો કૃષ્ણ ભગવાને નારદ મુનિને આ રૂપ ત્રેતાયુગમાં જગતને બતાવવાનું વચન આપ્યું. પ્રભુ એ કળીયુગમાં કાષ્ઠની મુર્તિ રૂપે રહેવા વરદાન આપ્યું. અને આમ આજે જે રથયાત્રામાં દર્શન જોવા મળે છે એવા શ્રી કૃષ્ણ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામનો જન્મ થયો હતો.

### અમદાવાદમાં જગન્નાથ મંદિરની સ્થાપના અને રથયાત્રાનો ઈતિહાસ



આ મંદિરનો ઈતિહાસ 450 વર્ષ જુનો છે. આ મંદિરની સ્થાપના સારંગજીદાસે કરી હતી. જગન્નાથ મંદિર પહેલા હનુમાનજીનું મંદિર હતું. આ મંદિરના નિર્માણ પાછળ એક આદેશ કારણભુત છે. સારંગજીદાસજીને સપનામાં જગન્નાથજીની મૂર્તિ સ્થાપિત કરવાનો આદેશ મળ્યો હતો. જેથી તેઓ પુરીથી નીમકાષ્ઠની બનેલી મૂર્તિઓ લાવ્યા અને સંપુર્ણ વિધિવિધાન સાથે આ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ. અષાઢીબીજના દિવસે એટલે કે 1 જૂલાઈ 1978માં પ્રથમ રથયાત્રા યોજાઈ હતી. 140 વર્ષ પહેલાં જગન્નાથ મંદિરના મહંત નરસિંહદાસજીએ પ્રથમવાર ઈ.સ.1978ની અષાઢી બીજના દિવસે રથયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

### રથયાત્રાનો વૈભવ

રથયાત્રા અગાઉ, જેઠ સુદ પૂનમના દિવસે જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ જળયાત્રાનું સરઘસ સાબરમતી નદી પર આવી ગંગાની માનસ પૂજા કરે છે તેમજ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા ત્રણેય ભગવાનનું ષોડષોપચાર પૂજન કરીને તેમને પ્રતીકાત્મક રીતે મામાના ઘરે મોકલવામાં આવે છે. આ દિવસથી મંદીર બંધ રાખવામાં આવે છે. યાત્રાના બે દિવસ પહેલા નેત્રોત્સવની ઉજવણી કરવામાં આવે છે. મોસાળમાં વધુ પડતું ખાઈને નેત્રદાહ ગયો છે તેવું માનીને ભગવાનને નેત્રને રાહત થાય તેવી સારવાર વિધિઓ પૂજા દ્વારા કરવામાં આવે છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામજી નેઅલગ અલગ રથમાં બિરાજમાન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથજી નગરના લોકોને દર્શન આપવા નીકળે છે. ભગવાન જ્યારે નગરચર્યા માટે નીકળે ત્યારે રાજા તેમનો માર્ગ સાવરણીથી સ્વચ્છ કરે છે તેવી લોકવાયકા છે. આથી અમદાવાદની રથયાત્રામાં પણ આ પહિંદ વિધિ યોજવામાં આવે છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી સોનાની સાવરણી લઈને ભગવાનનો રસ્તો સ્વચ્છ કરે છે. સૌથી વધુ વખત 'પહિંદ વિધિ" કરવાનો વિક્રમ વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીજીનો છે. નગરચર્યાએ નીકળેલા જગન્નાથજીનું ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરાય છે. શણગારેલા, ગજરાજો (હાથી), ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી વિવિધ થીમ સાથે શણગારેલી ટ્રકો, અંગ કસરતના દાવ બતાવતા અખાડા, ભજન મંડળીઓ, બેન્ડવાજા, રથ ખેંચવા માટે ખુબ જ મોટી સંખ્યામાં ખલાસી ભાઈઓ તેમજ સાધુ-સંતો ભાગ લે છે. સમગ્ર નગરને આવરી લેતી આ રથયાત્રાના વિસામા તરીકે સરસપુર ભગવાન જગન્નાથજીનું મોસાળ ગણાય છે અને હવે રણછોડજી મંદિરમાં દર વર્ષે ભગવાનનું મોસાળુ કરાય છે. ભાણેજો મામાની ઘરે લાડકોડ પામે એ જ રીતે અહીં ભગવાન જગન્નાથ, બલરામજી અને બહેન સુભદ્રાને વિવિધ વસ્ત્ર પરિધાન, સોના-ચાંદીના આભૂષણો તેમજ અનેક સામગ્રીઓ ભેટ સ્વરૂપે આપવામાં આવે છે, જેની તૈયારીઓ મહિનાઓ અગાઉ શરૂ થઈ જાય છે.

રથયાત્રા દરમ્યાન ઠેરઠેર નામી-અનામી કલાકારો તેમજ સામાન્ય જનતા દ્વારા ગવાતા ભજનો, ગરબાઓ, કીર્તનોની રસધારાના ભક્તિમય અને સંગીતમય વાતાવરણમાં ભક્તો જગન્નાથમય બની જાય છે. દિવસભર ચાલતી આ રથયાત્રા સવારે 7 વાગ્યે નિકળી અમદાવાદના 22 કિલોમીટર લાંબા માર્ગ પર ફરીને રાત્રે 8.30 વાગ્યે નીજ મંદિરે પરત ફરે છે.

**- ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

### અષાઢી બીજ એટલે રથયાત્રા અને કચ્છીઓનું નવું વર્ષ




ગુજરાતમાં આવેલો કચ્છ જિલ્લો અને કચ્છીઓ અષાઢી બીજને નવા વર્ષ તરીકે ઉજવે છે. દેશવટો ભોગવી કચ્છના કુશળ શાસક લાખો ફુલાણી દેશવટો ભોગવી કચ્છ પરત ફર્યા અને તે દિવસે કચ્છમાં મનભરીને વરસાદ વરસ્યો અને તરસ્યા કચ્છના લોકોએ આનંદિત થઈ આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. વિક્રમ સંવત કરતાં ચાર માસ આગળ કચ્છી નવું વર્ષ ઉજવવામાં આવે છે. દુનિયાના દરેક ખૂણામાં ક્યાંય પણ વસતાં કચ્છીઓ આજે પોતાના કચ્છી લોકોને નવા વર્ષના વધામણા આપે છે. કચ્છભરમાં લોકો આ દિવસને હર્ષોલ્લાસ સાથે આવકારે છે. દરિયાકાઠે વસનારા નાવિકો પોતાના વહાણોને શણગારે. અષાઢી બીજે દરિયાદેવનું અક્ષત, ચંદન, પુષ્પથી પૂજન કરી શ્રીફળ વધેરે છે.

### દેશ-વિદેશમાં રથયાત્રા સાથે ભવ્ય મહોત્વસની ઉજવણી થાય છે



માત્ર ભારતના અન્ય રાજ્યો કે નાનામોટા નગરોમાં જ નહીં, દુનિયાના અનેક દેશોમાં પણ રથયાત્રા નીકળે છે. જ્યાં જ્યાં કૃષ્ણ મંદિર છે ત્યાં શ્રીકૃષ્ણની પ્રતિમાને રથમાં બેસાડીને શેહરમાં ફેરવવામાં આવે છે. ઈસ્કોન મંદિર દ્વારા લગભગ દરેક સ્થળે આ રથયાત્રા યોજાય છે. ડબલીન, લંડન, મેલબોર્ન, પેરીસ, ન્યૂ યોર્ક, સિંગાપોર, ટોરોન્ટો, મલેશિયા, કેલિફોર્નિયામાં પણ ભવ્ય રથયાત્રા મહોત્સવ ઊજવાય છે.

## અમદાવાદમાં 147મી જગન્નાથ રથયાત્રા

# 47 લોકેશનસ પરથી 96 કેમેરા-20 ડ્રોન-1733 બોડીવોર્ન કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાશે

અમદાવાદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રાની 147મી કડી શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવાની પોલીસ તંત્રની સજ્જતાની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ અમદાવાદ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ યોજાતી રથયાત્રા જન ઉમંગ અને ઉલ્લાસનું ધર્મપર્વ છે તે સંદર્ભમાં કહ્યું કે, ભગવાનના દર્શન માટે લોકો જુના, જર્જરીત મકાનો કે ભયજનક ઈમારતોનો સહારો ન લે તે માટે પોલીસ અને સ્થાનિક પાલિકા તંત્ર સતર્ક રહે તે આવશ્યક છે. તેમણે આવા પોઈન્ટ પર



પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકોને જાનમાલની સલામતીના કારણોસર ત્યાં જતા અટકાવવા ખાસ તાકીદ કરી હતી. અમદાવાદ મહાનગરમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રા



16 કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ રથયાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું.

8,700થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે રહેશે. પોલીસ કમિશનરએ જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા માટે આઈ.જી. કક્ષાથી લઈને પોલીસ કર્મીઓ સુધી કુલ મળીને 18,700થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે ફરજરત રહેવાના છે. રથયાત્રામાં જોડાનારા રથો, ટ્રક, અખાડા અને ભજન મંડળીઓ, મહંતોની સુરક્ષા માટે રથયાત્રા સાથે મુવિંગ બંદોબસ્તમાં 4500 જેટલા પોલીસ કર્મીઓ જોડાવાના છે. સમગ્ર યાત્રામાં ટ્રાફિક અડચણ નિવારવા અને સુચારૂ ટ્રાફિક સંચાલન માટે ટ્રાફિક બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનરના નેતૃત્વમાં 1931 જવાનો તૈનાત રહેશે. એટલું જ નહિં, 16 જેટલી ક્રેઈનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# હાથરસમાં સત્સંગમાં નાસભાગથી 122નાં મોત, 150 ઘાયલ

## મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે, ભારે વરસાદને કારણે અનેક મકાનોને નુકસાન

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગના કાર્યક્રમમાં નાસભાગ થતા 122થી વધુ લોકો માર્યા ગયા હતા, જ્યારે ૧50થી વધુ લોકો ઘાયલ થયા છે. દેશમાં છેલ્લા એક દસકામાં નાસભાગની ઘટનાઓમાં આ સૌથી મોટી જાનહાની માનવામાં આવે છે. હાથરસ જિલ્લાના ફુલરઈ ગામમાં ભોલે બાબા નામના એક બાબા દ્વારા આ સત્સંગનું આયોજન કરાયું હતું, ભોલે બાબાનું પ્રવચન પૂર્ણ થયા બાદ શ્રદ્ધાળુઓ સ્થળ પરથી પરત ફરી રહ્યા હતા, આ દરમિયાન જ નાસભાગ થઈ હતી. હાથરસ પ્રશાસને અનુમતી આપી તેના કરતા વધુ લોકો એકઠા કરાયા હતા. જ્યારે બેદરકારી પૂર્વક કાર્યક્રમનું આયોજન કરનારો બાબા હાલ



ફરાર છે. શ્રદ્ધાળુઓમાં મોટાભાગની મહિલાઓ સામેલ થઈ હતી. સત્સંગનો કાર્યક્રમ પૂર્ણ થતા જ લોકો સ્થળ પરથી પરત જવા લાગ્યા હતા, જોકે એક રિપોર્ટ અનુસાર કાર્યક્રમના આયોજકોએ જ્યાં સુધી બાબા સ્થળ પરથી ના જતા રહે ત્યાં સુધી લોકોને જતા અટકાવ્યા હતા. પરિણામે એક જ જગ્યાએ બહુ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. આ સમયે અચાનક જ ધક્કામુક્કી થવા લાગી જે નાસભાગમાં ફેરવાઈ ગઈ, લોકો એકબીજાને કચડીને ભાગવા લાગ્યા હતા. ઘટના બાદ સરકારે મૃતકના પરિવારજનોને 4 લાખ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી હતી. જ્યારે ઈજાગ્રસ્તો માટે 50 હજાર આપવા નિર્ણય કરાયો હતો

## હાથરસ કાંડમાં મારો હાથ નથી, ઘટના વખતે હું સ્થળ પર હતો નહીં : બાબા

ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગના કાર્યક્રમ બાદ થયેલી ધક્કામુક્કીમાં મૃત્યુઆંક ૧૨2 સુધી પહોંચી ગયો છે, મૃતકોમાં ૧૧૪ જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા આ મામલે એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. જોકે ફરિયાદમાં સત્સંગનું આયોજન કરનારા નારાયણ સાકાર હરિ ઉર્ફે ભોલે બાબાનું નામ નથી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે કાર્યક્રમ માટે ૮૦ હજાર લોકોની અનુમતી અપાઇ હતી જ્યારે સ્થળ પર ૨.૫ લાખ લોકો ઉપસ્થિત હતા, સત્સંગ કરનારો ભોલે બાબા હજુ પણ ફરાર છે પણ તેણે એક નિવેદન જાહેર કરીને દાવો કર્યો છે કે હું જતો રહ્યો તે બાદ ધક્કામુક્કી થઇ હતી તેથી આ સમગ્ર ઘટનામાં મારો કોઇ હાથ નથી, બહારના લોકો દ્વારા આ નાસભાગને અંજામ અપાયો છે. ઘટના સમયે હું ત્યાં હાજર જ ન હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઘાયલોની મુલાકાત લીધી હતી, જે બાદ તેમણે પત્રકારોની સાથે વાતચીતમાં કહ્યું હતું કે જે પણ લોકો જવાબદાર હશે તેમની સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

## કોઈનું ગૂંગળાઈ જવાથી તો કોઈનું માથામાં ઈજા થવાને કારણે મોત થયું

બુધવારે હાથરસથી આગ્રા લઈ જવામાં આવેલા 21 મૃતદેહોનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ હવે સામે આવ્યો છે, જેમાં પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં મોટાભાગના લોકોના મોત ગૂંગળામણને કારણે થયા હોવાનું જણાવવામાં આવ્યું છે. રિપોર્ટ મુજબ ત્રણ લોકોના મોત માથામાં ઈજાના કારણે થયા છે. તો અન્ય ત્રણ લોકોએ આઘાત અને હેમરેજને કારણે પણ પોતાના જીવ ગુમાવ્યા હતા. ચીફ મેડિકલ ઓફિસર અરુણ શ્રીવાસ્તવે જણાવ્યું કે, મોટાભાગના કેસોમાં છાતીમાં લોહી જમા થવાને કારણે લોકોનો શ્વાસ રૂંધાવાના કારણે થયા છે. અને જે પણ મૃતદેહો આવ્યા હતા તેમના મૃતદેહ માટીથી લથબથ હતા. 21 મૃતદેહોમાં 35 થી 60 વર્ષની વયની મહિલાઓનો સમાવેશ થાય છે.

## લોકોએ બાબાના પોસ્ટર ફાડી નાંખ્યા, ઈંટ-પથ્થર-ચપ્પલો ફેંકીને રોષ ઠાલવ્યો

લોકોના મોતને લીધે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બુધવારે ઘટનાસ્થળે એકત્ર થયેલા ટોળાનો રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ મુખ્ય દ્વાર પર બાબાના પોસ્ટર પર ઈંટો, પથ્થરો અને ચપ્પલ ફેંક્યા હતા. આ ઘટનાની જાણ થતા જ પોલીસકર્મીઓમાં ઘટનાસ્થળે પહોંચીને લોકોને સમજાવીને ત્યાંથી હટાવવામાં આવ્યા હતા. નોધનીય છે કે, બુધવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઘટના સ્થળનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. પોસ્ટરમાં લખ્યું હતું કે ‘સોચ કર દેખો, સાથ ક્યાં જાયેગા?’ બાબાના સત્સંગનું આયોજન છેલ્લા કેટલાંય દિવસથી ચાલી રહ્યું હતું.

## દુર્ઘટનામાં 122 લોકોનાં મૃત્યુ માટે બાબાના બ્લેક કમાન્ડો જવાબદાર : રિપોર્ટ

SDMએ હવે આ અકસ્માતનો પ્રાથમિક તપાસ રિપોર્ટ જિલ્લા મેજિસ્ટ્રેટ (DM)ને સુપરત કર્યો હતો. એ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, સત્સંગની સમાપ્તિ પછી ભક્તો ભોલે બાબા સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેમના સેવકો અને અંગત ગાર્ડ્સ (બ્લેક કમાન્ડો) જાતે જ ધક્કા-મુક્કી કરવા લાગ્યા હતા જેના લીધે ઘટનાસ્થળે નાસભાગ મચી ગઈ હતી. એસડીએમના જણાવ્યા અનુસાર સત્સંગમાં બે લાખથી વધુ ભક્તો હાજર હતા. ભોલે બાબા લગભગ 12.30 વાગ્યે પંડાલમાં પહોંચ્યા અને તેમનો કાર્યક્રમ 1 કલાક સુધી ચાલ્યો. દરમિયાન ભોલે બાબા બપોરે 1.40 વાગ્યે પંડાલમાંથી બહાર આવ્યા ત્યારે ભક્તો તેમના ચરણોની ધૂળને સ્પર્શ કરવા આગળ આવ્યા હતા. લોકો ડિવાઈડર કૂદીને બાબાના વાહન તરફ દોડવા લાગ્યા હતા. પરંતુ બાબાના અંગત રક્ષકો અને સેવકોએ ધક્કે ચઢાવવાની શરૂઆત કરી. ત્યારપછી ઘણાં લોકો નીચે પડી ગયા અને ભીડ નીચે કચડાવા લાગ્યા.

# ભાજપના ભ્રષ્ટાચારીઓએ ભગવાનને પણ ન છોડયા, બે વરસાદમાં 10,000 કરોડ ધોવાયા

**અયોધ્યા**

ભગવાન રામની નગરી અયોધ્યાની હાલત અત્યારે અત્યંત દયનીય છે. ભ્રષ્ટાચારી અસુરો દ્વારા ભગવાનની પવિત્ર નગરીને ભીંસમાં લેવામાં આવી છે. પ્રજા લાચાર છે અને પીડામાં છે. ભગવાન રામની જન્મસ્થળી અને પવિત્ર યાત્રાધામ અયોધ્યામાં પહેલાં જ વરસાદે તારાજીના દ્રશ્યો સર્જાયા છે. અહીંયા ચારે તરફ પાણી ભરાયા છે. અને લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. લોકોની જવા દઈએ ભગવાન રામ લલ્લા પોતે ભાજપના ભ્રષ્ટાચારીઓનો ભોગ બન્યા છે. ભગવાનના ગર્ભગૃહમાં



જ વરસાદી પાણી ટપકી રહ્યું છે અને લોકોની આંખમાંથી આંસુ ટપકી રહ્યા છે પણ બની બેઠેલા રામભક્તો અને નેતાઓને આ દેખાવાનું નથી.

ચૂંટણી પહેલાં અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું નરેન્દ્ર મોદીના હાથે ઉદઘાટન કરાયું ત્યારે અયોધ્યાની કાયાપલટ કરી દેવાની મોટી મોટી વાતો કરાઈ હતી. અયોધ્યામાં વિદેશનાં શહેરોમાં હોય એવા રોડ-રસ્તા સહિતની સગવડો ઉભી કરીને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની ડંફાસ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ભાજપના બીજા નેતાઓએ મારી હતી પણ અયોધ્યામાં પડેલા પહેલા વરસાદે આ ડંફાસોની પોલ ખોલી નાંખી છે. અયોધ્યા કાદવ-કીચડ અને ગંદકીનો અડ્ડો બની ગયું છે અને સરકાર કશું કરી નથી રહી તેથી ભગવાન શ્રી રામની નગરી સાચા અર્થમાં રામભરોસે થઈ ગઈ છે.

# સીબીઆઈએ નીટ પેપર લીકમાં 7માં કાવતરાખોરને ઝારખંડમાંથી ઝડપ્યો

## નીટ પરીક્ષામાં ગેરરીતિના કેસમાં મોટી કાર્યવાહી કરાઈ

**રાંચી**

નીટ UG પરીક્ષામાં ગેરરીતિના કેસમાં ઝારખંડમાં સીબીઆઈ દ્વારા મોટી કાર્યવાહી સામે આવી છે. સીબીઆઈએ બુધવારે નીટ-UG પેપર લીક કેસમાં કાવતરાખોર કહેવાતા અમન સિંહની ઝારખંડના ધનબાદથી ધરપકડ કરી હતી. નીટ-UG તપાસના સંબંધમાં તપાસ એજન્સી દ્વારા આ સાતમી ધરપકડ છે.

રવિવારે, સીબીઆઈએ ગુજરાતના ગોધરા જિલ્લામાં એક ખાનગી શાળાના માલિકની ધરપકડ કરી હતી, જે આ કેસમાં છટ્ઠી ધરપકડ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સીબીઆઈને પેપર લીકમાં કથિત રીતે ઝારખંડમાં કાર્યરત મોડ્યુલ વિશે ગુપ્ત માહિતી મળ્યા બાદ સિંઘની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે એજન્સીએ અગાઉ હજારીબાગ સ્થિત ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ અને બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેમણે કથિત રીતે નીટ ઉમેદવારોને રહેવા માટે ફ્લેટ પૂરો પાડ્યો હતો, જ્યાંથી બિહાર પોલીસે બળી ગયેલા પ્રશ્નપત્રો મેળવ્યા હતા.

## અંતરિક્ષમાં જતા પહેલા વડાપ્રધાન મોદી મણિપુરની મુલાકાતે જાય : જયરામ રમેશ

**નવી દિલ્હી**

હાલમાં જ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો અમે વડાપ્રધાનને અવકાશમાં મોકલી શકીએ તો અમને ખૂબ ગર્વ થશે. એસ સોમનાથના આ નિવેદન પર કોંગ્રેસે વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે ‘વડાપ્રધાને અંતરિક્ષમાં જતા પહેલા મણિપુરની મુલાકાત લેવી જોઈએ. મીડિયા અહેવાલો અનુસાર,ISROના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો વડાપ્રધાન મોદી ભારતના પ્રથમ માનવ મિશન ગગનયાન હેઠળ અવકાશમાં જવા માંગે છે તો તે ખૂબ જ ગર્વની વાત હશે. ગગનયાન વર્ષ ૨૦૨૫માં લોન્ચ થવાનું છે.

## ઉત્તર પ્રદેશના રામપુરામાં અકસ્માતમાં પિતા, ત્રણ દીકરા સહિત પાંચના મોત

**રામપુર**

ઉત્તર પ્રદેશના રામપુરમાં આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પિતા અને ત્રણ દીકરા સહિત પાંચ લોકોના દર્દનાક મોત થઈ ગયા છે. પત્ની અને એક દીકરો ગંભીર રીતે ઘાયલ છે જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાથી પરિવારમાં હાહાકાર મચી ગયો છે.

સ્વાર કોતવાલી ક્ષેત્રના મુકરમપુર નિવાસી ૬૦ વર્ષીય અશરફ અલી અને તેમના પત્ની ઝૈતૂન બેગમ હજ પઢવા માટે ગયા હતા. તેઓ બુધવારે હજ પઢીને પરત ફરી રહ્યા હતા. દિલ્હીથી તેમને લેવા માટે તેમનો પુત્ર નક્શે અલી (૪૫), આરીફ ઉર્ફે મહબૂબ અલી (૩૮), ઈન્તેકાફ અલી (૩૦), આસિફ અલી (૨૦) અને ગામના જ ડ્રાઈવર એહસાન અલી (૩૦) ગયા હતા. પરત ફરતી વખતે રામપુર-મુરાદાબાદ રોડ પર મુંઢાપાંડે વિસ્તારમાં કારને રોડબેઝ બસે કચડી નાખી હતી. આ અકસ્માતમાં હાજી સહિત પાંચ લોકોના મોત થઈ ગયા છે. સૌથી નાનો પુત્ર આસિફ અલી અને પત્ની ઝૈતૂન બેગમ ગંભીર રીતે ઘાયલ છે. માહિતી મળતા જ ગામના લોકો ઘટનાસ્થળે રવાના થઈ ગયા હતા. મૃતકોના ઘરમાં હાહાકાર મચી ગયો છે.

## સીબીઆઈ તપાસની આડમાં મને પરેશાન કરાઈ રહ્યો છે: HCમાં કેજરીવાલની અરજી

**નવી દિલ્હી**

કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં સીબીઆઈ દ્વારા નોંધાયેલા કેસમાં જામીન મેળવવા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુધવારે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજકની સીબીઆઈ દ્વારા 26 જૂને તિહાર જેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં હજુ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. જોકે, કેજરીવાલે સીબીઆઈ કેસમાં પોતાની ધરપકડને હાઈકોર્ટમાં પડકારી છે. અપીલમાં જણાવ્યું છે કે, સીબીઆઈ તપાસ ચાલુ છે, તેની આડમાં મને પરેશાન કરાઈ રહ્યો છે.

# ઉત્તરાખંડ અને આસામમાં ભારે વરસાદનું રેડ એલર્ટ, અરુણાચલમાં 60,000 લોકો પ્રભાવિત

નવી દિલ્હી

હવામાન વિભાગે 7 જુલાઈ સુધી અનેક રાજ્યોના વિવિધ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. આસામમાં પૂરથી 28 જિલ્લાના 11.5 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. બીજી તરફ મણિપુરમાં શાળા-કોલેજો ગુરુવાર સુધી બંધ રાખવામાં આવી છે.

ઉત્તર-પશ્ચિમથી પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાનો વરસાદ થઈ રહ્યો છે. બુધવારે પશ્ચિમ હિમાલયના પહાડી રાજ્યોમાં છૂટાછવાયા સ્થળોએ



વરસાદ થયો હતો. રાષ્ટ્રીય રાજધાની અને આજુબાજુના વિસ્તારો સહિત મધ્ય ભારતના કેટલાક ભાગોમાં ભારે અને કેટલાક ભારે વરસાદ થયો હતો. જેના કારણે ભેજવાળી ગરમીમાંથી રાહત મળી છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદને કારણે આસામ સહિત પૂર્વોત્તર રાજ્યો પૂરનો સામનો કરી રહ્યા છે.

આસામમાં સ્થિતિ અત્યંત ગંભીર છે અને રાજ્યના 28 જિલ્લાઓમાં 11.5 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. મણિપુરમાં શાળા અને કોલેજો ગુરુવાર સુધી બંધ કરી દેવામાં આવી છે. હવામાન વિભાગે 7 જુલાઈ સુધી અનેક રાજ્યોના વિવિધ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે અને રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જારી કર્યા છે.

# CM પદેથી ચંપાઇનું રાજીનામું, હેમંત સોરેન ફરી બન્યા ઝારખંડના મુખ્યમંત્રી

રાંચી

લગભગ ૫ મહિના પછી હેમંત સોરેન ઝારખંડમાં સત્તામાં પાછા આવી ગયા છે. હેમંતે કથિત જમીન કૌભાંડ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ પહેલા સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ હવે તેમની મુક્તિ બાદ તેઓ ફરીથી મુખ્યમંત્રી બની ગયા છે.

ઝારખંડની કમાન ફરી હેમંત સોરેને સંભાળી લીધી છે. ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન આજે ઝારખંડના ૧૩મા મુખ્યપ્રધાન તરીકે શપથ લઈ લીધા છે. ઝારખંડના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને રાજભવનમાં હેમંત સોરેનને મુખ્યમંત્રી પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હેમંત સોરેન ત્રીજી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે.

આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી ચંપઈ સોરેને ગઈકાલે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપ્યા પછી જેએમએમના નેતા હેમંત સોરેન રાજભવન ખાતે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો. ત્યારે હવે હેમંત સોરેને ત્રીજી વખત રાજ્યની કમાન સંભાળી લીધી છે.

# જોધપુરમાં ટ્રિપલ મર્ડર : મહિલાને કાપી નાખી, બાળકીઓને ટાંકામાં ડુબાડી દીધી

જોધપુર

રાજસ્થાનના જોધપુરમાંથી ટ્રિપલ મુર્ડરની એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જોધપુરના બનાર પોલીસ સ્ટેશન વિસ્તારના નંદરા ખુર્દમાં બે માસુમ બાળકીઓ સહિત ત્રણ લોકોની હત્યાથી ચકચાર મચી જવા પામી છે. ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને હત્યાનો ભેદ ઉકેલવાનું શરૂ કર્યું હતું. ગુનેગારોએ બે મહિલાઓ પર કુહાડી વડે હુમલો કર્યો હતો, જ્યારે બે માસૂમ બાળકીઓને પાણીમાં ડુબાડી દીધી હતી. અજાણ્યા હુમલાખોરે ૬૭ વર્ષીય મહિલા ભંવરી દેવી પર કુહાડી વડે હુમલો કરીને તેમની હત્યા નિપજાવી હતી. જે બાદ ૨૭ વર્ષીય મહિલા સંતોષ દેવીને કુહાડી વડે મારવામાં આવતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. હાલમાં સંતોષ દેવીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બદમાશોએ પાંચ વર્ષની ભાવના અને સાડા ત્રણ વર્ષની લક્ષિતાને પાણીની ટાંકીમાં ડુબાડીને નિર્દયતાથી તેમનો જીવ લીધો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલ મહિલાને હોસ્પિટલ લઈ ગઈ. જ્યારે ત્રણ મૃતકોના મૃતદેહને મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે.

# મહારાષ્ટ્રમાં ઝિકા વાઈરસનો ફેલાવો વધ્યો આરોગ્ય મંત્રાલયે અન્ય રાજ્યોને એલર્ટ કર્યા

## એડીસ મચ્છરોથી થતાં ચેપ પર નજર રાખી તેની સામે પગલાં લેવાશે : નોડલ અધિકારી

મુંબઈ

મહારાષ્ટ્રમાં ઝિકા વાઈરસના વધતા જતા કેસોને જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઝિકા વાઈરસના કેસો મળી આવ્યા છે. જેના પગલે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમામ રાજ્યોને એક એડવાઈઝરી જારી કરી છે. જેમાં દેશભરમાં આરોગ્ય ક્ષેત્રે દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે. રાજ્યોને સગર્ભા સ્ત્રીઓના ઝિકા વાઈરસની તપાસ પર ધ્યાન




કેન્દ્રિત કરવા અને સંક્રમિત જોવા મળેલી મહિલાઓના ભ્રૂણ વિકાસ પર ધ્યાન આપવા પર ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે.

હેલ્થ સર્વિસ ડિરેક્ટર જનરલ ડૉ. અતુલ ગોયલ દ્વારા એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે, આ ઉપરાંત મંત્રાલયે આરોગ્ય સુવિધાઓ માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરવાની પણ સુચના આપી હતી. જે એડીસ મચ્છરોથી થતાં ચેપ પર નજર રાખશે અને તેની સામે પગલાં લેશે. ઝિકા વાઈરસનો ચેપ એડીસ મચ્છર કરડવાથી ફેલાય છે. તેમજ આ મચ્છર ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનું કારણ પણ બને છે. 2 જુલાઈ, 2024 સુધી પુણેમાં ઝિકાના છ કેસ અને કોલ્હાપુર અને સંગમનેરમાં એક-એક કેસ નોંધાયા છે.

# બિહારમાં ભ્રષ્ટાચારનો ભોરિંગ : છેલ્લા ૧૫ દિવસમાં આઠ પુલ ધરાશાયી થયા

## પુલો તૂટતાં રાજ્ય સરકાર સફાળી જાગી : સંબધિત વિભાગો પાસેથી રિપોર્ટ મંગાવ્યા

નવી દિલ્હી

બિહારના સિવાન જિલ્લામાં આજે એક પુલ ધરાશયી થયો છે. આ સાથે જ રાજ્યમાં છેલ્લા ૧૫ દિવસમાં આઠ પુલ ધરાશયી થયા છે. આજની ઘટનામાં સદનસીબે કોઇ જાનહાનિ થઈ નથી. આજે ધરાશયી થયેલ પુલ ગંડક નદી પર બાંધવામાં આવ્યો હતો. આ પુલ તૂટયા પછી સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રાથમિક તપાસ અનુસાર આ પુલનું નિર્માણ ૨૦૦૪માં કરવામાં આવ્યું હતું. બ્રિટિશ સમયના જૂના પુલની બાજુમાં આ નવા પુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પુલનું નિર્માણ સ્થાનિક એમએલએના ફંડમાંથી કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૫ દિવસમાં આઠ પુલ તૂટી જવાને કારણે



અનેક ગામો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. જેના કારણે લોકોના સામાન્ય જીવન પર અસર પડી રહી છે અને તેમને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આજે તૂટેલો નાનો પુલ સિવાન જિલ્લાના દેવરિયા બ્લેકમાં આવેલો હતો. જે મહરાજગંજ સાથે અનેક ગામોને જોડતો હતો. છેલ્લા ૧૧ દિવસમાં સિવાન જિલ્લામાં બીજો પુલ ધરાશયી થયો છે.

# અમરનાથ યાત્રામાં તૈનાત રહેલા સુપરવાઈઝરે ફોન પર કર્યા લગ્ન

અમરનાથ

અમરનાથજીની યાત્રા માટે પહેલગામના નુનવાન બેઝકેમ્પમાં ફરજ બજાવતા સુપરવાઈઝર ફૈઝલ અહેમદે સમર્પણનું અનોખુ પ્રદર્શન કર્યું છે. જાણકારી પ્રમાણે ફૈઝલે વર્ચ્યુઅલ રીતે લગ્ન કર્યા હતા, જેથી કરીને તે બેઝકેમ્પમાં પોતાની જવાબદારીઓ નિભાવી શકે. આ પ્રસંગે ગ્રામીણ વિકાસ વિભાગ અને સેવા પ્રદાતાઓના કાર્યકરોએ ગ્રામીણ સ્વચ્છતા અંતર્ગત એક નાનું આયોજન પણ કર્યું હતું.

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના ઝૈનાપોરાનો રહેવાસી ફૈઝલ અહેમદે કેમ્પમાં રહીને પોતાનું કામ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. એક અધિકારીએ વાત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રસંગે ડઝનેક લોકો હાજર રહ્યા હતા. અને તેમના માટે મિઠાઈ અને ચા- બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. ગ્રામીણ સ્વચ્છતાના મહાનિર્દેશક અનુ મલ્હોત્રાએ આ વિશેષ પ્રસંગે ફૈઝલ અહેમદને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આ અંગે અધિકારીઓએ કહ્યું કે, તેમનું સમર્પણ સ્વચ્છતા મિશનની સફળતાને સુનિશ્ચિત કરવાની ભૂમિકા દર્શાવે છે. ફૈઝલે ફોન પર લગ્ન કર્યાની વાત દેશમાં ચર્ચાનો વિષય બની છે.

# ધર્માંતરણ ન અટક્યું તો દેશમાં બહુમતી વસતી લઘુમતી બની જશે : અલ્લાહાબાદ હાઈકોર્ટ

પ્રયાગરાજ

દેશમાં વિવિધ મેળાવડા વખતે વધી રહેલા ધર્માંતરણ અંગે ચિંતા વ્યક્ત કરતા અલ્લાહાબાદ હાઈકોર્ટે ચેતવણી આપી કે, આ જ ટ્રેન્ડ ચાલુ રહેશે તો બહુમતી વસતી એક દિવસ લઘુમતી બની જશે. ધર્માંતરણ કરાવતી ધાર્મિક સભાઓ તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવો જોઈએ. આવા આયોજનો બંધારણની કલમ ૨૫ મારફત અપાયેલા ધાર્મિક સ્વતંત્રતાના અધિકારથી વિરુદ્ધ છે. અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધિશ રોહિત રંજન અગ્રવાલે જણાવ્યું કે, બંધારણની કલમ ૨૫ કોઈપણ વ્યક્તિને પોતાના ધર્મમાં વિશ્વાસ ધરાવવા, પૂજા કરવા અને પોતાના ધર્મનો પ્રચાર કરવાની સ્વતંત્રતા આપે છે. ધર્મ પ્રચારની સ્વતંત્રતા કોઈને ધર્મ પરિવર્તન કરાવવાની મંજૂરી નથી આપતી.

# રેપ કેસમાં સમાધાન માન્ય નહીં, હાઈકોર્ટે સમાધાન ફગાવી કહ્યું, ન્યાય વેચાય નહીં

નવી દિલ્હી

રેપના એક કેસમાં આરોપી અને ફરિયાદી મહિલા વચ્ચે કોર્ટ બહાર થયેલી એક સમજૂતીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. સાથે જ કહ્યું હતું કે રૂપિયા લઈને થયેલી સમજૂતીના આધારે રેપના કેસોની ફરિયાદો રદ કરવા લાગીશું તો ન્યાયનું વેચાણ થયું ગણાશે. માટે આવી કોઈ જ સમજૂતી ના સ્વીકારી શકાય.

આરોપીએ દિલ્હી હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે અપીલ કરી હતી, જેની સુનાવણી દરમિયાન આરોપીએ એવો દાવો કર્યો હતો કે ફરિયાદી મહિલાએ મારી સાથે ફરિયાદ પરત લેવા માટે દોઢ લાખ રૂપિયામાં સમજૂતી કરી લીધી છે. માટે આ ફરિયાદને રદ કરી દેવામાં આવે. જોકે હાઈકોર્ટે આ દલીલોને ફગાવતા કહ્યું હતું કે રેપના કેસમાં કોર્ટ બહાર સમજૂતી કરીને ફરિયાદ રદ કરવાની માગણી ના કરી શકાય. હાઈકોર્ટના ન્યાયાધીશ સ્વરણા કાંતા શર્માએ કહ્યું હતું કે શારીરિક છેડતી કે રેપના કેસોમાં રૂપિયા લઈને કરાયેલી સમજૂતીનો સ્વીકાર ના કરી શકાય. ફરિયાદમાં મહિલાએ દાવો કર્યો હતો કે આરોપીએ પોતાની ઓળખ છુપાવી હતી અને પોતે છૂટાછેડા લઈ લીધા હોવાનો દાવો કર્યો હતો, બાદમાં મારી સાથે લગ્નનુ વચન આપીને શારીરિક સંબંધ બાંધ્યો હતો.

# રાજસ્થાનમાં ભાજપ સરકારને ઝટકોઃ કિરોડી લાલ મીણાએ મંત્રી પદેથી આપ્યું રાજીનામું

જયપુર

રાજસ્થાનની ભજનલાલ સરકારમાં કેબિનેટ મંત્રી કિરોડી લાલ મીણાએ તમામ હોદા પરથી રાજીનામું આપી દીધું છે. રાજસ્થાનમાં લોકસભા ચૂંટણી 2024ના પરિણામો બાદ ચાલી રહેલી અટકળોને આખરે સમર્થન મળી ગયું છે. રાજસ્થાન ભાજપના અગ્રણી નેતા અને ભજન લાલ સરકારમાં કેબિનેટ મંત્રી ડૉ.કિરોડી લાલ મીણાએ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. કિરોડી લાલે પણ પોતાનું રાજીનામું મુખ્યમંત્રી ભજન લાલને મોકલી આપ્યું છે. પૂર્વ રાજસ્થાનની સીટો પર હારની જવાબદારી લેતા કિરોડી લાલે રાજીનામું આપી દીધું છે. લોકસભા ચૂંટણીના પરિણામો આવતાની સાથે જ મંત્રી કિરોડી લાલે સરકારી સુવિધાઓ છોડી દીધી હતી.




# વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ક્રિકેટ ટીમની PM સાથે મુલાકાત

## રોડ શોમાં જોવા મળી રોહિત અને કોહલીની જુગલબંધી



આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડકપની ફાઈનલ મેચ 29 જૂને રમાઈ હતી. આ મેચમાં, ભારતીય રાષ્ટ્રીય ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને સાત રનથી હરાવીને બીજી વખત આઈસીસી ટી20 વર્લ્ડ કપનો ખિતાબ કબજે કર્યો છે. ટીમ ઈન્ડિયાનું તેના વતન ભારતમાં જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય ટીમના ખેલાડીઓ મરીન ડ્રાઈવ પર ખુલ્લી બસમાં સવાર થયા હતા. રોહિત શર્મા અને વિરાટ કોહલી એકસાથે ટ્રોફી ઉઠાવતા જોવા મળ્યા હતા.

## ટ્રોફી સાથે આપ્યો પોઝ : રોહિત શર્મા અને રાહુલ દ્રવિડે વડાપ્રધાનને ટ્રોફી સોંપી

ભારતીય ક્રિકેટ ટીમ બાર્બાડોસની ધરતી પર T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ચેમ્પિયન બની હતી. ગુરૂવારે સવારે 6 વાગ્યે દિલ્હીના IGI એરપોર્ટ પર પહોંચી હતી. ત્યારે હવે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. વડાપ્રધાન મોદી ટીમ ઈન્ડિયાના ખેલાડી સાથે વાત કરી હતી. આ દરમિયાન ભારતીય ટીમને ચેમ્પિયન બનાવનાર કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય કોચ રાહુલ દ્રવિડે વડાપ્રધાનને ટ્રોફી સોંપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ 7 લોક કલ્યાણ માર્ગથી રવાના થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરૂવારે વહેલી સવારે રોહિત શર્માના નેતૃત્વમાં વિશ્વ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમ બાર્બાડોસથી દિલ્હી આવી પહોંચી હતી. T20 વર્લ્ડ કપની ટ્રોફી જીતીને ઈન્ડિયન ક્રિકેટ ટીમ દિલ્હી એરપોર્ટ પર પહોંચી ત્યારે ચાહકોની ભારે ભીડ ઉમટી પડી હતી ભારતીય ટીમનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને એરપોર્ટની બહાર આવતા અને બસમાં બેસીને હોટેલ તરફ રવાના થતા જોઈ ફેન્સ ખુશ ખુશ થઈ ગયા હતા. વિરાટ કોહલી ફેન્સનું અભિવાદન ઝીલતો દેખાયો હતો.

## ક્રિકેટ ચાહકોએ એમ્બ્યુલન્સને 20 સેકન્ડમાં રસ્તો કરી આપ્યો

ટીમ ઈન્ડિયાની એક ઝલક માટે મુંબઈના રસ્તાઓ પર ભારે ભીડ ઉમટી હતી. ત્યાં એક એમ્બ્યુલન્સ આવી પહોંચતા લોકોની નજર તેના પર ગઈ હતી. જે બાદ લોકોએ માત્ર 20 સેકન્ડમાં તેને રસ્તો આપી શિષ્ટતાની પ્રતિતિ કરાવી હતી.

## T20માં ભારતીય ટીમ 17 વર્ષ બાદ બની ચેમ્પિયન



ભારતીય ટીમે T20 વર્લ્ડ કપ 2024માં ઈતિહાસ રચી દીધો હતો. આ પહેલા ભારતીય ટીમ 2007નો T20 વર્લ્ડ કપ જીતી ચૂકી છે. આ ઉપરાંત ભારતીય ટીમે 1983 અને 2011માં વનડે વર્લ્ડ કપ સ્પર્ધામાં સફળતા મેળવી હતી. આ વખતે 17 વર્ષ પછી ટીમ ટ્રોફી જીતી શકી છે.

**વર્લ્ડ કપ જીત્યા બાદ વિરાટ કોહલી, કેપ્ટન રોહિત શર્મા અને સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી**

## પરેડ વખતે ટીમ ઈન્ડિયા સાથે દેખાયા રાજનેતા રાજીવ શુક્લા

ટીમ ઈન્ડિયાનું મુંબઈમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યા પછી ટીમ ઈન્ડિયા મરીન ડ્રાઈવ માટે નીકળી હતી. એરપોર્ટથી બસ રવાના થઈ ત્યારે વિરાટ કોહલીની પાસે કોંગ્રેસના જાણીતા નેતા રાજીવ શુક્લા બેઠા હતા. ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ નરીમાન પોઈન્ટથી શરૂ થઈને વાનખેડે સ્ટેડિયમ પહોંચી હતી.

## PM મોદીને મળ્યા બાદ વિરાટ કોહલીએ કહ્યું- તમને મળીને ગર્વ થયો



પીએમ સાથેની મુલાકાત બાદ વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી તેમા લખ્યું હતું કે, 'આજે આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને મળીને ખૂબ ગર્વ અનુભવું છું. અમને વડાપ્રધાનના નિવાસસ્થાન પર આમંત્રણ આપવા બદલ સાહેબનો આભાર.' તેમણે પીએમ મોદીને ટેગ પણ કર્યા હતા. જોત- જોતામાં આ તસવીરો વાયરલ થવા લાગી અને થોડી જ વારમાં લાખો લાઈક્સ મળી હતી.

## ટીમ ઈન્ડિયાનું એરપોર્ટ ખાતે અનોખી રીતે સ્વાગત




મુંબઈ: મુંબઈ એરપોર્ટ પર ભારતીય ખેલાડીઓને ગજબનો પ્રેમ મળ્યો હતો. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ જે ફ્લાઈટથી મુંબઈ પહોંચ્યા હતા તેને મુંબઈ એરપોર્ટ પર વોટર કેનન સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ ટીમની વિક્ટરી પરેડ મુંબઈના મરીન ડ્રાઈવ પર સાંજના પાંચ વાગ્યાના સુમારે થવાની હતી, પરંતુ એરપોર્ટથી લઈને મરીન ડ્રાઈવ પહોંચવામાં કલાકો વીતી ગયા હતા, જ્યાં રસ્તાની ચારેબાજુ લાખો લોકોની જનમેદની જોવા મળી હતી.

## ટીમ ઈન્ડિયાને સન્માન સાથે 125 કરોડનો ચેક અર્પણ કરાયો




વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારતીય ટીમના ખેલાડીઓનું બીસીસીઆઈના અધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જય શાહે તેમને 125 કરોડનો ચેક આપ્યો હતો. આ દરમિયાન સમગ્ર ટીમ ઈન્ડિયાને સ્ટેજ પર બોલાવવામાં આવી હતી. ખેલાડીઓએ ટ્રોફી સાથે મેદાનમાં વિક્ટ્રી લેપ કર્યું હતું.

## કાઉન્ટી ક્રિકેટમાં જેમ્સ એન્ડરસનનો ઘાતક સ્પેલ, છ ઓવરમાં છ વિકેટ ઝડપી



**લંડન :** ઈંગ્લેન્ડના અનુભવી પેસ બોલર જેમ્સ એન્ડરસને માર્ચ મહિનામાં ભારત સામે પોતાની છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. ચાર મહિના બાદ ક્રિકેટના મેદાનમાં પરત ફરેલા એન્ડરસને રેડ બોલથી વધુ એક વખત ઘાતક સ્પેલ નાખ્યો હતો. કાઉન્ટી ચેમ્પિયનશિપમાં એન્ડરસને સાઉથપોર્ટ ખાતે નોટિંગહામ સામે લેન્કેશાયર તરફથી રમીને માત્ર ૧૦ ઓવરમાં જ છ વિકેટ ઝડપી લીધી હતી. ૪૧ વર્ષીય અનુભવી બોલરે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧,૧૨૦ વિકેટ પણ પૂરી કરી હતી. આ સિદ્ધિ મેળવનાર એન્ડરસન પ્રથમ પેસ બોલર પણ બન્યો છે.

## ભારત સામે મળેલા પરાજયને પચાવવો મુશ્કેલ, હજુ પણ ટીમ હતાશ છે : મિલર



**જોહાનિસબર્ગ :** આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં રસાકસી બાદ ભારતીય ટીમે સામે થયેલા પરાજયથી હતાશ થયેલા સાઉથ આફ્રિકન ખેલાડી ડેવિડ મિલરે જણાવ્યું હતું કે આ હારને પચાવવી મુશ્કેલ છે. આશા છે કે અમારી ટીમ આ આઘાતને ભૂલી જઈને નવેસરથી શરૂઆત કરવામાં સફળ રહેશે. હું ઘણો હતાશ છું અને બે દિવસ પહેલાં જે બન્યું છે તેને પચાવવું મુશ્કેલ છે. મારી પાસે લાગણીઓને વ્યક્ત કરવાના શબ્દો નથી. તેમ છતાં મને મારી ટીમ ઉપર ગર્વ છે અને મને આશા છે કે ટૂંક સમયમાં તમામ ખેલાડીઓ માનિસક રીતે મજબૂત થઈને મેદાનમાં પરત ફરશે.

## હસરંગાનો તાજ છીનવી હાર્દિક બન્યો ટી-૨૦ ઓલરાઉન્ડર્સમાં નંબર-વન



**દુબઇ :** ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર ઓલરાઉન્ડર હાર્દિક પંડયાને આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં મોટો ફાયદો થયો છે. તે શ્રીલંકાના વાનિંન્દુ હસરંગાને પાછળ રાખીને નંબર-૧ ઓલરાઉન્ડર બની ગયો છે. હાર્દિકે કારકિર્દીમાં પ્રથમ વખત આ રેન્કિંગ હાંસલ કર્યું છે. ઓલરાઉન્ડર્સની યાદીમાં ઓસ્ટ્રેલિયાના માર્કસ સ્ટોનિસ, સિકંદર રઝા, બાંગ્લાદેશના શાકિબ અલ હસન તથા ઈંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોનને પણ એક-એક સ્થાનને ફાયદો થયો છે.

## આર્જેન્ટિનાની ઓલિમ્પિક ફૂટબોલ ટીમમાંથી સુકાની મેસ્સીની બાદબાકી



**બ્યૂનસ એર્સ (આર્જેન્ટિના) :** વિશ્વના શાનદાર ફૂટબોલર્સમાં સામેલ લાયોનલ મેસ્સી ચાલુ મહિનાના અંતે યોજાનારી પેરિસ ઓલિમ્પિકમાં આર્જેન્ટિનાની ફૂટબોલ ટીમ તરફથી રમતો જોવા મળશે નહીં. કોચ ઝેવિયર માશેયરાનો જાહેર કરેલી ટીમમાં કતાર ખાતે ચેમ્પિયન બનેલી ફિફા વર્લ્ડ કપની ટીમના ચાર ખેલાડીઓને સ્થાન અપાયું છે જેમાં સ્ટ્રાઈકર જુલિયન અલ્વારેઝ અને ડિફેન્ડર નિકોલસ ઓટામેન્ડી સામેલ છે. ૩૭ વર્ષીય મેસ્સી હાલમાં કોપા અમેરિકા કપમાં આર્જેન્ટિનાનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે.

# કેનેડાના મૂલ્યો સૌને જોડે છે, સ્વદેશીઓને સમર્થન : ટ્રુડો

## કેનેડાના 157મા સ્થાપના દિવસ નિમિત્તે ટ્રુડો અને સિમોને સંબોધન કર્યુ : ન્યુફાઉન્ડલેન્ડ અને લાબ્રાડોરમાં મેમોરિયલ ડેની ઉજવણી, ઓટ્ટાવામાં ભવ્ય સમારોહ

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડા ડેની ઉજવણી વેળાના સંબોધનમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ દેશની પ્રશંસા કરી હતી. જેમાં તેમણે બહુલવાદ સમાવેશ અને ન્યાયીપણાની પ્રતિબદ્ધતાની વાતો દોહરાવીને ભૂતકાળના અન્યાયને દૂર કરવા અને સ્વદેશી લોકો સાથે સમાધાનને આગળ ધપાવવાના ચાલુ પ્રયત્નોની નોંધ લીધી હતી.

તેમણે કહ્યું હતુ કે, કેનેડાના મૂલ્યો સૌને એકસાથે રાખે છે. વિશ્વભરના ઘણા લોકો તેમની પાસે જે છે તે બધું સાચવે છે અને અમારો ભાગ બનવા માટે તેઓ બધું પાછળ છોડી દે છે.

આજે પણ આપણે સહિયારા સમાધાનના માર્ગ પર આગળ વધી રહ્યા છીએ. ટ્રુડોએ બ્રિટિશ કોલંબિયામાં રેકોર્ડ કરાયેલા વીડિયોમાં વધુમાં જણાવ્યું હતું કે, હેલ્થ કેરના કાર્યકરો આપણા



માટે મહત્વના છે. સાતે જ સશસ્ત્ર દળોની કામગીરી સદાય બિરદાવવા લાયક રહી છે. એક લેખિત નિવેદનમાં ગવર્નર જનરલ મેરી સિમોને કેનેડિયનોને યાદ અપાવ્યું હતુ કે, દેશ ઘણા જુદા જુદા દૃષ્ટિકોણથી આકાર લે છે.

હું કેનેડિયનોને અમારા બધા અવાજો અને અમારી બધી વાર્તાઓને સ્વીકારવા અને ઉજવવા પ્રોત્સાહિત કરું છું. સહાનુભૂતિ, જિજ્ઞાસા અને સંવાદ સાથે આગળ વધો તો દરેક ક્ષેત્રમાં દરેકને તક અને સફળતાઓ મળશે. કેનેડાના 157મા જન્મદિવસ નિમિત્તે ટ્રુડો અને સિમોને દેશને સંબોધન કર્યું હતું. રાષ્ટ્રીય રજા પર દરિયા કિનારેથી દરિયાકિનારા સુધી ઉજવણી થઈ રહી છે.

ન્યુફાઉન્ડલેન્ડ અને લાબ્રાડોરમાં લોકોએ સોમવારે પણ મેમોરિયલ ડેની ઉજવણી કરી હતી. રાજધાનીઓટાવામાં ફરી એકવાર સત્તાવાર કેનેડા ડે સમારોહ યોજાયો હતો.

# યુદ્ધને કારણે છૂટા પડેલા યુક્રેનિયન મિત્રો કેનેડા ડેના લોંગ વિકએન્ડ પર ભેગા થયા

**ટોરોન્ટો**

યુક્રેન રશિયાના યુદ્ધને કારણે છૂટા પડી ગયેલા અને કેનેડાની મુસાફરી કરનારા બે યુવાન મિત્રો કેનેડા ડેના લોંગ વિકએન્ડના અંતે ફરી ભેગા થયા હતા. કિરા પોલિશુક સ્વિફ્ટ કરંટ, સાસ્કમાં રહે છે, જ્યારે શાશા ફિલિપચુક સડબરી, ઓન્ટેરિયોમાં રહે છે.

ગત મહિને એક મીડિયા હાઉસે આ બંને મિત્રો વિશે વાતો રજૂ કરી હતી. જેમાં સ્વિફ્ટ કરંટના એક દંપતીને ટોરોન્ટોમાં ફરીથી મળવા માટે શ્રેષ્ઠ મિત્રોએ મોટાભાગના ખર્ચને આવરી લેવા તૈયારી દાખવી હતી.

11 વર્ષની છોકરીઓએ છેલ્લે 23 ફેબ્રુઆરી 2022ના રોજ રશિયાના આક્રમણના આગલા દિવસે અને શાશાના નવમા જન્મદિવસે એકબીજાને જોયા હતા. છોકરીઓ હંમેશની જેમ, એકસાથે શાળાએ ગઈ, અને સંભવિત યુદ્ધ વિશે તેમની મૂંઝવણ શેર કરી હતી. તેઓએ ક્યારેય એકબીજાને ગુડ-બાય કહ્યું નહીં. બીજા દિવસે વહેલી સવારે મિસાઈલો શરૂ થઈ અને તેમના જીવનનો માર્ગ કાયમ માટે બદલાઈ ગયો હતો. શાશાને તેના ડાબા હાથમાં ઘણી વખત ગોળી વાગી હતી. જ્યારે રશિયન સૈનિકોએ બુચામાં તેના પરિવારની કાર ઉપર ગોળીબાર કર્યો હતો. કારણ કે તેઓએ કિવની હદમાં હોસ્ટોમેલથી બચવાનો પ્રયાસ કર્યો હતો. તેના સાવકા પિતાની હત્યા કરવામાં આવી હતી. શાશા અને તેની માતા, યુલિયા ફિલિપચુક, બે દિવસ માટે ભોંયરામાં સંતાઈ ગયા હતા. પરંતુ જ્યારે શાશાના હાથમાં ગેંગરીન થયો અને તે બેભાન થવા લાગી, ત્યારે યુલિયાએ તેની પુત્રીને આ વિસ્તારમાંથી નજીકની હોસ્પિટલમાં લઈ જવા માટે મદદ કરી હતી.

# ઓન્ટેરિયો વિસ્તારમાં હવે સંઘર્ષ ટાળવા ટો ટ્રકની તાતી જરૂરિયાત

### ટો ટ્રક ડ્રાઈવરોને સંચાલન કરવા માટે પ્રાંતીય પ્રમાણપત્રની જરૂર પડશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો સરકારનું કહેવું છે કે, તે કેનેડાના પ્રાંતોમાં પ્રથમ તરીકે ઓળખાતી નવી સર્ટિફિકેશન આવશ્યકતા સાથે છેતરપિંડી કરનારા ટો ટ્રક ડ્રાઈવરો સામે કાર્યવાહી કરી રહી છે. જૂથોએ નબળા પેચવર્ક નિયમન અંગે ચિંતા વ્યક્ત કર્યા પછી પ્રાંતે 2021માં કાયદો પસાર કર્યો હતો અને સંગઠિત ગુનાએ ઉદ્યોગના ભાગોમાં ઘૂસણખોરી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. વાહનવ્યવહાર મંત્રી પ્રબમીત સરકારિયા કહે છે કે, મોટાભાગની ટો ટ્રક કંપનીઓ સદભાવનાથી કામ કરે છે, પરંતુ કેટલાક ખરાબ કર્મચારીઓએ લાંબા સમયથી નબળા ડ્રાઈવરોનો શિકાર કર્યો છે. 2021 કાયદો અમલમાં આવ્યો, ત્યારથી ટો ટ્રક કંપનીના સંચાલકોએ જાન્યુઆરીથી પ્રાંત સાથે પ્રમાણિત હોવું જરૂરી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં ટોરોન્ટો પોલીસે ટો ટ્રક ટાસ્ક ફોર્સ શરૂ કરી હતી. મંત્રીએ ઉદ્યોગના નાના વર્ગ સાથે સંકળાયેલી ગુનાહિત પ્રવૃત્તિમાં તાજેતરનો વધારો જોયો છે.

## મંદિરને મણિની જેમ રોશનીથી શણગાર કરાયો

# ટોરોન્ટોના સ્વામિનારાયણ મંદિરે દશાબ્દી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



**ટોરોન્ટો :** શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો કેનેડાનો દશાબ્દી મહોત્સવ આનંદ ઉલ્લાસપૂર્વક ધામધૂમથી સંપન્ન થયો હતો. ભગવાન સ્વામિનારાયણ, અબજીબાપા અને મુક્તજીવન સ્વામીબાપાની બિરાજમાન મુર્તિઓને 10 વર્ષ થતા ત્રિદિવસિય દશાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિય દાસજી મહારાજની નિશ્રામાં રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ, સ્વામિનારાયણ ગાદી ગ્રંથ, અબજીબાપાની વાતોના સમૂહ પારાયણો, મહાપૂજા, રાસોત્સવ, ભવ્ય નગરયાત્રા, પૂજનઅર્ચન, અન્નકૂટ દર્શન, આરતી અને સ્વામી મહારાજના આર્શીવાદ વિગેરે આધ્યાત્મિક સભર કાર્યક્રમો યોજાયા હતા. મણીનગર ધામના આ કેનેડા સ્થિત મંદિરને અંદર-બહારથી મણિની જેમ ચમકતી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય સ્વામી મહારાજે કહ્યું કે, ભગવાનમાં અનન્ય નિષ્ઠા રાખી મનુષ્ય જીવનને સાર્થક કરવું જોઈએ, તો જ જીવનમાં શાશ્વત શાંતિ, અવિચળ સુખની પ્રાપ્તિ થાય છે. આ પ્રસંગે ગેરી આનંદસાગર (MP અને ફેડરલ કેબિનેટ મિનિસ્ટર), જેનિફર મોક કેલવી (ડેપ્યુટી મેયર), માઈકલ કોટીચું - MP, વિજય થાણી ગુસલ (મેમ્બર ઓફ પ્રોવીસીનલ પાલમિન્ટ), ઝાકીર પટેલ (ટીડીએસબી, ટ્રસ્ટી), મજીદબાબા (લોયર) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં સહયોગ આપનારા તમામનો મંદિર કમિટી તરફથી પ્રેસીડેન્ટ હરેશ પટેલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**વચનામૃતનું પઠન કરાયુ, પારાયણ, મહાપૂજા, રાસોત્સવ, નગરયાત્રા, અન્નકૂટ દર્શન તથા આરતી જેવા કાર્યક્રમો યોજાયા**

# ટોરોન્ટોથી આઈલેન્ડ જતા પ્રવાસીઓની સુવિધા વધારવા બે નવા જહાજ ખરીદાશે

### બોટની કિંમત વધીને $ 92 મિલિયન થઈ ગઈ, સમિતિએ ખર્ચને મંજૂરી આપી

**ટોરોન્ટો**

સિટી હોલ ખાતેની મુખ્ય સમિતિએ ટોરોન્ટો આઈલેન્ડને સેવા આપવા માટે બે નવી ફેરી ખરીદવાની મંજૂરી આપી છે અને સ્ટાફે પુષ્ટિ કરી છે કે, બોટની કિંમત વધીને $ 92 મિલિયન થઈ ગઈ છે. સામાન્ય સરકારી સમિતિના કાઉન્સિલરોએ મંગળવારે મળેલી બેઠકમાં સર્વાનુમતે બે નવા જહાજો બનાવવા માટે ટેન્ડર મંજૂર કર્યા હતા. આ બોટ જૂની ફેરીને બદલશે જે હાલમાં ટાપુ પાર્કના 1.4 મિલિયન વાર્ષિક મુલાકાતીઓને સેવા આપે છે.

સ્ટાફે સમિતિને જણાવ્યું હતું કે, જ્યારે 2020માં શહેરના બજેટમાં પ્રોજેક્ટ પ્રથમ વખત શરૂ થયો, ત્યારે ફેરી પર કરદાતાઓને $ 25 મિલિયનનો ખર્ચ થવાનો અંદાજ હતો. કાઉન્ટ. પૌલા ફ્લેચરે જણાવ્યું હતું કે, શહેરને કરારની નજીકથી દેખરેખ રાખવાની જરૂર છે. જેથી કરીને તે વધુ ન વધે. જો સિટી કાઉન્સિલ આ મહિનાના અંતમાં ટેન્ડર એવોર્ડની અંતિમ મંજૂરી આપે તો ડેમેન શિપયાર્ડ્સ ગલાટી રોમાનિયામાં ફેરીનું નિર્માણ કરશે. ટોરોન્ટોના ફેરી ફ્લીટમાં 2,400 મુસાફરોની કુલ ક્ષમતા સાથે ચાર જહાજો અને એક ઐતિહાસિક જહાજનો સમાવેશ થાય છે. પરંતુ શહેરીજનોનું કહેવું છે કે ફેરી 61થી 114 વર્ષની વચ્ચેની છે અને સરેરાશ ઉદ્યોગના જીવનકાળથી આગળ છે. નવા જહાજો 2026ના અંતમાં અથવા તો 2027ની શરૂઆતમાં પહોંચાડવામાં આવશે.

# વિશ્વમાં સૌથી સારા રહેવાલાયક સ્થળોમાં કેલગિરી અને વાનકુંવર સિટીનો સમાવેશ

### ઇકોનોમિક ઇન્ટેલિજન્સ યુનિટનો અહેવાલ, યાદીમાં વિયેના અને કોપનહેગન મોખરે

**વાનકુંવર**

ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)એ વિશ્વના સૌથી વધુ રહેવા યોગ્ય શહેરોનો તેમનો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે. જેમાં બે કેનેડિયન શહેરો મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યા છે. દર વર્ષે EIU વૈશ્વિક જીવનશૈલી રેન્કિંગ બનાવવા માટે સ્થિરતા, આરોગ્યસંભાળ, સંસ્કૃતિ અને પર્યાવરણ, શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના પરિબળોના આધારે શહેરોનું વાર્ષિક મૂલ્યાંકન અને રેન્કિંગ કરે છે. 2024માં કેલગિરી જે



અગાઉ સાતમું રેન્કિંગ ધરાવતું હતું, તે પાંચમા સ્થાને ખસી ગયું છે. આ સાથે જ જિનીવા સાથે ટાઈ થઈ છે. જયારે વાનકુવર કે જે 2023માં પાંચમા સ્થાને હતું તે હવે વૈશ્વિક રેન્કિંગમાં સાતમા સ્થાને પહોંચ્યું છે. આ સાથે જ 2023માં નવમા સ્થાને આવ્યા બાદ ત્રણ વર્ષમાં પ્રથમ વખત ટોરોન્ટો વૈશ્વિક ટોચના 10 શહેરોની યાદીમાંથી બહાર નીકળી ગયું છે. આ વખતે ટોરોન્ટોને રેન્કીંગમાં 10મો ક્રમ આપવામાં આવ્યો છે. આ વર્ષે વિયેના અને કોપનહેગન અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને રહ્યા છે.

2024ના ટોચના 10માંના મહત્તમ શહેરો 2023ના ટોચના 10માં હતા. EIU લિવબિલિટી ઈન્ડેક્સ પાંચ જુદા જુદા માપદંડો પર અનુમાનિત છે,

# કેલિફોર્નિયાના જંગલમાં ભીષણ આગ, હજારો લોકોનું રેસ્ક્યૂ

**કેલિફોર્નિયા**

ઉત્તરી કેલિફોર્નિયાના જંગલમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આ આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે તેને ઓલવવું મુશ્કેલ બની ગયું હતું. જંગલની વધતી આગને લીધે વહીવટી તંત્ર હેલિકોપ્ટરથી પાણી છાંટી રહ્યા છે. જો કે આમછતાં આગ પર કાબૂ નથી થઈ રહ્યો. આ અગાઉ પણ કેલિફોર્નિયામાં ઘણીવાર આગ લાગવાની ઘટના બની ચુકી છે.



જંગલમાં સતત વિકરાળ બની રહેલી આગ હવે લોકોનાં ઘર સુધી પહોંચી રહી છે. આસપાસ રહેતા લોકોને બચાવવા ફાયર બ્રિગેડની ટીમ માર્ગો પર તૈનાત છે. આગને લીધે 26 હજાર લોકોને સ્થળાંતર થવા મજબૂર થવું પડયું હતું. શહેરની સ્થિતિ એવી સર્જાઈ છે કે તે ગરમીને લીધે તપવા લાગ્યું છે.

થોમ્પસનની આગનો પ્રારંભ સૈક્રામેંટોથી આશરે 110 કિલોમીટર ઉત્તરમાં બટ કાઉન્ટીના ઓરોવિલે શહેરની પાસેથી થયો હતો. આને લીધે ધૂમાડાનો વિશાળ ગોટો ઉઠયો જેને દૂરથી પણ જોઈ શકાતો હતો. કારણ કે તે 14 વર્ગ કિલોમીટરથી વધુ સુધી ફેલાઈ ગયો હતો.

જો કે, આગ દક્ષિણ કાંઠે કાબુમાં આવી હતી અને ઢોળાવ પર કામ કરતા અગ્નિશામકો ઉત્તર કિનારે નિયંત્રણ રેખાઓ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. દરમિયાન, બુધવારે બપોરે ઓરોવિલેની દક્ષિણે લગભગ 5 માઈલ (8 કિલોમીટર) દૂર બીજી આગ ફાટી નીકળી હતી, જેનાથી પાલેર્મો શહેર નજીક નવા સ્થળાંતર કરવામાં આવ્યા હતા. ગ્રબ્સ ફાયર નામની તે આગ પણ કાબૂમાં આવી શકી ન હતી.

આ દરમિયાન બુધવારે બપોરે ઓરોવિલેથી આશરે આઠ કિલોમીટર દક્ષિણમાં એક વધુ આગ લાગી છે. જેમાં પાલેર્મો શહેરની પાસે નવા લોકોને કાઢવાની જરૂર પડી છે.

# ઓસ્ટ્રેલિયાએ ભારતીય વિદ્યાર્થીઓની સ્ટુડન્ટ વિઝા ફીમાં કર્યો તોતિંગ વધારો

**સિડની**

ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપ્યો છે. સરકારે સ્ટુડન્ટ વિઝા ફી વધારીને બમણી કરતા વધુ કરી દીધી છે. આ વ્યવસ્થા એક જુલાઈથી લાગુ પણ થઈ ગઈ છે.




ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝની સરકારે આ પગલું તાજેતરમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા ધરખમ વધારા બાદ ભર્યું છે. હવે તેની સૌથી વધુ અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે, કારણ કે, ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બીજા નંબર પર છે. સરકારી આંકડા પ્રમાણે વર્ષ 2022માં ઓસ્ટ્રેલિયન સંસ્થાઓમાં એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2023ના સમયગાળામાં આ સંખ્યા 1.22 લાખ હતી. હવે તેમને ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવા માટે વધુ પૈસા ખર્ચ કરવા પડશે.

# શિકાગોમાં અબજ ડોલરની છેતરપિંડી કરનાર ગુજરાતી સહિત બે ભારતીયોને જેલની સજા

**શિકાગો**

શિકાગો સ્થિત હેલ્થ ટેકનોલોજી સ્ટાર્ટ-અપના ભારતીય મૂળના બે ભૂતપૂર્વ એક્ઝેક્યુટીવ્સને મોટા પાયાની છેતરપિંડી યોજનામાં તેમની ભૂમિકા બદલ સજા ફટકારવામાં આવી હતી.




આઉટકમ હેલ્થના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ સીઈઓ ૩૮ વર્ષીય રિશી શાહ તેમજ ૩૮ વર્ષીય સહ-સ્થાપક અને ભૂતપૂર્વ પ્રમુખ શ્રદ્ધા અગ્રવાલ કંપનીના અસીલો, ધિરાણદારો અને રોકાણકારો સાથે આશરે એક અબજ ડોલરની છેતરપિંડીમાં સામેલ હતા. તેમની સાથે ૩૫ વર્ષીય ભૂતપૂર્વ સીઓઓ અને સીએફઓ બ્રેડ પર્ડીને પણ દોષી ઠરાવાયા હતા.

૨૦૦૬માં સ્થપાયેલી અને અગાઉ કોન્ટેક્સ્ટ મીડિયા તરીકે ઓળખાતી આઉટકમ હેલ્થ સમગ્ર અમેરિકામાં ખાસ કરીને ફાર્મા કંપનીઓ માટે ડોક્ટરોની ઓફિસોમાં જાહેરાતોના પ્રદર્શન માટે ટેલીવીઝન સ્ક્રીન અને ટેબ્લેટ બેસાડવાનું કામ કરતી હતી. શાહ, અગરવાલ અને પર્ડીએ તેમની માલિકીની ન હોય તેવી જાહેરાતોનું વેચાણ કર્યું હતું, તેમના કરારોનું ઓછું પાલન કરવા છતાં તેમના અસીલોને પૂરુ કામ કર્યું હોય તેવા બીલ આપ્યા હતા. અસીલો અને રોકાણકારોને છેતરવા તેમણે ઓછા કામને છુપાવીને આંકડાઓ વધુ દર્શાવ્યા હતા.

# USમાં 70 લાખ સ્કોલરશિપ માટે પિતાનું મોત થયાનું કહેનારા ભારતીય યુવકનો દેશનિકાલ

**વોશિંગ્ટન**

તાજેતરમાં જ અમેરિકન યુનિવર્સિટીમાં છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વળી, આ કાંડ 19 વર્ષીય ભારતીય વિદ્યાર્થી આર્યન આનંદે કર્યો હતો, જેના કારણે તેનું અમેરિકન ડ્રીમ ચકનાચુર થઈ ગયું છે.

ફિલ્મી લાગે એવા બનાવની વિગતો એવી છે કે, ભારતના એક વિદ્યાર્થી નામે આર્યન આનંદે અમેરિકાની પેન્સિલવેનિયામાં આવેલી લેહાઈ યુનિવર્સિટીમાં એડમિશન અને રૂ. 70 લાખની સ્કોલરશિપ મેળવવા તેના પિતાનું મૃત્યુ થઈ ગયું હોવાનું બનાવટી સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. આર્યનની યોજના કેટલી જડબેસલાક હતી એનો ખ્યાલ એ વાતે પણ આવે છે કે એણે એના પરિવારના ખોટી આવકના કાગળિયાં રજૂ કર્યા હતા તથા એના ભારત ખાતેની સ્કૂલના પ્રિન્સિપાલનું નકલી ઈમેઈલ એકાઉન્ટ બનાવીને એના પરથી પોતાની ભલામણના ખોટા પત્રો લેહાઈ યુનિવર્સિટીને મેઈલ કર્યા હતા. અમેરિકન યુનિવર્સિટીમાં એડમિશન લેવાની યોજનામાં સફળ થનાર આનંદે રેડિટ પર એક મોઘમ પોસ્ટ મૂકી હતી જેમાં એણે 'મેં મારી જિંદગી અને કરિયર જૂઠાણા પર બનાવી છે' એવી કબૂલાત કરી હતી. એને કદાચ એવો અતિઆત્મવિશ્વાસ હતો કે પોતાની ઓળખ છુપાવી હોવાથી એની પોલ ક્યારેય નહીં ફૂટે, પણ કહેવાય છે ને કે શેરને માથે સવાશેર હોય જ છે. એવું જ કંઈક આનંદના કિસ્સામાં પણ બન્યું.

ઘટના બાદ લેહાઈ યુનિવર્સિટીમાંથી એનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવ્યો છે. જોકે આ પ્રકારના ગુના 10 થી 20 વર્ષની જેલની સજા થતી હોય છે, પણ અમેરિકાએ એને દેશનિકાલની સજા કરીને સંતોષ માન્યો હતો.

# શિકાગોમાં ભારતીય ડોક્ટરની સિદ્ધિ જાગૃત અવસ્થામાં કિડની ટ્રાન્સપ્લાન્ટ

## દર્દીને બીજા જ દિવસે હોસ્પિટલમાં રજા આપી દેવાઇ

**શિકાગો**

શિકાગોમાં આવેલી નોર્થવેસ્ટર્ન મેડિસિન હોસ્પિટલમાં ભારતીય ડોકટર્સે દર્દીની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન સૌ પ્રથમવાર જાગ્રતાવસ્થામાં કર્યું હતું. ૨૮ વર્ષના દર્દી જ્હોન નિકોલસને બે કલાકની સર્જરી દરમ્યાન કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યા બાદ બીજે જ દિવસે હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. ભારતીય ડોક્ટર ડો. સતીશ નાડિગે જનરલ એનેસ્થેસિયા આપવાને બદલે દર્દીને કરોડરજ્જુમાં એનેસ્થેસિયાનું ઈન્જેકશન આપી દર્દીના શરીરનો કમરની નીચેનો હિસ્સો સંવેદનહીન બનાવી દીધો હતો. મે મહિનાની સર્જરી પાર પાડયા બાદ ગયા સોમવારે પત્રકાર પરિષદમાં આ નવી પદ્ધતિની ડોક્ટરે દર્દીની હાજરીમાં માહિતી આપી હતી. નોર્થ વેસ્ટર્ન મેડિસિન કોમ્પ્રિહેન્સિવ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ખાતે ભારતીય ટ્રાન્સપ્લાન્ટ સર્જયન ડો. સતીશ નાડિગ, ટ્રાન્સ પ્લાન્ટ સર્જયન ડો. વિનાયક રોહન અને એનેસ્થેસિયોલોજિસ્ટ ડો. વિન્સેટગાર્સિયા થોમસની દેખરેખ હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી પાર પાડવામાં આવી હતી.

# જાપાને વિશ્વમાં પહેલીવાર ૯.૯ અબજ મૂલ્યની હોલોગ્રામ ચલણી નોટો બહાર પાડી

**ટોક્યો**

ટોક્યોની નિહોનબાશિ સ્થિત બેંક ઓફ જાપાને ૨૦ વર્ષ પછી પહેલીવાર નવું ચલણ બહાર પાડયું છે. બેંક ઓફ જાપાનના ગર્વનર ઉએદા કાજુઓએ જણાવ્યું હતું કે બેંક પહેલા દિવસે ૧૬ ખર્વ યેન એટલે કે ૯.૯ અબજ ડોલર મૂલ્યની નવી નોટો બજારમાં બહાર પાડશે. કેન્દ્રી. બેંક દ્વારા નાણાકિય સંસ્થાનોને નવી નોટોના બંડલ સોપવામાં આવ્યા હતા. ૧૦૦૦૦ યેનના નવી નોટો પર એક વ્યવસાયી શિબુસાવા એઈઈચુનું ચિત્ર છે જેમને આધુનિક જાપાનની અર્થ વ્યવસ્થાના જનક માનવામાં આવે છે. તેમને જુદા જુદા ૫૦૦ જેટલા વ્યવસાયોની શરુઆત અને વિકાસ કર્યો હતો. ૫૦૦૦ યેનની નવી નોટો પર ત્સુદા ઉમેકોની તસ્વીર છે.

# વિશ્વમાં 15 કરોડ લોકો ભરપેટ ખાઇ શકે તેટલા ભોજનનો બગાડ થાય છે

## સંયુકત રાષ્ટ્ર ખાધ, કૃષિ સંગઠન અને ઓઇસીડીનો અહેવાલ

**લંડન**

ભોજનનો બગાડ કરવામાં ના આવે તો કરોડો લોકોનું પેટ ભરાઈ શકે છે એટલું જ નહી ઉત્સર્જનમાં પણ ૪ ટકાનો ઘટાડો આવશે. સંયુકત રાષ્ટ્ર ખાધ અને કૃષિ સંગઠન (એફએઓ) અને આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન(ઓઈસીડી)દ્વારા સંયુકત રીતે આ માહિતી બહાર પાડવામાં આવી છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ૨૦૩૩માં ખેતરમાંથી નિકળતા અનાજ ઉત્પાદનને છેક છેવાડાના ઉપભોગતા સુધી પહોંચાડવામાં આવે તો ગરીબદેશોના નાગરિકોની ફૂડમાંથી મળતી કેલરી ડબલ થઈ શકે છે. વૈશ્વિક સ્તરે જે ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન થાય છે જેમાં પાંચમો ભાગ કૃષિ માટે થતો જમીનનો ઉપયોગ જવાબદાર છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી વેડફાયેલા ભોજનમાં સૌથી વધુ હિસ્સો ફળ અને શાકભાજીનો હતો. ફળો અને શાકભાજીની શેલ્ફ લાઈફ ઓછી હોય છે. બગાડ થતા ભોજનમાં એક ચતુર્થાસ ભાગ અનાજનો છે.

# ઈઝરાયેલના સૈન્ય મથકો પર હિઝબુલ્લાહનો મોટો હુમલો, ૨૦૦થી વધુ રોકેટ છોડયા

**બેરૂત**

દુનિયા પહેલેથી જ બે યુદ્ધોથી ઝઝૂમી રહી છે, ત્યારે હવે વધુ એક સંઘર્ષના ભણકારા વાગી રહ્યા છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે તણાવ વધી રહ્યો છે. દરમિયાન લેબનીઝ સંગઠન હિઝબુલ્લાએ દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલના સૈન્ય મથકો પર ૨૦૦થી વધુ રોકેટ છોડયા છે. હિઝબુલ્લા દ્વારા ઈઝરાયેલ પર કરવામાં આવેલો અત્યાર સુધીનો આ સૌથી મોટો હુમલો છે. હિઝબુલ્લાહનું કહેવું છે કે તેણે તેના કમાન્ડરના મૃત્યુનો બદલો લીધો છે. એવી આશંકા છે કે બંને પક્ષો સંપૂર્ણ યુદ્ધની ઘોષણા કરી શકે છે. જો આમ થશે તો મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધવાનો ભય રહેશે. આને લઈને સમગ્ર વિશ્વમાં ચિંતા છે.


HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE
REAL ESTATE GROUP
CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
Free Staging
Free Professional Photography & virtual tour
Free Marketing, Flyers, Newspapers, Media Advertising
Free Comparative Market Analysis
Team of Professional for same price as hiring a single realtor
Over 15 years of combined experience
No Pressure
No Obligation
Just Answers to Your Questions... Its that Simple!
JUST LISTED
1910 Dalhousie Cres. Oshawa
$899,000
Perfect Single Family Home or Investment Property. Steps to UOIT / Durham College, Close to School, Park, Shopping and Much More. Very Spacious and Functional Layout Large living, Dining and Open Concept Kitchen on the main Floor. Finished Basement with two bedrooms. Fenced Yard. Large driveway.
JUST LISTED
8 Reed Cres. Ajax
$949,000
Bright & Spacious 3 Bedroom, 3 Washroom Detached Home In A Quiet Neighborhood. Close To All Amenities, Walkout Deck To The Backyard with an Unobstructed view of the Park and Public School, No neighbors backing on to the Home, Direct Entrance to Garage, Steps To The Go Station, Minutes Away To The Hwy 401, Kingston Rd. (Hwy 2), Shopping Centre And Public Transit.
JUST LISTED
43 Gamble Dr Ajax
$1,475,000
Welcome to this stunning 4+2-bedroom detached home located in the desirable neighborhood of Northeast Ajax. This lovely home offers a perfect blend of comfort and style, Enjoy separate living and dining areas along with a cozy family room with a fireplace, and a kitchen with breakfast that walks out to a beautiful large deck. Upstairs, the home features 4 spacious bedrooms, a master bedroom featuring his/her walk-in closets, with a 5-piece ensuite. The finished basement boasts a full in-law suite with a bedroom, a den, a modern three-piece washroom, and a kitchen, all of which is accessible through its own separate entrance. Outside, you'll find a double-car garage and a private backyard oasis perfect for relaxation and entertaining. Experience the ideal combination of comfort and style for all your family's needs.
You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


SHARP INTERNATIONAL
IMMIGRATION
SHARP
INTERNATIONAL
IMMIGRATION SERVICES
WWW.SIIS.CA
USA E-2 & EB-5 VISA
GET SETTLE IN USA THROUGH INVESTMENT FROM CANADA/INDIA
What is Eligibility?
What are the Requirments?
What is Process?
Get Everything you need to know
CONTACT TODAY TO KNOW MORE
AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us
: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869
: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466
: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911